# સુવર્ણ જયંતિની સોનેરી શબ્દયાત્રા






વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

**ઘનશ્યામ**

૧૦ જૂન, ૨૦૨૫

વર્ષ : ૫૦ ● અંક : ૦૬


Celebrating
50 Years of Spirituality









## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ






(૧-૪) ભાવનગર ઝોન સત્સંગ વિચરણ (૫-૮) કલોલ તથા કડી ખાતે અનુક્રમે પધરામણી તથા સત્સંગ સભામાં લાભ



# દિવ્યવાણી

**તા. ૨૪-૪-૨૦૨૫ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની સંકલ્પ સભામાંથી સંકલિત**

કારણ સત્સંગનો સાર એટલે રાજીપો. સત્સંગમાં આવનાર દરેક મુમુક્ષુ માટે મહારાજ અને મોટાપુરુષનો રાજીપો એ જ મૂલ્યવાન મૂડી છે. રાજીપો પ્રાપ્ત કરવો એ જ મુમુક્ષુ સંત-હરિભક્તનું નિશાન છે.

સત્સંગમાં આવી નિત્યપ્રત્યે આપણે એક પ્રાર્થના કરીએ છીએ, "હે દયાળુ ! આપ સદાય રાજી રહો એવું દિવ્યજીવન જીવવું છે. દયા કરો, દયા કરો, દયા કરો." આ માત્ર શબ્દો નથી. જીવન જીવવા માટેની દિશા છે, જીવનનું લક્ષ્ય છે. મુમુક્ષુ તરીકે આ શબ્દો આપણા જીવનનો ધ્યેય બની જવો જોઈએ.

જેમ સંસારના બે સેન્ટર પોઇન્ટ છે : સ્ત્રી અને દ્રવ્ય. સંસારી આ બે માટે જ મથે છે. આ બે જેને છૂટી જાય તે સંસારી મટી જાય. તેમ સત્સંગનો સેન્ટર પોઇન્ટ છે રાજીપો. જે સંત કે હરિભક્ત રાજીપા માટે જ મથ્યા કરે તે મુમુક્ષુ. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'જીવ-પ્રાણીમાત્રને ત્રણ પંખડાંનું જ ભજન ચાલે છે : સ્ત્રી, દ્રવ્ય ને દીકરો.' આ ત્રણનું ભજન ચાલે તેને કહેવાય સંસારી. આપણે સંસારી નથી; આપણે તો મહારાજના મુક્ત છીએ માટે આપણા જીવનનો સેન્ટર પોઇન્ટ એકમાત્ર રાજીપાને બનાવી દેવો.

મહાસમર્થ સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. ગોપાળાનંદ સ્વામી, દાદાખાચર, પર્વતભાઈ આદિ મહામુક્તોએ જે કંઈ આ બ્રહ્માંડમાં પધારીને કર્યું તે રાજીપારૂપી સેન્ટર પોઇન્ટને રાખીને કર્યું. આપણે પણ રાજીપાના ભોગે કશું જ નહિ કરવાનું. સેવા, ભક્તિ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ધ્યાન, ભજન વગેરે રાજીપામાં રહીને જ કરીએ. સંતોએ પણ સત્સંગના વિકાસનો વ્યવહાર કરવાનો, મંદિરો, હરિભક્તોની સંખ્યા વૃદ્ધિ કરવાની; કેવળ રાજીપા માટે જ.

આ માટે હું જે કાંઈ કરું છું એનાથી મહારાજ અને મોટાપુરુષ રાજી થશે ? આ પ્રશ્ન નિરંતર પુછાવો જોઈએ. કારણ કે રાજીપો સત્સંગનો પ્રાણ છે. આપણા જીવનમાંથી રાજીપાની ભૂખ અને કુરાજીપાનું દુઃખ ગયું તો આપણે સત્સંગમાં હાડપિંજર સમાન બની જઈશું. રાજીપો શ્વાસ અને કુરાજીપો ઉચ્છ્વાસ બની જવો જોઈએ.

સત્સંગમાં આવી જે કાંઈ સેવા-ભક્તિ કરીએ તે કેવળ

રાજીપા માટે કરીએ. તેની પાછળ માન-સન્માનની, પ્રશંસાની, કોઈને દેખાડવાની કે ઊપસવાની અપેક્ષા જન્મે તો એટલી સત્સંગમાં ભેળસેળ થઈ ગઈ કહેવાય. જેમ ૨૪ કૅરેટના સોનામાં તાંબા-પિત્તળની ભેળસેળ થાય તો તેના કૅરેટ ઘટતા જાય. પરિણામે તેની કિંમત ઘટતી જાય. તેમ રાજીપા સિવાયની અપેક્ષાથી કરેલા સત્સંગમાં ભેળસેળ ભળતાં સત્સંગના કૅરેટ ઘટતા જાય છે. એસ.એમ.વી.એસ.ના સમગ્ર સમાજ પાસે એવી અપેક્ષા છે કે, 'મહારાજ અને મોટાને રાજી કરી જ લેવા છે' આવો દૃઢ સંકલ્પ બનાવી દો. રાજીપાના લટ્ટુ બની જાવ.

કરોડોની સંપત્તિ કમાયા પણ રાજીપો કમાતા ન આવડ્યું તો એકડા વગરનાં મીંડાં છે. જેમ સેન્ટર પોઇન્ટ પર પરિકરને રાખી વર્તુળો દોરાય તેમ સેવા-ભક્તિ, ધંધો-વ્યવહાર બધું રાજીપારૂપી સેન્ટર પોઈન્ટ પર રહીને કરવાનું. બધું જ કરવાનું પરંતુ રાજીપાના ભોગે નહીં. રાજીપાના એવા ભૂખ્યા થઈએ કે કોઈને ગમે કે ન ગમે પણ મહારાજ અને મોટા રાજી ન હોય તે જીવનમાં નહિ જ કરવાનું. આને કહેવાય સિદ્ધાંતવાદીપણું.

મૂર્તિસુખ જ આપણા જીવનનો સેન્ટર પોઇન્ટ છે. પરંતુ મહારાજ અને મોટા રાજી થાય તો જ મૂર્તિનું સુખ આવે. જેની પાસે જે હોય તે જ આપે. આખો મૂર્તિનું સુખ પામવાનો માર્ગ કૃપાનો છે. મોટાપુરુષ રાજી થશે તો જ મૂર્તિનું સુખ આવશે.

એક ફ્રૂટની લારીવાળાનું દારિદ્ર ટાળવાનો ઉપાય દર્શાવતાં દીવાને કહ્યું, "કાલે રાજાનો જન્મદિન છે. ભેટમાં પપૈયું લઈને જા. રાજાને બહુ ભાવે છે. અને રાજા માગવાનું કહે તો રાજા, તમે રાજી થજો એટલું જ માગજે." દીવાનના કહ્યા મુજબ લારીવાળાભાઈએ કર્યું તો રાજાએ રાજી થઈ પાંચ ગામ ભેટ આપી દીધાં. આપણને પણ મોટાપુરુષરૂપી દીવાન ભગવાનરૂપી રાજાધિરાજને રીઝવવાનો શૉર્ટકટ બતાવે છે કે, "ભગવાન આગળ એક જ માગવું, તમે રાજી થજો." તો એ વગર માગે રાજીપાના બદલામાં મૂર્તિસુખ આપી દેશે.

એક દિવસ રાજબાઈ, મોટીબા, લાડુબા આદિ સાંખ્યયોગી બાઈઓએ સભામાં મહારાજને પ્રશ્ન પૂછ્યો કે, "મહારાજ, આપ જેની પર રાજી થાવ તેને તમારો થાળ આપી દો છો, ક્યારેક તમારું શેલું આપી દો છો, ક્યારેક તમારાં કુંડળ, પહોંચી, વીંટી, કડાં, મુગટ આપી દો છો પણ આપ જેની પર અતિ પ્રસન્ન થાવ તેને શું આપો છો ?" મહારાજે કહ્યું, "અમે જેની પર અતિ રાજી થઈએ તેને અમારી મૂર્તિ આપી દઈએ છીએ." એમ આપણે મહારાજ રાજી થાય એવું જ કરશું તો ઓટોમૅટિક મૂર્તિનું સુખ જ આપશે.

ગઢડા મધ્યના ૨૮મા વચનામૃતમાં શ્રીજીમહારાજે રાજીપાનું મૂલ્ય દર્શાવતાં કહ્યું છે કે, "સર્વ શાસ્ત્રનો પણ એ જ સાર છે જે, ભગવાનનો જેમ રાજીપો હોય તેમ જ કરવું અને જેમ ભગવાનનો રાજીપો હોય તેમ જે ન કરે તેને ભગવાનના માર્ગ થકી પડ્યો જાણવો અને જેને ભગવાનના ભક્તનો સંગ છે ને ભગવાનનો રાજીપો છે ને તે જો મર્ત્યલોકમાં છે તોપણ ભગવાનના ધામમાં જ છે." અર્થાત્ જેને ભગવાન અને ભગવાનના ભક્તને રાજી કરતા આવડ્યું એ મર્ત્યલોકમાં કહેતાં અવરભાવમાં હોવા છતાં ભગવાનના ધામમાં કહેતાં મૂર્તિના સુખમાં જ છે.

પૈસો, દ્રવ્ય, સંપત્તિ ભેગી કરવી તે કાર્યધ્યેય છે. જેના માટે જન્મ છે એવો રાજીપો જ આપણો જીવનધ્યેય છે. આ શબ્દો ઉપર એક અદ્ભુત કીર્તન છે.

"જે જે પામ્યા છે બહુ મોટપ, તેને એક જ રાજીપાનો ખપ."

'બહુ મોટપ' એટલે અનાદિમુક્તની સ્થિતિ. જેને એકમાત્ર રાજીપાનો જ ખપ, આગ્રહ હોય તે જ સ્થિતિ પામી શકે છે.

જેમ ભૂખ્યું બાળક રડતું રડતું તેની મા આગળ આવે તો મા તેને રમકડું આપી દે ને બાળક શાંત થઈ રમવા લાગે. વારંવાર મા આવું કરે પરંતુ જ્યારે બાળકને ખરેખરી ભૂખ લાગી હોય ત્યારે તે રમકડું ફેંકી દે !! ત્યારે તેની મા સમજે કે હવે આ ખરું ભૂખ્યું થયું છે. તેમ રાજીપાના માર્ગે ચાલીશું તેમ તેમ મહારાજ આપણને રાજી થઈ આ લોકની વસ્તુ, ગાડી, બંગલો, વિદ્યા, સંપત્તિ આદિ રમકડાંરૂપી સિદ્ધિઓ આપશે. પરંતુ એમાં લોભાય નહિ તે ખરો રાજીપાનો ખપ કહેવાય. એને જ મહારાજ ખરી મોટપ બક્ષે છે.

એક નિઃસંતાન રાજાએ રાજગાદીનો વારસો આપવા જાહેરનામું બહાર પાડ્યું કે, 'જેને રાજગાદી પર બેસવાની ઈચ્છા હોય તેવા યુવાનો આવતી કાલે રાજમહેલની બહાર ઊભા રહી જાય.' બધા યુવાનો બીજા દિવસે પહોંચી ગયા. રાજાએ ફરી ફરમાન કર્યું, "અહીંથી ૧૦ કિ.મી. દૂર મારો બીજો એક મહેલ છે. ત્યાં જે વહેલા પહોંચે તે ગાદીનો વારસદાર." રાજાએ રસ્તામાં કેટલાંય પ્રલોભનો મૂકેલાં. મફતમાં ખાણીપીણીના સ્ટૉલ, ક્રિકેટનું મોટું ગ્રાઉન્ડ, સિનેમાઘર, રૂપવાન સ્ત્રીઓનું નૃત્યગાન. આ બધા પ્રલોભનોમાંથી બાકાત રહી એક જ યુવાન રાજાના મહેલ આગળ પહોંચ્યા. જે રાજાના વારસદાર બની શક્યા. એને એક જ ઈશક હતો, મારે તો રાજગાદી જોઈએ છે. એ મળશે તો આ બધું મફતમાં રોજ મળવાનું જ છે. આમ, યુવાને રાજગાદીનું લક્ષ્ય રાખ્યું તો રાજગાદી મળી.

"રાજીપાથી પામ્યા મૂર્તિસુખ, ટળી ગયાં છે સરવે દુઃખ;
ઘણું દ્રવ્ય ને કીર્તિ કમાયા, માન મોટપે બહુ બહુ ફાવ્યા."

અનંતકોટિ બ્રહ્માંડોમાં સૌથી મોટું ધન રાજીપો છે. સાધુ થયા, સત્સંગી થયા, યુ.એસ. ડૉલર કમાતા થયા પરંતુ રાજીપો કમાતા ન આવડ્યું તો શું વળ્યું?

સરધારના રતા ભગત જે લોકદૃષ્ટિએ ગાંડા જેવા જણાતા હતા. મહારાજે તેમની આદર્શ શ્રવણની રીત જોઈ રાજી થઈ કંઈક માગવા કહ્યું. ત્યારે સંતો-ભક્તોએ રતાને કહ્યું, "રતા, બુદ્ધિ થોડી છે માટે બુદ્ધિ માગી લે. રતા, ગરીબ છે તો તું પૈસા માગી લે..." પરંતુ રતા ભગતની કેવી રીત! રતા ભગતે શું માગ્યું? મહારાજે શું આપ્યું?

"જુઓ રતા ગાંડાની એ રીત, કેવી કરી અમ સાથે પ્રીત,
રાજી રહેજો સદા મુજ પરે, એટલું જ માગું છું હે હરે;
સુણી રાજી બહુ અમે થયા, બાથે લઈ ભેટી બહુ પડ્યા."

આહાહા... કેવું માગ્યું??

"રાજી રહેજો સદા મુજ પરે, એટલું જ માગું છું હે હરે."

આ પંક્તિને નોટમાં મોટા અક્ષરે લખી દેજો. દિવસમાં દસ વખત ગાન કરજો. બે સભ્યો ભેગા મળો ત્યારે આ જ પંક્તિને વાગોળજો. સંતો, આ પંક્તિને સત્સંગમાં છેલ્લામાં છેલ્લી વ્યક્તિ સુધી પહોંચાડજો ને રાજીપામાં વર્તવાનો, રાજીપો માગવાનો સંદેશો આપજો. કારણ, તમે અમારા સંદેશાવાહક છો. આ પંક્તિને રિંગટોનમાં લઈ લેજો.

મહારાજ અને મોટાપુરુષના ચરણોમાં એ જ પ્રાર્થના કે, અમે અમારા જીવનમાં આ પંક્તિનું લક્ષ્યાર્થપણું કરી શકીએ એવી ખૂબ ખૂબ કૃપા વરસાવજો. બસ, અમારા જીવનનો ધ્યેય બની જાય કે,

"રાજી રહેજો સદા મુજ પરે, એટલું જ માગું છું હે હરે."


# GHANSHYAM

**10 June, 2025 • Year : 50 • Edition : 06**

# ઘનશ્યામ

**૧૦ જૂન, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૦૬**


## અનુક્રમણિકા...


**૦૩ દિવ્યવાણી**

**૦૬ સુવર્ણ જયંતિની સોનેરી શબ્દયાત્રા**

**૦૮ સામયિક પ્રારંભ : ઇતિહાસની યાદગાર ક્ષણો**

**૧૦ સામયિકના આદ્ય સ્થાપક : ગુરુદેવ પ.પૂ. બાપજી**

**૧૬ સામયિકની યાત્રામાં ગુરુજીનો સેવાયજ્ઞ**

**૨૧ સામયિકની શ્રેષ્ઠતા તથા ગુણવત્તા ઉજાસ**

**૨૨ ઘનશ્યામ સામયિકની પ્રભાવશાળી લેખશ્રેણીઓ**



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ


**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**


**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે,
ગાંધીનગર-૭ Visit : www.smvs.org | Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૪૮ + ૪ ટાઈટલ = ૫૨

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.




જે જે પામ્યા છે બહુ મોટપ, તેને એક જ રાજીપાનો ખપ.

# સુવર્ણ જયંતિની સોનેરી શબ્દયાત્રા

શબ્દ...

શબ્દ સર્વે અર્થનો સાર છે.

શબ્દ સર્વે જ્ઞાનનું મૂળ છે.

શબ્દ વિચારમાત્રનું દૃશ્યમાન સ્વરૂપ છે.

આ લોકમાં માહિતીના આદાનપ્રદાન માટે શબ્દ સૌથી અનિવાર્ય પાસું છે. તેમ છતાં જ્યારે પરભાવની વાત આવે છે ત્યારે શબ્દ ટૂંકા પડે છે. કારણ કે પરભાવી દુનિયા શબ્દાતીત છે. અવર્ણનીય, અનુપમેય છે. મન, વાણીથી પર અગમ ને અપાર છે. પરંતુ સર્વાવતારી પુરુષોત્તમનારાયણ જ્યારે અનંતાનંત જીવોને માયામાંથી કાઢી પોતાના કરે છે ત્યારે તેઓ પોતે અને તેમના મુક્તો અવરભાવમાં મનુષ્યને મનુષ્ય જેવા દેખાઈ તેમના પરભાવી જ્ઞાનને જીવો સુધી પહોંચાડવાની મહામૂલી સેવા શબ્દને જ આપે છે.

શબ્દ પ્રવર્તનના બે માધ્યમ છે : (૧) વાણી, (૨) લખાણ. બંનેની વિશિષ્ટતા અને મર્યાદા જુદી જુદી છે. બોલીને વપરાતા શબ્દો જે તે સમયે હાજર સભ્યોને જ સમાસ કરે અને એટલા પૂરતું જ સમાસ કરે. સમયના વહેણની સાથે બોલીને વપરાયેલ શબ્દો જો સંગૃહિત કરવામાં ન આવે તો વિસરાઈ જાય છે. જ્યારે લખીને વપરાતા શબ્દો ચિરંજીવી બની જાય છે. ઘણા કાળ સુધી મુમુક્ષુઓની પિપાસા છિપાવતા રહે છે.

આ જ હેતુથી પાંચેય મોટેરા નંદસંતોએ શ્રીહરિની પરાવાણીને ‘વચનામૃત’ નામે ગ્રંથસ્થ કરી લીધી. પરંતુ નવા આદરવાળા આશ્રિતજનોની પાત્રતાના અભાવે શ્રીહરિને સાહિત્ય રચનામાં કયાંક પરોક્ષાર્થ રાખવો પડ્યો. ત્યારબાદ સંવત

૧૯૭૫




૧૯૮૭





૨૦૦૦




૨૦૧૨



૨૦૨૫



૧૯૦૧માં પોતાના સંકલ્પમૂર્તિ અનાદિ મહામુક્તરાજ જીવનપ્રાણ બાપાશ્રી દ્વારા પ્રગટ થઈ આ કાર્યને વાસ્તવિક સ્વરૂપમાં વેગ આપ્યો. બાપાશ્રીનો સંકલ્પ પૂરો કરવા સદ્. ઈશ્વરબાપા, સદ્. વૃંદાવનબાપા અને સદ્. મુનિબાપા આ ત્રણેય સદ્ગુરુઓએ પોતાનો આખોય અવરભાવ હોમી દીધો. આ જ હેતુથી સદ્. ઈશ્વરબાપાએ ૧૮-૧૮ વર્ષ સુધી કષ્ટો વેઠી જીવનપ્રાણ બાપાશ્રી દ્વારા વહેતી પરભાવી જ્ઞાનગંગાને ‘વચનામૃત રહસ્યાર્થ’ અને ‘બાપાશ્રીની વાતો’માં સંકલિત કરી લીધી. બાપાશ્રીના સમયમાં કારણ સત્સંગનું પ્રગટીકરણ થયું. સદ્ગુરુઓના દાખડાથી જૂજ સમાજ સુધી પ્રવર્તન પણ થયું. પરંતુ જ્ઞાનને નામશેષ કરવાના હેતુથી વિરોધોના અનેક વંટોળો ફૂંકાયા. પરંતુ સમર્થ શ્રીહરિ અને બાપાશ્રી પોતાનો સંકલ્પ ભૂંસાવા કેમ દે !

પોતાના કારણ સત્સંગના વિશ્વવ્યાપી સંકલ્પના પ્રવર્તન માટે જ સ્વયં શ્રીહરિએ બાપાશ્રી દ્વારા ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્યના આશીર્વાદ આપ્યા. ત્યારબાદ જીવનપ્રાણ બાપાશ્રીના જ સંકલ્પાશિષથી પ્રગટ થયેલ ક્રાંતિકારી સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીએ એકલપંડે કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાની જહેમત ઉઠાવી.

આ દિવ્યપુરુષે પ્રગટ થઈ સંપ્રદાયની વર્ષો પુરાણી ચાલી આવતી અસ્પષ્ટ, અધૂરી ગેરસમજણોને દૂર કરી. એટલું જ નહિ, બાપાશ્રી દ્વારા અપાયેલ કારણ સત્સંગના જ્ઞાનને પણ વધુ ને વધુ સ્પષ્ટ-સરળ કરી અનંતાનંત જીવો સુધી પહોંચાડવાની અનેરી ક્રાંતિ આણી.

આ ક્રાંતિના કષ્ટોની કતારમાં કારણ સત્સંગના પ્રવર્તન માટે દિવ્યપુરુષે ઉગામેલા અનેક શસ્ત્રોમાંનું એક શસ્ત્ર એટલે ‘ઘનશ્યામ સામયિક’. શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘પોતાના સંપ્રદાયની પુષ્ટિ પોતાનાં શાસ્ત્રો થકી થાય છે.’ એ ન્યાયે ગુરુદેવ પ.પૂ. બાપજીએ બાપાશ્રીએ સમજાવેલા શ્રીજી સંમત સિદ્ધાંતોને વિશ્વના ફલક ઉપર પ્રવર્તાવી જન જન સુધી પહોંચાડવા, સર્વોપરી ઉપાસના અને અનાદિની સ્થિતિના માર્ગે સુષુપ્ત બનેલા અનેક ચૈતન્યોને જાગ્રત કરવા આજથી ૫૦ વર્ષ પૂર્વે ઈ.સ. ૧૯૭૬માં કારણ સત્સંગના સર્વોપરી સિદ્ધાંતોસભર ‘ઘનશ્યામ’ સામયિકનો પ્રારંભ કર્યો હતો. આ સામયિક ક્યારે, ક્યાં અને કેવી રીતે પ્રગટ થયું ? કારણ સત્સંગની ક્રાંતિમાં સમયે સમયે આ સામયિકે શું ભાગ ભજવ્યો ? અને આ સામયિકના પાયામાં કઈ ઈંટોનો કેટલો ભોગ છે ? તેની ૫૦ વર્ષની સોનેરી શબ્દયાત્રા આ વિશેષાંક દ્વારા માણીશું.



# સામયિક પ્રારંભ : ઈતિહાસની યાદગાર ક્ષણો

કારણ સત્સંગના પ્રવર્તન કાજે ઘનશ્યામનગર સોસાયટીમાં મંદિર માટે ૧૫૦૦ વાર જગ્યા લેવાઈ. ગુરુદેવે એકલપંડે અનેક કષ્ટો વેઠી મંદિરનું બાંધકામ કાર્ય પૂર્ણ કર્યું. સત્સંગનો વ્યાપ જળાશયમાં સર્જાતા વર્તુળના પરિઘની જેમ દિન-પ્રતિદિન વિસ્તૃત થતો ગયો. ગુરુદેવ પ.પૂ. બાપજીએ કારણ સત્સંગનાં બી તો વાવેલાં પણ હવે તેને પાણી અને ખાતર આપવા વધુ પ્રબળ પુરુષાર્થ શરૂ કર્યો. અને તેને સાકાર સ્વરૂપ આપવાનો સંકલ્પ કર્યો.

ઈ.સ. ૧૯૭૫ના નવેમ્બર માસમાં એક વખત સાગરદાનભાઈ, જ્યોતિન્દ્રભાઈ આદેશરા તથા મનસુખભાઈ (પૂ. ભક્તસ્વામી) આદિ હેતવાળા હરિભક્તો ગુરુદેવ પ.પૂ. બાપજી સાથે મોટા મંદિરની ઓરડીમાં બેઠા હતા. આ હરિભક્તોએ ગુરુદેવ પ.પૂ. બાપજીને વાત કરી કે, ‘‘દયાળુ, આપની અમૃતવાણીનો લાભ અમને સૌને તો મળે જ છે પરંતુ જે હેતવાળા હરિભક્તો દૂર રહેતા હોય, ગામડે રહેતા હોય કે દેશ-પરદેશ રહેતા હોય તેમને આવો લાભ મળતો નથી. માટે તેમના સુધી આવી મહારાજના સ્વરૂપની ઓળખાણ સંબંધી અને મહારાજની મૂર્તિમાં જોડાવા સંબંધી વાતો પહોંચે તે માટે કંઈક માસિક અંક કરીએ તો ઘણું સારું.’’

ગુરુદેવ પ.પૂ. બાપજી પણ દર મહિને માસિક સામયિક બહાર પડે અને ઉત્તમ સત્સંગ પ્રચાર થાય તેમ ઈચ્છતા જ હતા. આથી ગુરુદેવે કહ્યું કે, ‘‘અમને પણ આ સંકલ્પ ઘણા સમયથી રહ્યા કરે છે. સામયિક પ્રકાશિત કરવા માટે શું કરવું પડે તેની તપાસ કરો.’’ સાગરદાનભાઈ આદિ હરિભક્તોએ સંકલ્પને અધ્ધરથી ઝીલી લીધો.

ઈ.સ. ૧૯૭૬માં મહાપ્રભુના સંકલ્પાનુસાર ‘શ્રી ઘનશ્યામનગર સત્સંગ યુવક મંડળ’નું ટ્રસ્ટ રચાયું. ૨૬ જાન્યુઆરી, ૧૯૭૬ના રોજ ‘મૂર્તિ’ નામની નાનકડી પત્રિકાનું સંસ્થા દ્વારા સૌપ્રથમ પ્રકાશન કરવામાં આવ્યું. કારણ સત્સંગના પ્રથમ કિરણ સમા સાહિત્યનું પ્રકાશન થતાં મુમુક્ષુઓનાં હૈયાં થનગની ઊઠ્યાં. ગુરુદેવના હૈયે પણ ખૂબ આનંદ હતો.

‘મૂર્તિ’ પત્રિકામાં શું હતું ? તો, ‘મૂર્તિ’ પત્રિકા હતી થોડા પેજની પણ ગાગરમાં સાગર સમાન !

પ્રથમ ‘મૂર્તિ’ પત્રિકામાં આવેલ – ‘મૈં પ્રીતમ કે માંહી, પિયા મોરે ભીતર હૈ’, ‘અભયવેલ’, ‘માનસીપૂજા’, ‘પરબ્રહ્મની પરબ’ આદિ સર્વોપરી ઉપાસના અને અનાદિની સ્થિતિની પુષ્ટિ કરતા લેખો વાંચક વર્ગના માનસમાં અધ્યાત્મની ઊંડી છાપ પાડી ગયા હતા.

‘મૂર્તિ’ પત્રિકાની પ્રથમ છપાવેલી આવૃત્તિ માત્ર ૪૦ નંગ હતી. પરંતુ બે-ત્રણ મહિનામાં જ તેના સોથી દોઢસો જેટલા ગ્રાહકો થઈ ગયા. ગુરુદેવે શહેરી વિસ્તારમાં નરેન્દ્રભાઈ ત્રિવેદી અને બાપુનગર વિસ્તારમાં પ્રાણભાઈ પી. પટેલને ઘેર ઘેર જઈ ‘મૂર્તિ’ પત્રિકા પહોંચાડવાની અને લવાજમ ઉઘરાવવાની સેવા સોંપેલી. ધીમે ધીમે ગ્રાહકોની સંખ્યા વધતાં હોમ ટુ હોમ પત્રિકા પહોંચાડવાનું કાર્ય અઘરું બનતાં પોસ્ટિંગનો વિચાર કર્યો. પોસ્ટ ખાતામાં તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે પોસ્ટિંગ માટે સામયિકને રજિસ્ટર કરાવવું પડે. ત્યારબાદ સાગરદાનભાઈ અને મનસુખભાઈએ (પૂ. ભક્તવત્સલસ્વામી પૂર્વાશ્રમમાં) મળી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી. પોસ્ટના રજિસ્ટ્રેશન માટે સામયિકનું ફાઈનલ નામ ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપતાં જણાવ્યું હતું કે, ‘‘આ સામયિક ઘનશ્યામનગર મંદિરેથી પ્રકાશિત થાય છે. ઘનશ્યામ મહાપ્રભુમાં જોડે છે અને ઘનશ્યામનગર યુવક મંડળનું મુખપત્ર હોઈ તેનું નામ ‘ઘનશ્યામ’ રાખો.’’ સર્વેએ આ નામને વધાવી લીધું. પાંચ-છ મહિના બાદ આ ‘મૂર્તિ પત્રિકા’ પ્રકાશન પામ્યા બાદ તેને એક નવો ઉઠાવ આપવામાં આવ્યો. તા. ૧ જુલાઈ, ૧૯૭૬થી ‘ઘનશ્યામ સામયિક’નો મંગલ પ્રારંભ થયો.

ગુરુદેવ પ.પૂ. બાપજીની આગવી દેખરેખ નીચે લખાતા કારણ સત્સંગના ઉચ્ચ જ્ઞાનસભર લેખો તથા નવીન, રસપ્રદ, જીવનલક્ષી લેખોનો રસથાળ સૌની આધ્યાત્મિક ભૂખ પોષતો, જીવનને સાચો વળાંક આપતો.

વાર્ષિક ૫ રૂપિયાના લવાજમથી માત્ર ૨૫૦ જેટલા ગ્રાહકોની અલ્પ સંખ્યાથી પ્રારંભ થયેલા ‘ઘનશ્યામ’ સામયિક અંગે ત્યારે કોને ખ્યાલ હતો કે આ સામયિક સ્વામિનારાયણ સંપ્રદાયનું તેમજ કારણ સત્સંગના સિદ્ધાંતની પુષ્ટિ કરતું ઉત્તમ અને સર્વશ્રેષ્ઠ સામયિક બનશે. અત્રે સામયિક પ્રારંભના ઈતિહાસની યાદગાર સ્મૃતિઓનું આચમન કર્યું. હવે, આગામી લેખમાં ગુરુદેવના જીવનદિપ્ત દાખલા સામયિકને આલોકિત (ઉજ્જવલિત) કરે છે.



# સામયિકના

આદ્ય સ્થાપક : ગુરુદેવ પ.પૂ. બાપજી

આ લેખમાં આભે આંબતી ઈમારતોની ઊંચાઈની વાત નહિ બલ્કે એ ઈમારત જેના પર ઊભી છે તે પાતાળે પહોંચેલા પાયાનું ગૌરવગાન છે. ઘનશ્યામ સામયિક આજે જે છે તે નહિ પણ જેમને કારણે છે એવા સિદ્ધાંતવાદી સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીની સંઘર્ષયાત્રાનું આલેખન છે.

"તારી ધાક સુણી કોઈ ન આવે, તું એકલો જાને."

એ ન્યાયે ગુરુદેવ પ.પૂ. બાપજીએ એકલપંડે કારણ સત્સંગના પ્રચાર-પ્રસારના હેતુથી ઘનશ્યામ સામયિકનો પ્રારંભ કર્યો. ઘનશ્યામ સામયિક શરૂ કરવા પૂર્વે પ્રથમ જરૂરિયાત એ ઊભી થાય કે લેખનકાર્ય કોણ કરશે ? ગુરુદેવ પ.પૂ. બાપજી પાસે એ વખતે નહોતો કોઈ લેખનકળામાં પારંગત એવો સંતો કે હરિભક્તોનો સમૂહ.

હા, ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનમાં સ્વામિનારાયણ સંપ્રદાયના ઈષ્ટગ્રંથ વચનામૃત અને શિક્ષાપત્રી આદિકનું લક્ષ્યાર્થપણું હતું. તેથી તેઓ શ્રેષ્ઠ ભાવકની સાથે શ્રેષ્ઠ સર્જક પણ હતા. તેમની આ સર્જકીય ભૂમિકાએ અણઘડ લેખકોને તૈયાર કર્યા. આ અંગે શ્રી કીર્તિભાઈ ભાવસાર પોતાનો સ્વાનુભવ રજૂ કરતાં કહે છે કે,

૨૬ જાન્યુઆરી, ૧૯૭૬માં 'મૂર્તિ પત્રિકા'નો પ્રારંભ થયેલો. એ સમયે આ સેવકની આર્થિક પરિસ્થિતિ ઠીક ઠીક હતી. હું સામાન્ય દરજીકામ કરતો હતો. ઈ.સ. ૧૯૭૭ની સાલમાં એક દિવસ ગુરુદેવનાં દર્શને ગયો ત્યારે મંદ હાસ્ય રેલાવતાં ગુરુદેવે મને નજીક બોલાવી આજ્ઞા કરી, "કીર્તિ, તારે એક લેખ લખવાનો છે. લખીશ ?" કાતર પકડનારા મેં જિંદગીમાં ક્યારેય આવા કોઈ લખાણ લખવા માટે પેન ઉપાડેલી નહીં. આથી પહેલાં તો હા પાડતાં ખચકાયો. પરંતુ ગુરુદેવની આજ્ઞા છે તો ના કેમ પડાય ? એ વિચારે નતમસ્તકે પ્રેમથી આજ્ઞાને ઝીલી લીધી. અંદર ભય હતો કે, 'આવું લખાણકાર્ય મારાથી કેમ પૂરું થશે ?' પરંતુ ગુરુદેવે ધબ્બો મારી, "કીર્તિ, ચિંતા ન કરીશ. મહારાજને કર્તા કરી લખજે. તારે ક્યાં લખવું છે ?" કહી લેખ લખવા અંગેનું માર્ગદર્શન આપી ઘેર મોકલ્યો. જ્યારે લેખ લખવા બેઠો ત્યારે મહારાજને પ્રાર્થના કરી કે આપ જ લખો. તે પેન ઊપડી ને છેક લેખ પૂરો થયો ત્યારે ઊભી રહી. ગુરુદેવ પાસે જઈ લેખ બતાવ્યો. લેખ જોઈ તેઓ ખૂબ રાજી થયા. ગુરુદેવે ઘડતર કરી સેવક પાસે જે લેખ લખાવેલો તેનું નામ હતું, 'વર્તન એ જ સમજણની પારાશીશી.'

આવી રીતે નરેન્દ્રભાઈ ત્રિવેદી, જ્યોતિન્દ્રભાઈ આદેશરા, સાગરદાનભાઈ સ્વામિનારાયણ, પ્રદ્યુમ્નસિંહ સોની, લલિતભાઈ ગુસાણી, દિલીપભાઈ શાહ, નરેન્દ્રભાઈ કે. બશેરી, અંબાલાલભાઈ પટેલ, નરેન્દ્રભાઈ સહજાનંદી, ધર્મકુમાર પંડ્યા આદિ ઘણા હરિભક્તોએ ગુરુદેવના નેતૃત્વ હેઠળ લેખનકળાની વિદ્યા પ્રાપ્ત કરી હતી.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી (પૂર્વાશ્રમમાં ઘનશ્યામભાઈ કે. નંદાણી) સ્વયં સમર્થ જ હતા. તેમ છતાં આપણને અહમ્‌શૂન્યતાનાં દર્શન કરાવવા અને પાઠ શીખવવા, સાથે સાથે ગુરુદેવ સાથેનો પ્રથમનો નાતો સમજાવવા પોતાનો એક પ્રસંગ ઘણી વાર સ્વમુખે વર્ણન કરતા હોય છે. જેમાં ગુરુદેવ પ્રત્યેની દાસત્વભૂમિકાનાં દર્શન થાય છે.

ઈ.સ. ૧૯૭૮માં ગુરુદેવ સાથે સેવકનો પ્રથમ મેળાપ થયો. ગુરુદેવના સંપર્કમાં આવતાં આસને કથા સાંભળવા જતો. માંડ એકાદ-બે કથા સાંભળી હશે ત્યાં ગુરુદેવે એક દિવસ સેવકને આજ્ઞા કરી, "તારે એક લેખ લખવાનો છે. તું લખીશ ?" સેવકે વચન અધ્ધરથી ઝીલી લીધું. પરંતુ ગુરુદેવને પ્રાર્થના કરી કે, "મને લેખ લખતા નથી આવડતો. આપ શિખવાડો." એટલે ગુરુદેવે સેવકને એક જૂનો ઘનશ્યામ અંક આપ્યો ને કહ્યું, "આ વાંચજે." તથા નિકટ રાખી લખતા શીખવ્યું. સેવકના હૈયે લખવાની સેવા મળવા કરતાં એમની નિકટતા મળી તેથી આનંદનો પાર નહોતો. 'બાપજીએ મને !!! મને !!! મને સેવા આપી !!! આ દિવ્યપુરુષના વચને સેવા કરવાનું મને મળે જ ક્યાંથી ?!' આવા વિચારે લેખ લખવાનું શરૂ કર્યું.

સાંપ્રદાયિક ગ્રંથોમાંથી સારરૂપ મનનીય બાબતો એકત્ર કરી 'મનુષ્ય જન્મની સાર્થકતા' વિષય પર ત્રણ-ચાર પાનાંનો લેખ લખ્યો. ગુરુદેવને જમા કરાવ્યો. ગુરુદેવે જ્યોતિન્દ્રભાઈ આદેશરાને આ લેખ ચેક કરવા આપ્યો. તેમણે ગુરુદેવને કહ્યું, "સ્વામી, લેખની ભાષા તદ્દન જુદી પડે છે. બહુધા તેમાંથી લઈ શકાય તેમ નથી. કારણ સત્સંગની ભાષામાં બધું ફરી લખવું પડે તેમ છે. શું કરીશું ?" એટલે ગુરુદેવે કહ્યું, "તું લખી નાખ. નામ એનું રાખજે." અંક છપાઈને આવ્યો એટલે ગુરુદેવે મને બોલાવી પૂછ્યું, "તે અંક વાંચ્યો ? તારો લેખ આવ્યો છે." સેવકે કહ્યું, "બાપજી, આમાં તો મારો એકેય શબ્દ નથી." ત્યારે ગુરુદેવે સ્મિત રેલાવતાં કહ્યું, "તારો એકેય શબ્દ લેખમાં ચાલે તેમ ક્યાં હતો ? ખાલી તારું નામ જ લેવા જેવું હતું. આવો લેખ લખાય ?" આમ કહી ગુરુદેવે ખૂબ આનંદ કરાવ્યો.

ત્યારબાદ ચાર મહિના સળંગ મારી પાસે લેખ લખાવ્યો. એ દરમ્યાન ગુરુદેવે ખૂબ નિકટ રાખી માર્ગદર્શન આપ્યું. ગુરુદેવની

કૃપાએ લેખનકળા વિકસતી ગઈ અને મારા લેખથી ગુરુદેવને સંતોષ થતો ગયો. (ચાર માસના પ્રયત્નો બાદ ગુરુજીના લેખથી ગુરુદેવ બાપજીને સંતોષ થયો. અને ઈ.સ. ૧૯૭૮ના ડિસેમ્બર માસમાં સૌપ્રથમ વખત ગુરુજી લિખિત લેખ ઘનશ્યામમાં છપાયો. આ લેખના અંતમાં ગુરુજીનો સ્મૃતિ લેખ પ્રસ્તુત કરેલ છે.)

આહાહા... બંને પરભાવી સ્વરૂપોની સાધનિકને ગુરુ-શિષ્યના આદ્યંત સંબંધની શીખ આપવાની કેવી અદ્ભુત રીત છે !! આમ, લેખકોને ઘડવામાં ગુરુદેવનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. આ ઘનશ્યામ સામયિકની ઈ.સ. ૧૯૭૯થી સેવા સંભાળનાર અને વર્ષોથી તંત્રી તરીકેની સેવા આપી રહેલ શ્રી નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી ગુરુદેવ પ.પૂ. બાપજીના એ અથાગ દાખડાના સાક્ષી છે. તેઓ ગુરુદેવના ઘનશ્યામ સામયિક માટેના અતિ આગ્રહપૂર્વકના પ્રયત્નોનું વર્ણન કરતાં જણાવે છે.

શરૂઆતના દિવસોમાં ગુરુદેવે સેવકને એક લેખ લખવા આપેલો. સેવક એ વખતે શિક્ષક હતો. સ્કૂલમાં ભણાવવા જતો. સ્કૂલમાંથી થોડાં કોરાં પેજ ઘેર લાવ્યો. મારી ભાવના એવી હતી કે ઘનશ્યામ અંકના લેખ લખવા ચાલશે. ધાર્મિક કામ માટે જ છે ને ! એક દિવસ મંદિરે બેસી તેમાં લેખ લખી રહ્યો હતો. આ જોઈ ગુરુદેવે પૂછ્યું, ‘‘ત્રિવેદી, શું કરો છો ?’’ મેં કીધું, ‘‘બાપજી, લેખ લખું છું.’’ ગુરુદેવે ફરી પૂછ્યું, ‘‘આવાં પાનાં ક્યાંથી લાવ્યા ?’’ મેં કહ્યું, ‘‘બાપજી, હું ટીચર છું. એટલે વધારાનાં પાનાં સ્કૂલમાં હોય જ. માટે સ્કૂલમાંથી લાવ્યો છું.’’ ગુરુદેવે સહેજ નારાજગીના ભાવ દર્શાવ્યા. મને સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપતાં કહ્યું, ‘‘ત્રિવેદી, આજ પછી મંદિરનું કામ સ્કૂલના પાનાંમાં કદી નહિ કરવાનું. તું સાહેબને પૂછીને લાવેલો ? ના ને !! હં... તો એ ચોરી કહેવાય. અરે પેન પણ સ્કૂલની નહિ લાવવાની !!’’ કેવા સચોટ પ્રામાણિક પુરુષ છે !! એ વખતે સંસ્થાની પરિસ્થિતિ સારી નહીં. મંદિરમાં આર્થિક સધ્ધરતા નહોતી. છતાં કેવો પ્રામાણિકતાનો આગ્રહ !!

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જ ઘણા સમય સુધી લેખકોએ લખેલા લેખોનું નિરીક્ષણ અને પ્રૂફરીડિંગ કરેલું. વચનામૃતના લેખો લખાતા તેનું વર્ષો સુધી ગુરુદેવ આગળ સંતો અક્ષરશઃ વાંચન કરતા. તેમાં ગુરુદેવ સુધારા કરાવતા પછી જ તેનું પ્રકાશન થતું.

ગુરુદેવ પ.પૂ. બાપજી સામયિકના ગ્રાહકો વધે તેનો અતિશે આગ્રહ રાખતા. વિચરણમાં પધારતા ત્યારે ગાડીમાં જૂના ઘનશ્યામ સામયિક સાથે રાખતા. સભામાં નવા મુમુક્ષુને નિકટ દર્શનમાં આવે ત્યારે પોતાના હસ્તે તેમને સામયિક આપતા.

ગુરુદેવ પ.પૂ. બાપજી ઘનશ્યામ સામયિકના એક એક ગ્રાહકની નોંધ એ સમયે જાતે રાખતા. જે ગ્રાહકનું લવાજમ પૂરું થવાનું હોય તે ગ્રાહકોના નામની યાદી અને કેટલી રકમ ઉઘરાવવાની બાકી છે તેની યાદી સ્વહસ્તે તૈયાર કરી સેવકને આપતા અને સેવકને ઘેર ઘેર લવાજમ લેવા જવાની સેવા સોંપતા. એટલું જ નહિ, તેઓ ગ્રાહકોને અને કેટલાય બિનગ્રાહકોના ઘરે પણ ઘનશ્યામ પહોંચાડવા હોમ ટુ હોમ આ સેવકને મોકલતા. પૈસાથી હોમ ડિલિવરી હમણાં છેલ્લા કેટલાક વર્ષોથી આવી છે. પરંતુ આ દિવ્યપુરુષે તો ઘનશ્યામના વાંચકો વધારવા વર્ષો પહેલાંથી હોમ ડિલિવરી કરાવી હતી. આ માટે ગુરુદેવ એરિયાવાઇઝ ઘનશ્યામ સામયિકના બંચ બનાવડાવતા.

કોઈ સેવામાં હાજર ન રહી શક્યું હોય તો આ સેવા ગુરુદેવ જાતે પૂરી કરતા. તેના પર ખાખી સ્ટિકર લગાવી તેના પર ઍડ્રેસની ટીકડી લગાવતા. માત્ર પાંચ રૂપિયાના વાર્ષિક લવાજમથી ઘનશ્યામના ગ્રાહક થવાતું હતું. કોઈની દાઢીમાં હાથ ન નાખે એવા ગુરુદેવ પ.પૂ. બાપજી કારણ સત્સંગના જ્ઞાન-સિદ્ધાંતોને જન જન સુધી પહોંચાડવા માટે ગ્રાહકો વધારવા સ્વયં સતત પ્રયત્નશીલ રહેતા. નવા ગ્રાહકો ઊભા કરવા જનાર કાર્યકરોનું અપમાન થતું અને તેઓ ગુરુદેવને તે અંગે સમાચાર આપતા ત્યારે ગુરુદેવ તેમને હિંમતનાં વચનો કહી બળ જ આપતા.

એક વખત ગુરુદેવે પ્રહ્લાદભાઈ સી. પટેલને અને અંબાલાલભાઈને તેમના વતન મોટપ ગામે ઘનશ્યામ સામયિકના ગ્રાહકો ઊભા કરવા જવા માટે આજ્ઞા કરી. બંનેએ ગુરુદેવને પ્રાર્થના કરી કે, ‘‘બાપજી, ત્યાં બાપાશ્રીનો મહિમા નથી. ઘણા વિરોધ કરશે.’’ ગુરુદેવે આ સાંભળી ભારપૂર્વક કહ્યું, ‘‘પી.સી. આપણે તોય જવાનું છે. કારણ સત્સંગના પ્રચારની આ સેવા વિરોધોની વચ્ચેય કરવા મળે ક્યાંથી ?’’

અરે, ક્યારેક તો કોઈક અણસમજુ મનુષ્યો સ્વયં ગુરુદેવનું પણ અપમાન કરી નાખતા. તેમ છતાં તેઓ પ્રફુલ્લિત મુખથી એને ગળી જતા. આવા તો કેટકેટલાય દાખડા તેઓએ આ ઘનશ્યામ સામયિક માટે કર્યા હતા ! આમ, ઘનશ્યામ સામયિકના સંપાદક, તંત્રી, લેખકોને લેખન માટે અપાતી તાલીમ કે માર્ગદર્શન, લેખ નિરીક્ષણ, પ્રૂફરીડિંગ, પ્રિન્ટિંગ, લવાજમ, અંકનું વિતરણ પ્રિ-પ્રેસ, પ્રેસ, ડિસ્પૅચ આદિક વિભિન્ન વિભાગો ગુરુદેવ પ.પૂ. બાપજી ખૂબ કુનેહપૂર્વક સંભાળતા.

### ઘનશ્યામ સામયિકમાં છપાયેલ

# વ્હાલા ગુરુજીનો સૌપ્રથમ લેખ



## આ....અને એ....

ઘનશ્યામ કે. નંદાણી.

એક દિવસ પેપરમાં સમાચાર આવેલા કે એક ગામડામાં એક ખેડૂતે તેની પાસેના દસહજાર રૂપિયા તેણે જમીનમાં સંતાડેલા પાંચ–દસ વર્ષ પછી બહાર કાઢતા કહેવાઈ ને ધૂળ જેવા થઈ ગયેલા હવે બીજી જ વ્યક્તિએ જો આટલી જ રકમ બેંકમાં મૂકી હોય તો પાંચ–દસ વર્ષ પછી ડબલ થઈ હોત જુઓ બન્નેની મૂડી સરખી છે પરંતુ ફાયદામાં ફેર છે. તેમ જે ભક્ત ભગવાનની ભક્તિ કોઈ ઈચ્છાએ કરીને કરે અને બીજો ભક્ત ફક્ત જીવના કલ્યાણને અર્થે કરે તો બનેની ભક્તિ સરખી હોય છતાં બન્નેના ફાયદામાં ફેર છે. માટે મહારાજ તો કહે છે કે, અમારો સાચો ભક્ત તો એ કહેવાય કે જેને સૂળીએ ચડાવ્યો હોય અને અમે બાજુમાં ઉભા હોઈએ છતાં પણ મોંમાંથી મદદ માટે એક શબ્દ પણ નહિં કે સંકલ્પ પણ ન થાય કે મહારાજ મને બચાવે તો સારું, તો તે સાચો ભક્ત કહેવાય. માટે સદાય મહારાજને કર્તા, અકર્તા અને અન્યથા કર્તા જાણવા શ્રીજી મહારાજ સ્વમુખે કારિયાણીના ૧૦ મા વચનામૃતમાં કહે છે કે, "પ્રગટ પ્રમાણ જે સ્વામીનારાયણ ભગવાન તેનું કર્યું જ સર્વે થાય છે." માટે સદાય એવી સમજણ રાખવી કે જ્યારથી આ સત્સંગ ઓળખાણો છે. આવા સર્વોપરી સર્વાવતારી અનંત મુક્તોના સ્વામી અને અપાર, ઐશ્વર્ય, સામર્થી, લાવણ્યતા અને ઓજસથી ભરપૂર એવા ભગવાન મળ્યા, જ્યારથી આપણે એમના થયા છીએ, જ્યારથી એ આપણા થયા છે ત્યારથી કાળ, કર્મ, માયા કે પ્રારબ્ધની તાકાત નથી કે આપણી સામે નજર કરી શકે, જે મન કર્મ અને વચનથી ભગવાન સાથે જોડાય છે, તેનું પ્રારબ્ધ પછી ભગવાન બની રહે છે.

ગમે તેટલો વિષમ દેશકાળ આવે છતાં સમજુ ભકતો તેમાં હિંમત હારતા નથી કે ભક્તિમાંથી ચલિત થતાં નથી, સોનાના દોરાને હથોડા મારતા વધુ લાંબો બને છે, પરંતુ પિત્તળ પર હથોડા મારતા એ કટકા થઈ જાય છે. તેમ સમજુ ભકતો વિષમકાળમાં વધુ પાત્ર બને છે.

ભગવાનને રાજી કરવા હંમેશા તત્પર રહેવું તે માટે જપ, તપ, વ્રત, નિયમ બધા સાધનો કરવા પરંતુ તેના પાયામાં રહેલી જે સ્વરૂપ નિષ્ઠા અને મૂર્તિમાં દિવ્યભાવ તેમાં સદાય સાવધાન રહેવું.

"નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે,"

"સો શૂન્ય સારા કરે, જો અંક નથી આગળે,<br>
સરવાળો તે શાનો કરશે, કાગળ કરે છે કાગળે."

માટે બધા સાધનો કરે પરંતુ જ્યાં સુધી સ્વરૂપનિષ્ઠા દૃઢ ન થાય ત્યાંસુધી સર્વે નકામુ છે. માટે જીવમાંથી હા પડવી જોઈએ કે અક્ષરધામની મૂર્તિ, મહારાજે મનુષ્યદેહ



સામયિકે ભક્તિના પથ પર ભક્તોને પ્રેરણા આપી છે.

ધારણ કરેલો તે મનુષ્યરૂપ મૂર્તિ અને આપણા ઘરમાં રહેલી પ્રતિમા સ્વરૂપ મૂર્તિમાં એક રોમ માત્રનો ફેર નથી. સદાય એમ સમજવું કે જેને મરીને પામવાના છે તે આજે છતી દેહે મળ્યા છે. મારા ભાગ્યની કોઇ બાકી નથી રહી. ટૂંકમાં, આ....અને એ....નો સંબંધ કેળવવો પડશે આ....એટલે આ આપણી પાસે રહેલું પ્રતિમાસ્વરૂપ અને એ એટલે એ અક્ષરધામનું સ્વરૂપ તે બંનેમાં અનુમાત્રનો ફેર નથી, જોકે અક્ષરધામને મૂર્તિથી જુદું પાડી શકાતુ જ નથી. અધોઉર્ધ્વ એવો તેજનો સમૂહ એટલે જ અક્ષરધામ. માટે જ્યાં મહારાજની મૂર્તિ હોય ત્યાં અક્ષરધામ હોય. મહારાજે સ્વમુખે વચનામૃતમાં પણ કહ્યું છે કે જ્યાં અમારી મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય માટે મરીને ધામમાં જવાનું છે. તેવી કાચી-પોચી વાત ક્યારેક ન કરવી. અક્ષરધામ કાંયય ઉંચે નથી, નીચે નથી કે સહેજ પણ દૂર નથી. જો આપણા ભેળી મૂર્તિ હોય તો આપણી પાસે જ અક્ષરધામ છે. માટે મૂર્તિ સિદ્ધ કરવાનું તાન રાખવું અ. મુ. સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, "થોડો પવન ચડે તો ધૂળ ઉડે પણ કાંકરા ન ઉડે, તેથી થોડો વધુ પવન ચડે તો કાંકરા ઉડે પરંતુ પથ્થર ન ઉડે, તેથી વધુ પવન ચડે તો પથ્થર ઉડે પરંતુ ઝાડ ન ઉડે, અને તેથી વધુ પવન ચડે તો ઝાડ પણ ઉડે પરંતુ જમીન સાથે ચોંટી રહેલા પર્વતો ઉડતા નથી. તેમ જેને મૂર્તિ સાથે એકતા હોય તેને અક્ષર સુધીનો કોઇ પવન સ્પર્શ કરી શકતો નથી, કે ચલિત કરી શકતો નથી." માટે મૂર્તિ સાથે એકતા કેળવવા સદાય કટિબદ્ધ રહેવું અને જ્યાં સુધી સાધક એવા જે આપણે અને સાધ્ય એવી જે પ્રગટ એવા શ્રીજી મહારાજની મૂર્તિમાં એકતા નથી થતી ત્યાંસુધી કરેલા સાધનો અધુરા રહે છે. પૂજક અને પૂજ્ય જ્યારે એક રૂપ બને છે ત્યારેજ પૂજા સાચા અર્થમાં પૂજા બને છે.

પરંતુ પૂજ્ય એવા જે ભગવાન તેમના પ્રત્તિમા સ્વરૂપમાં પૂરેપુરો દિવ્યભાવ આવતો નથી ત્યાં સુધી સાચો આનંદ વર્તતો નથી. મોટા સત્પુરુષો તો કહે છે કે. આપણને શ્રીજી મહારાજ સ્વપ્નમાં સામર્થીએ સહિત ક્યારેક દર્શન દે તો કેટલો બધો આનંદ થાય છે! ઉઠીને બધાને રાજી થતા થતા તે સમાચાર કહી દઈએ છીએ, અને મનમાં કેટલાં રાજી થઈએ છીએ? કે અહોહો શ્રીજી મહારાજે મને દર્શન દીધા. પરંતુ મોટા પુરુષોના મતે તો આપણી આ કાચ્યપ કે સમજણમાં ખોટ છે. જ્યાં સુધી પ્રતિમા સ્વરૂપે રહેલી મૂર્તિને વિષે દિવ્યભાવ સમજાતો નથી અને તેવોજ આનંદ તે દર્શને કરીને થતો નથી ત્યાં સુધી આપણા જીવમાંથી સાચી વસ્તુની હા નથી પડી તેમ કહી શકાય.

ભક્તની દરેક ક્રિયાના કરનાર શ્રીજી મહારાજ જ છે. તેમ સમજવુ જોઇએ. ક્રિયાના કરનાર પણ મહારાજ જ છે. અને તેના ફળદાતા પણ તેઓ પોતેજ છે. તેમ જાણવાથી દરેક ક્રિયા દિવ્ય બની રહે છે. જમતા જમતા મહારાજની મૂર્તિ ધારી હું નથી જમતો પણ કોળીયો મહારાજના મુખમાં મુકુ છુ તેવો ભાવ લાવવો પાણી પીતા પીતા હું નથી


સામયિકના દરેક લેખમાં એક નવો દિશાસૂચક તારો ઊગતો હોય છે.


પીનો મહારાજ પીઈ રહ્યા છે તેવો ભાવ લાવવો. વિદ્યાર્થીએ પેપર લખતા લખતા હું નથી લખતો શ્રીજી મહારાજ લખે છે, અને વાંચતા વાંચતા હું નથી વાંચતો મહારાજ વાંચે છે, તેવો ભાવ લાવવો. જો વાંચનાર સ્વયં પુરુષોત્તમ નારાયણ હોય, લખનાર પણ તેઓ હોયતો પછી પરિણામની શી ચિંતા હોય. માંએ નાના છોકરાને નવરાવતા, ધોવડાવતા કે કપડાં પહેરાવતા હું બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજની ક્રિયા કરું છું તેવો ભાવ લાવવો અને ખરેખર આ રીતે દેહભાવ તે ભૂલી જઈને, આત્મા અનાત્માનો વિવેક સમજીને, હું પણું ટાળી ને કરેલી ક્રિયાને અક્ષરધામના અધિપતી, સર્વોપરિ એવા પ્રભુ જરૂર સ્વીકરે છે, પરંતુ તે નિહાળવા માટે આપણી પાસે દિવ્ય ચક્ષુ નથી માયિક આંખોએ કરીને આપણે જોઈ શકતા નથી. તેવા ભાવથી આત્મનિષ્ઠા પણ કેળવાય છે, અને મહારાજની અખંડસ્મૃતિ રહે છે, જોકે અઘરુ છે, પરંતુ શ્રીજીમહારાજની અને સત્પુરૂષોની કૃપાથી અને પોતાના મનોબળથી જરૂર થઈ શકે છે. બાપાશ્રી પણ કહે છે કે, "સર્વ ક્રિયા મૂર્તિમાં રહીને કરવી પણ મહારાજને મુકીને કોઈ ક્રિયા કરવી નહિં, મહારાજને જે સમયે ભુલી જવાય તે સમયે વાંઝિયો કહેવાય છે."

જ્યાં સુધી નાના બાળકને રૂપિયાની નોટનો મહિમા કે તેની કિંમતની ખબર નથી ત્યાં સુધી તે પાંચ પૈસા જ માંગશે. પરંતુ નોટની ખબર પડતા તે તેજ ઇચ્છશે માટે આપણે પણ બીજા કોઈનો ય ભાર રાખ્યા સિવાય સર્વોપરિ એવા સ્વામિનારાયણ ભગવાનને રાજી કરી લેવાનું એક તાન રાખવું. અને જ્યાં સુધી મહારાજ જેવા છે તેવા,

અને જેમ છે તેમ નહિં ઓળખાય ત્યાં સુધી બીજેથી હેત નહિં તૂટે અને જ્યાં સુધી બીજેથી હેત તૂટતું નથી ત્યાં સુધી મહારાજની મૂર્તિમાં પૂરેપૂરું હેત થતું નથી. માટે આજે તો સુખના સમૂદ્રો ઉમટયા છે, કોઈ આવો અને કોઈ મૂર્તિ લ્યો, તેની લ્હાણી થઇ રહી છે, દુર્લભ એવા શ્રીજી મહારાજ આજે સુલભ થયા છે, પરંતુ લેનારની ખોટ છે, ડાયાબિટીસવાળા માટે લાડવાના ઢગલાનો આસ્વાદ એ નિઃસ્વાદ બની રહે છે, તેમ આપણને પણ ડાયાબીટીસ લાગુ પડયો છે અને પરિણામે અગાસુ ખાતાં મલેલો તે સાકરનો ગાંગડો પણ ખાઇ શકતા નથી.


માટે હમેશાં સૂરા, સાવધાન રહી, આત્મનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા કેળવી, મહારાજની નાની મોટી દરેક આજ્ઞાઓનું અનુસંધાન રાખી, સર્વે ક્રિયામાં ભેળા રાખી, સાર–અસારનો ભેદ સમજી અને સત્પુરૂષોને ખોળી–તેમનો સમાગમ કરી આ મનુષ્ય દેહે કરીને શ્રીજીમહારાજને રાજી કરી લેવા અને છેલ્લો જન્મ કરી લેવો એજ આપણા જીવનની એક સાફલ્યતા છે. નહિં તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

"ધામ નહિં પણ ધક્કા મલશે, ત્યારે ઉઘડશે આંખ્ય ગુલામની."


સામયિકની યાત્રામાં
ગુરુજીનો સેવાયજ્ઞ

પરિવ્રાજક બનીને ઠેર ઠેર વિચરણ કરતા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના કદમની સાથે કલમ પણ સતત ચાલુ રહી છે. ઈ.સ. ૧૯૮૦માં સંત દીક્ષા ગ્રહણ કર્યા બાદ ગુરુજીએ સમગ્ર સંસ્થાના વહીવટની સાથે સામયિકની જવાબદારી પણ ઉપાડી લીધી હતી. સંસ્થાની સતત વહીવટીય મિટિંગો, ગોષ્ઠિઓ, શિબિરો, ઉત્સવ-મહોત્સવોના વિશાળ આયોજનોની વચ્ચે પણ ગુરુજીએ સમયે સમયે સામયિકની નાનામાં નાની ચિંતા રાખી સેવા કરી-કરાવી છે.

સામયિકનું પ્રથમ ચરણ એટલે આયોજન. સામયિકમાં દર વર્ષે માસવાઇઝ કયા લેખ લખવા, કયા સંકલ્પો આવરી લેવા વગેરે આયોજન ગુરુજી પોતે ઈ.સ. ૨૦૦૮-૦૯ સુધી કરતા. જે તેમના હસ્તાક્ષરની યાદી પરથી ખ્યાલ આવે છે.



સામયિકનું દ્વિતીય ચરણ એટલે લેખનકાર્ય. સાધુ થયા પૂર્વે અને પછી પણ ઘણાબધા લેખો સ્વયં ગુરુજીએ લખેલા છે. ચાર્ટર્ડ અકાઉન્ટન્ટના ઉચ્ચ અભ્યાસની સાથે આશરે ૧૩ જેટલા લેખો સંત દીક્ષા પૂર્વે લખી તેઓ સામયિકની સેવામાં સહભાગી થયા હતા. સંત દીક્ષા બાદ ઘણી વાર ગુરુજી આખા આખા સામયિક સ્વહસ્તે લખતા. ગુરુજીની લેખનશૈલી વાંચક વૃંદના હૃદયને સ્પર્શી જતી.

ઈ.સ. ૧૯૮૧માં ઘનશ્યામનગર મંદિરના પરિસરમાં સ્વામિનારાયણ ભગવાન દ્વિશતાબ્દી મહોત્સવ તથા ઈ.સ. ૧૯૮૪માં ઘનશ્યામનગરનો દશાબ્દી મહોત્સવ ખૂબ ભવ્યતાથી ઊજવાયો હતો. આ બંને મહોત્સવ જેણે જેણે પ્રત્યક્ષપણે માણ્યા હતા તેઓ તો આજે ૪૦ વર્ષ પછી પણ તેના આસ્વાદને ભૂલી શક્યા નથી. પરંતુ ભાવિ પેઢી માટે એ અમૃતમય સંભારણાં સંગ્રહિત કરવા દ્વિશતાબ્દી મહોત્સવ તથા ઘનશ્યામનગર દશાબ્દી મહોત્સવના દળદાર વિશેષાંક ગુરુજીએ સ્વહસ્તે લખવાની મહાસેવા કરી હતી.

જૂના ઘનશ્યામનગર મંદિરના બેઝમૅન્ટમાં (ભોંયરામાં) ડાબી બાજુએ અલાયદો વૅન્ટિલેશનની જાળીવાળો એક અંધારિયા ઓરડામાં એકાંત કર્યું હતું. લીટી વગરનાં રફ કાગળમાં માત્ર સાદી રિફિલથી વિશેષાંક લખ્યા હતા. સ્વામિનારાયણ ભગવાન દ્વિશતાબ્દી મહોત્સવનો વિશેષાંક ૧૫૦ હસ્તલિખિત પેજનો હતો. જે લખતાં આશરે ૨૫ રિફિલ વપરાઈ હતી. ઘનશ્યામનગર દશાબ્દી મહોત્સવનો વિશેષાંક હસ્તલિખિત ૪૦૦ પેજનો હતો. જે લખવામાં ૪૦ કરતાં વધારે રિફિલ વપરાઈ હતી. આ બંને વિશેષાંક ગુરુજીએ એકલા હાથે સ્વયં તૈયાર કર્યા હતા. જેને પ્રેસમાં છપાવતાં અનુક્રમે ૭૨ અને ૨૮૮ પાનાંના વિશેષાંક તૈયાર થયા હતા. જેમાં કંડારાયેલી સ્મૃતિઓ આજે પણ અહોભાવથી આર્દ્ર કરી દે છે. જેનું લેખનકાર્ય ત્રણ ત્રણ મહિના સુધી ચાલેલું. રાત્રિજગો (રાત્રિ જાગરણ) કરીને પણ ગુરુજીએ સામયિકના લેખનકાર્યની અજોડ સેવા સુપેરે બજાવી હતી.

એક દળદાર પુસ્તક જેવો લાગતો ઈ.સ. ૧૯૮૪નો દશાબ્દી વિશેષાંક એ વ્હાલા ગુરુજીના અંતરમાં રહેલા ગુરુદેવ પ.પૂ. બાપજીના મહાત્મ્યનું પ્રથમ દર્શન છે. એટલું જ નહિ, મહારાજ, બાપાશ્રી તથા સમર્થ સદ્‌ગુરુશ્રીઓના મહાત્મ્યના લેખની સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના મહિમાનો લેખ અને તેમના દિવ્ય કલ્યાણકારી ગુણો સહ કરેલ અનંત દાખડાનું વર્ણન દસ તબક્કામાં અદ્‌ભુત રીતે વ્હાલા ગુરુજીએ સ્વહસ્તે આલેખ્યું છે. વ્હાલા ગુરુજીએ સૌપ્રથમ વખત ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્યથી માંડીને છેક ઈ.સ. ૧૯૮૪ સુધીનો તમામ ઈતિહાસ આ અંકમાં વર્ણવ્યો છે.

ઈ.સ. ૧૯૭૮થી ઈ.સ. ૧૯૯૮ સુધી ગુરુજીએ મહારાજના પ્રાગટ્યનો હેતુ, સર્વોપરી ઉપાસના, નિશ્ચય, મહિમા, દિવ્યભાવ, વાસના ખંડન, આજ્ઞાપાલન, નિયમ-ધર્મની દૃઢતા, ધ્યાન આદિ મહત્ત્વના વિષયોને આવરી લેતા સ્વતંત્ર લેખોનું આલેખન કરેલું. જ્યારે ઈ.સ. ૧૯૯૯થી ઈ.સ. ૨૦૦૫ સુધી સળંગ સાત વર્ષ સ્વ-અધ્યયન, સ્વનિરીક્ષણ અને વચનામૃત મનન શ્રેણી પર લેખોનું આલેખન કરેલું. જે સમગ્ર વાંચક વૃંદને નિજદર્શન દ્વારા જીવન પરિવર્તનના માર્ગે દોરી જાય તેવી ઉત્તમ શ્રેણી બની રહેલી.

ત્યારબાદ ઈ.સ. ૨૦૦૬થી ઈ.સ. ૨૦૦૮ સુધી ગુરુજીની સભામાંથી સંકલિત કરીને ‘મનન-ચિંતન’ ટાઈટલ હેઠળ લેખશ્રેણી પ્રકાશન કરવામાં આવી. ત્યારબાદ તેનું નામાભિધાન ‘દિવ્યવાણી’ કરવામાં આવ્યું. જે શ્રેણીનો પ્રવાહ અદ્યપિ પર્યંત સામયિકમાં પ્રથમ પૃષ્ઠ પર જ પ્રવાહિત થઈ રહ્યો છે.

ગુરુજીની લેખનપદ્ધતિ સાધકમાત્રને એકાંત અને મનનશીલ જીવનના ઉચ્ચતમ પાઠ ભણાવી જાય તેવી છે.

ગુરુજી વાસણા મંદિરે બિરાજતા ત્યાં સુધી (ઈ.સ. ૨૦૦૦) લેખન માટે સવારથી એકાંતવાસ સેવતા. લેખનકાર્ય માટે કુલ છ કલાક ફાળવતા. ચાર કલાક જે તે વિષયનું મનન કરવા અને બે કલાક લેખન માટે ફાળવતા. સ્વામિનારાયણ ધામ, ગાંધીનગરના નિર્માણ બાદ સેવા-વિચરણ વધતાં સમયનો અભાવ રહેતો. પ્રતિકૂળતા તો જાણે ગુરુજીનો પડછાયો જ જોઈ લ્યો !! ઈ.સ. ૨૦૦૧ બાદ શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં સત્સંગ વિચરણની સાથે સાથે વિદેશમાં પણ સત્સંગ વિકાસની પ્રવૃત્તિ વિસ્તરવા લાગી હતી. સંસ્થાનું સંપૂર્ણ વહીવટીય અને અધ્યાત્મ ભારણ ગુરુજીના શિરે હોવાથી પોતે સંપૂર્ણ વ્યસ્ત રહેતા. તેથી મોટેભાગે ગુરુજી ગાડીમાં જ ઘનશ્યામ સામયિકના લેખો લખતા.


એક વખત વિચરણ દરમ્યાન ગુરુજીએ સેવક સંતને ગાડીમાં જ અમુક જરૂરી વિગત લખવા માટે જણાવ્યું. આથી સેવક સંતે બે હાથ જોડી વિનય વચને પ્રાર્થના કરતાં કહ્યું, “દયાળુ, સેવક ગાડીમાં લખી-વાંચી શકતો નથી. માથું દુખવા લાગે છે. તો ગાડીમાંથી નીચે ઊતરીએ પછી આ સેવા પૂર્ણ કરી દઉં તો ચાલે તેમ છે ?”

ત્યારે ગુરુજીએ સેવક સંતની આંખમાં આંખ પરોવતાં કહ્યું, ‘‘સ્વામી, અમે તો મોટેભાગે ગાડીમાં જ ઘનશ્યામના બધા લેખો લખ્યા છે. બીજો ક્યાં સમય જ હતો ?’’ આ સાંભળતાં જ સેવક સંત દ્રવી ગયા.

ગુરુજીએ ગાડીમાં તથા વ્યસ્ત વિચરણમાં સ્વહસ્તે લખેલા લેખ અને શ્રદ્ધાંજલિ વિગતના એકાદ અંશને અહીં પ્રસ્તુત કર્યા છે જેનાં દર્શન કરી અહોભાવ આકારે થઈએ.

ઘનશ્યામ સામયિકનું સૌથી મહત્ત્વનું ચરણ એટલે નિરીક્ષણ કાર્ય. સામયિકની સ્ટાન્ડર્ડ ક્વૉલિટી માટે અદ્યપિ પર્યંત ગુરુજીએ ઘનશ્યામ સામયિકના લેખોની નિરીક્ષણ સેવા બજાવી છે. એમાં ગમે તેવું સતત વિચરણ હોય છતાંય ગુરુજીએ ચાલુ ગાડીએ, જ્યાં સમય મળે ત્યાં, મોડી રાત સુધી આ સેવા બજાવી છે.

ગુરુજીની સૂક્ષ્મ દૃષ્ટિમાં સિદ્ધાંત વિરુદ્ધનો કે ભાષાની




અશુદ્ધિયુક્ત એક પણ શબ્દ કે વાક્ય બાકાત ન રહી શકે. લેખમાં કેવો શબ્દ વપરાય ? કયો શબ્દ ન વપરાય ? કેવી ભાષાશૈલી રખાય ? કેવી મૌલિકતા ઉમેરાય ? માહિતી કેટલી સચોટ અને સત્ય હોવી જોઈએ ?? તેનું માર્ગદર્શન નિરીક્ષણ કાર્ય દરમ્યાન અચૂકથી આપે. ચાહે પછી તે રૂબરૂ મુલાકાતથી આપે કે લેખિતમાં પરંતુ લેખકોનું, નિરીક્ષકોનું સર્વાંગી ઘડતર કરવામાં ગુરુજી સદૈવ ધીરજ રાખી મંડ્યા રહ્યા છે.

હાલ પણ ગુરુજી સંસ્થાના મહત્ત્વના વિશેષાંકોનું નિરીક્ષણ કાર્ય ખૂબ રસપૂર્વક ઊંડા ઊતરી બજાવી રહ્યા છે. એટલું જ નહિ, મુમુક્ષુને શીખવવા માટેની ગુરુજીની કેવી અદ્‌ભુત રીત ! સામાન્ય વ્યક્તિ એક વાર વાંચેલી વસ્તુ બીજી વાર ન વાંચે. ગુરુજી તો નિરીક્ષણ વખતે આખું સામયિક વાંચ્યું હોય, સૂચનો કર્યાં હોય છતાં સામયિક છપાઈને આવે તેની તત્પરતાથી રાહ જોતા હોય. ગુરુજીને સામયિક મળે કે તરત જ ૨૪ કલાકમાં ફરીથી તે સામયિકવાંચી લે. સારા લેખ બે-ચાર વખત વાંચે. મહત્ત્વના મુદ્દાને અન્ડરલાઈન કરે. વળી, ક્યારેક સારા લેખની કૉપી કરાવી ફાઈલ કરે. સમર્થ થકા જરણા કરવાની કેવી અદ્‌ભુત રીતિ ! ગુરુજીના દિવ્યજીવનમાંથી આપણે પણ આવી રીતે મનન-ચિંતન કરી એકાગ્રતાથી ઘનશ્યામ સામયિકના લેખનું વાંચન કરવાની પ્રેરણા લઈએ.


ઘણી વાર ગુરુજી ઘનશ્યામ સામયિકમાં સારા પ્રેરણાદાયી ને હૃદયસ્પર્શી લેખ જુએ તો જે તે લેખક પર રાજીપો દર્શાવે. ઈ.સ. ૨૦૧૫માં લખાયેલા ‘સવળો વિચાર’ લેખનું વાંચન કરી ગુરુજીએ જે રાજીપાવચન લખી આપેલાં તેનો અંશ અહીં પ્રસ્તુત છે. ઘનશ્યામ સામયિકનું અંતિમ ચરણ એટલે પ્રસારણ વિભાગ. અવારનવાર સંકલ્પ સભા, પૂનમ સભા, ગુરુપૂર્ણિમા સભા, સંત સભા વગેરે સભાપ્રસંગે ગુરુજી ઘનશ્યામ સામયિકના તાજેતરમાં પ્રકાશિત થયેલા ઉત્તમ અને મહત્ત્વના વિશેષાંકોનું વાંચન કરવાની આજ્ઞા કરતી જાહેરાત સ્વમુખે લે.

એક-બે લેખોના આંશિક અંશો પણ સભાપ્રસંગે વાંચનમાં લઈ લેખન સમૃદ્ધિ પર રાજીપો જણાવે.



### વ્હાલા ગુરુજીએ વિચરણ દરમ્યાન

# ગાડીમાં લેખન કરેલ લેખનો અંશ


પરમાત્મામૂર્ત મનન (સ્વનિરીક્ષણ) સાધુ સત્યસંકલ્પદાસ

વ્હાલા મુમુક્ષુઓ,
જય સ્વામિનારાયણ.

ગયા અંકથી આ લેખમાળામાં [illegible] આપણે વ્હાલા ઇષ્ટદેવ ને અતિપ્રિય એવા [illegible] ઇચ્છા માટે રોજ [illegible] જીવનમાં ખૂબ અગત્યનો [illegible] જે હવે આવનારી ને વિચારીએ.

આ લેખમાળા 'મનન' માટે છે. વ્હાલા વાચકો, મનન એટલે માત્ર વાંચવું એમ નહીં. [illegible] માત્ર સાંભળવાથી કે વાંચવાથી જ કંઈ નહીં થાય.

**આ ઉપરાંત, ગુરુજી દ્વારા ઘનશ્યામ સામયિકને અપાયેલ નવો ઊઠાવ :**

**(૧) ગુરુપૂર્ણિમાના અવસરે વાંચક વૃંદની સંખ્યામાં વૃદ્ધિ થાય તે માટે 'વાંચો ઘનશ્યામ' ઝુંબેશનું આયોજન કરવામાં સ્વયં ગુરુજીએ જ અથાગ પ્રયત્નો કરેલા.**

**(૨) ઘનશ્યામ સામયિકનો લાભ દેશ-પરદેશમાં ઘરોઘર અનંત મુમુક્ષુ જીવો લઈ શકે તે માટે સંસ્થાની વેબસાઇટ www.smvs.org ઉપર આ સામયિકને સંપૂર્ણપણે નિઃશુલ્ક વાંચન માટે મૂકવા અપાયેલ પ્લેટફોર્મ ગુરુજીની આજ્ઞાથી સંસ્થા તરફથી પૂરું પાડવામાં આવ્યું છે.**


**(૩) આજની બિઝિ લાઇફસ્ટાઇલને લક્ષ્યમાં રાખી આ જ વેબસાઇટ ઉપર દર માસે પ્રકાશિત કરવામાં આવતું ઘનશ્યામ સામયિક નિઃશુલ્કપણે શ્રવણ કરી શકાય તેવું અપાયેલ પ્લેટફોર્મ ગુરુજીને જ આભારી છે.**

**(૪) દર વર્ષે થતી વિભાગીય મિટિંગમાં હાજરી આપી ગુરુજી દ્વારા અપાતું માર્ગદર્શન તથા સેવાર્થી સભ્યોને અપાતો રાજીપો સેવાર્થીઓના ઉત્સાહમાં બમણો વેગ લાવી દે છે.**

**આમ, ઘનશ્યામ સામયિકના વાર્ષિક આયોજનથી માંડી તેની વાંચન પ્રેરણા સુધીની તમામ જવાબદારીમાં ગુરુજીએ ખૂબ રસપૂર્વક નેતૃત્વ અદા કર્યું છે ને કરી રહ્યા છે. સામયિકની સંવેદનશીલ યાત્રામાં ગુરુજીનો પ્રેરણાદાયી સેવાયજ્ઞ ખરેખર તેઓના દિવ્ય ચરણોમાં મસ્તક ઝુકાવી દે તેવો રહ્યો છે.**

# સામયિકની

## શ્રેષ્ઠતા તથા ગુણવત્તા ઉજાસ



વિશ્વમાં આજે કોઈક જ દેશ એવો હશે કે જેનું સંવિધાન ઘડાયા પછી એમાં ફેરફાર નોંધાયો નહિ હોય. મોટાભાગના દેશોમાં સમયના વહેણની સાથે નવી પેઢીની માનીનતાઓને આધારે નાના-મોટા ફેરફાર કરવા પડે છે. નક્કી કરેલા ગુણવત્તાના ધોરણમાં પણ ફેરફાર કરવો પડતો હોય છે. ત્યારે જ દેશનું તંત્ર ચાલે છે. એવું જ આધ્યાત્મિક અને ધાર્મિક સંસ્થાઓમાં બનતું હોય છે. જે હેતુથી સંસ્થાની સ્થાપના થઈ હોય તેમાં સમયના વહેણની સાથે બદલાવ આવતો હોય છે. જ્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી એવા ક્રાંતિકારી યુગપુરુષ છે કે જેમણે ઈ.સ. ૧૯૭૬માં આરંભેલા ઘનશ્યામ સામયિકનો મૂળ હેતુ બાપાશ્રી પ્રબોધિત કારણ સત્સંગના જ્ઞાન-સિદ્ધાંતોના પ્રવર્તનનો હતો. જે હેતુ સામયિકમાં અદ્યપિ પર્યંત યથાવત્ જળવાયેલો રહ્યો છે. એમાં કાનોમાત્ર ફેર પડવા દીધો નથી. બલ્કે વર્ષોવર્ષ તેની મજબૂતાઈ કરાવી છે. પરિણામે સામયિકનું સ્વરૂપ સૌંદર્ય તથા ગુણવત્તા ઉજાસ અદ્યાપિ યથાવત્ જળવાયેલાં રહ્યાં છે. કેવી રીતે ? જોઈએ.

### (૧) ઉપાસનાની અણીશુદ્ધતા

સર્વોપરી ઉપાસના દૃઢ કરવી એ કારણ સત્સંગનો પ્રારંભ છે. ઉપાસના દૃઢ કરવાથી જ મુમુક્ષુ આત્યંતિક કલ્યાણ કહેતાં અનાદિની સ્થિતિના માર્ગે ચાલી શકે છે. આથી જૂના સમાજને સર્વોપરી ઉપાસનાની વિશેષ દૃઢતા થાય અને નવા વાંચક વૃંદને સરળતાથી સર્વોપરી ઉપાસના સમજાય તે હેતુથી, ગુરુદેવ દ્વારા સભાપ્રસંગે વિવિધ વચનામૃતો દ્વારા પીરસાયેલા સ્વરૂપનિષ્ઠાસંબંધી જ્ઞાનમાર્ગને પ્રથમ 'દિવ્યવાણી', ત્યારબાદ 'અમૃતવાણી' અને હાલ 'વચનામૃત સાર' લેખમાળામાં આલેખી મુમુક્ષુને ઘેર બેઠા શ્રીહરિના યથાર્થ સ્વરૂપને ઓળખાવવાનું સરળ માધ્યમ સામયિક દ્વારા અદ્યાપિ પ્રદાન થઈ રહ્યું છે.

#### A. એક શ્રીહરિનું જ કર્તાપણું

સર્વોપરી ઉપાસનાનો એક મહત્ત્વનો પાયો એટલે શ્રીજીમહારાજનું કર્તાપણું દૃઢ કરવું.

સાહિત્ય જગતમાં કોઈ પણ લેખ, નિબંધ, પુસ્તક લખનાર લેખકને સૌથી મોટી અપેક્ષા પોતાના નામની પ્રશંસા અને વિખ્યાતિની હોય છે. દરેક લેખક પોતાના નામથી જ લેખ કે પુસ્તક છપાય એવી જ ઇચ્છા-આગ્રહ રાખતા હોય છે. કારણ સત્સંગમાં સૌના કર્તા શ્રીજીમહારાજ છે. અનાદિમુક્ત એક આંગળી પણ ન હલાવી શકે તો લખી કેવી રીતે શકે ? માટે દરેક લેખકના ખરા કર્તા તો શ્રીજીમહારાજ છે. મારાથી કશું જ ન થાય આવી સમજણની દૃઢતા કરાવવા સાહિત્ય જગતમાં લેખકના નામ વગર લેખ, પુસ્તકને પ્રસિદ્ધ કરવાની ક્રાંતિકારી નવીન પ્રથાનો પ્રારંભ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કર્યો છે.

ઈ.સ. ૨૦૧૨માં એક સભાપ્રસંગે સાહિત્ય વિભાગની સેવા સંભાળતા જવાબદાર સંત સામું જોઈને ગુરુજીએ વિભાગ માટે રાજીપાવચન ઉચ્ચાર્યાં હતાં. ગુરુજીએ જણાવ્યું હતું કે, "કારણ સત્સંગમાં સૌના કર્તા એક મહારાજ જ છે. માટે આપણે હવે કોઈ પુસ્તકમાં પુસ્તક લેખન કરનાર લેખકના નામનો કોઈ ઉલ્લેખ કરતા નથી. બધા લેખક મુક્તોએ અમારો આ સંકલ્પ અધ્ધરથી ઝીલી લીધો તેથી અમે ખૂબ રાજી છીએ. મહારાજ અને ગુરુદેવ પણ ખૂબ રાજી થાય છે. સ્વામી, આ આપણી એસ.એમ.વી.એસ.ની આગવી ગુડવિલ છે. આ ગુડવિલને મજબૂત કરવા ક્યાંય કોઈ વ્યક્તિનું નામ ન છાપવું."

ગુરુજીએ રાજીપાના વચનમાં પણ ક્યાંય નામ ન છાપવા એવી ગર્ભિત રુચિ જણાવી હતી. વિભાગના જવાબદાર સંતે વિભાગની સેવા સંભાળનારા હરિભક્તો સાથે ચર્ચા કરી ગુરુજીને એક પ્રાર્થના પત્ર લખ્યો કે, "ગુરુજી, આપની રુચિ મુજબ આપણે પુસ્તકમાં લેખકનું નામ છાપતા નથી પરંતુ ઘનશ્યામ મૅગેઝિનના લેખોની નીચે જે તે લેખકનું નામ છાપીએ છીએ. તો હવેથી ઘનશ્યામ સામયિકમાં કોઈ લેખકનું નામ ન લેવાનું નક્કી કરીએ છીએ. આપ આ નિર્ણયમાં મંજૂરીની મહોર મારી આપશો એવી પ્રાર્થના." આ પ્રાર્થના વાંચી ગુરુજીએ રાજી થઈ તેની પર મહોર મારી આપી.

ત્યારબાદ ઈ.સ. ૨૦૧૩થી અદ્યપિ પર્યંત ઘનશ્યામ સામયિકમાં લેખ નીચે લેખકોનાં નામ છાપવામાં આવતાં નથી. જે માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયની જ નહિ, સમગ્ર સાહિત્ય જગતની એક અનોખી ક્રાંતિ છે. કોઈને લેખ વાંચી અહોભાવ જન્મે ને પ્રશ્ન થાય કે આના લેખક કોણ ? તો એક જ જવાબ – મહારાજ. લેખકને

પોતાના કાર્યનું, આવડત, બુદ્ધિનું જરાય માન કે ભાન ન રહે તે હેતુથી ગુરુજીએ ચલાવેલી આ નેમલેસ (nameless) પ્રથા ખરેખર કારણ સત્સંગમાં એકમાત્ર શ્રીજીમહારાજનું જ કર્તાપણું છે આ સિદ્ધાંતને મજબૂત કરવાનો જ એક શ્રેષ્ઠ ઉપાય છે. આજે કે ભવિષ્યમાં જ્યાં સુધી ઘનશ્યામ સામયિકનું પ્રકાશન થયા કરશે ત્યાં સુધી લેખની નીચે લેખકોનાં નામ તરીકે એકમાત્ર શ્રીજીમહારાજ જ રહેશે; અન્યથા કોઈ બીજી વ્યક્તિ નહીં !!

**B. પરોક્ષાર્થ રહિત સંપૂર્ણ પ્રત્યક્ષાર્થ**

શુદ્ધ સર્વોપરી ઉપાસનાના પ્રવર્તન માટે હંમેશાં પ્રત્યક્ષની વાતો જ કરવી અને લખવી – આવો ગુરુદેવનો સદાયને માટે આગ્રહ રહ્યો છે. શ્રીજીમહારાજનો પોતાની સર્વોપરી ઉપાસના પ્રવર્તનનો સંકલ્પ અધૂરો રહી ગયેલો તેને સાકાર સ્વરૂપ આપવા ગુરુદેવે એક જબરજસ્ત ક્રાંતિ સર્જી !! મંદિરોમાં શ્રીજીમહારાજ અને મુક્ત સિવાય કોઈ સ્વરૂપ નહીં !! શાસ્ત્રોમાં શ્રીજીમહારાજ સિવાય કોઈનો મહિમા નહીં !! કથામાં શ્રીજીમહારાજના મહિમાગાન સિવાય કોઈનું નામ નહીં !! એમ ઘનશ્યામ સામયિક પણ આ જ સિદ્ધાંતની પુષ્ટિ માટે હોઈ તેમાં પણ અન્ય કોઈ પરોક્ષનું નામ, કથા કે પરોક્ષ ગ્રંથોના સંદર્ભનો અલ્પ ઉલ્લેખ થવા દીધો નથી કે ભવિષ્યમાં કદાપિ થશે નહીં. એકમાત્ર શ્રીજીમહારાજના જ ચરિત્રોનું ગાન, શ્રીજીમહારાજનું જ નામ, શ્રીજીમહારાજનાં જ ઉપદેશ વચનો દ્વારા શ્રીજીમહારાજના સર્વોપરીપણાની વાત લખાવી સામયિકને પ્રત્યક્ષ વાતોથી રસસભર કરેલ છે.

**C. સત્પુરુષ મહાત્મ્યનો વિવેક**

સર્વોપરી ઉપાસનાના દૃઢાવ માટે મુમુક્ષુમાત્રએ એક સમજણ દૃઢ કરવી કે, સ્વામિનારાયણ ભગવાન જ એક સર્વોપરી ભગવાન છે. એ સિવાય કોઈ સત્પુરુષ કે મુક્તને ભગવાન તરીકે ન માનવા, ન પૂજવા, ન લખવા, ન સમજવા કે ભગવાન તરીકેનો મહિમા પ્રતિપાદિત થાય તેવું કાંઈ જ સત્પુરુષ માટે ન કરવું. કારણ સત્સંગના સિદ્ધાંત મુજબ એસ.એમ.વી.એસ.માં હરહંમેશ એકમાત્ર શ્રીજીમહારાજનું જ મુખ્યપણું રહેવું જોઈએ. આ ગુરુદેવ અને ગુરુજીનો કાયમી આદેશ છે. જેનો સંતો-હરિભક્તોને પ્રસંગોપાત્ત ખ્યાલ રખાવતા હોય છે.

એક વખત માર્ચ-એપ્રિલ માસમાં ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્યોત્સવ અન્વયે ગુરુદેવનો મહિમા તથા દિવ્ય ગુણોને આનુષંગિક વિશેષાંક પ્રકાશિત થયો. ગુરુદેવ પ.પૂ. બાપજીનો અધિકાધિક મહિમા દર્શાવવા સેવા સંભાળનાર સંતે ગુરુદેવની મૂર્તિમાં મુખારવિંદ પાછળ સૂર્ય (બૅકગ્રાઉન્ડ તરીકે) મૂકેલો. ગુરુજીના હસ્તમાં સામયિક આવતાંની સાથે જ વિભાગના જવાબદાર સંતને બોલાવ્યા. ટકોર સ્વરૂપે માર્ગદર્શન આપતાં જણાવ્યું, “સ્વામી, હંમેશાં મહારાજની મૂર્તિને જ તેજોમય બતાવવી. આ સામયિકમાં ગુરુદેવની મૂર્તિના બૅકગ્રાઉન્ડમાં પાછળ સૂર્ય બતાવેલ છે જે આપણા કારણ સત્સંગના સિદ્ધાંતથી વિરુદ્ધની વાત ગણાય. આ દૃષ્ટિ આપણને રહેવી જોઈએ. મહારાજની મૂર્તિ પાછળ જ આવું દર્શાવવું. માટે આવી ભૂલ કદી ન કરવી. ખૂબ તકેદારી રાખવી.”

વળી, વ્હાલા ગુરુજીએ મહારાજ, બાપા, ગુરુદેવનું ગૌણપણું થાય તેવું કોઈ પ્રકારનું લખાણ કે શબ્દો પણ ઘનશ્યામ સામયિકમાં લખાવા દીધા નથી. સ્વયં સત્પુરુષ હોવા છતાં સંસ્થાના આદ્યગુરુ ગુરુદેવનું અલ્પ ગૌણપણું ન થાય તેની ખૂબ તકેદારી રાખી છે અને રખાવી છે.

**(૨) પરભાવી જ્ઞાનની પુષ્ટિ**

અનાદિની સ્થિતિના માર્ગે ચાલવું ને જોગમાં આવનારને પરભાવનું જ્ઞાન પીરસી અનાદિની સ્થિતિના માર્ગે લઈ જવા – આ એકમાત્ર ઉદ્દેશ્યથી કારણ સત્સંગનું સ્થાપન થયું છે. તેની પુષ્ટિ માટે જ ગુરુજી લાભ આપે છે તે લાભનું સંકલન કરી દિવ્યવાણી લેખ લખાય છે.

દિવ્યવાણી લેખમાં દેહ-આત્માની વિક્તિ, આત્માની સ્વરૂપાંતર પ્રક્રિયા, અનાદિમુક્ત શું તત્ત્વ છે ? અનાદિમુક્ત મૂર્તિમાં કેવી રીતે રહ્યા છે ? પ્રતિલોમ ધ્યાનની લટક, સ્થિતિ માટેની પાત્રતાના ઉપાયોરૂપ વિધ વિધ વિષયો આવરી લેવામાં આવે છે.

આ લેખમાળા કારણ સત્સંગના મૂળભૂત સિદ્ધાંતને પુષ્ટિકર્તા હોઈ સામયિકમાં તેને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. વળી, દિવ્યવાણી લેખ વગર એકલો સમૈયા-ઉત્સવનો વિશેષાંક પ્રકાશિત ન કરવાની ગુરુદેવ અને ગુરુજીએ વિભાગના સભ્યોને રુચિ દર્શાવી છે. જેથી હરહંમેશ સામયિકમાં કાર્ય કરતાં કારણનું મુખ્યપણું રહે.

આ ઉપરાંત, અનાદિની સ્થિતિના માર્ગે આગળ વધવામાં સહાયરૂપ થતી બાબતો જેવી કે, સાંખ્યજ્ઞાન, ભજન-ભક્તિનું અંગ, સ્વ-સ્વરૂપની દૃઢતા, પ્રાર્થના, અનાદિની લટકની રીત

અને અભ્યાસ તથા સ્થિતિના માર્ગમાં સૌથી મોટું અવરોધક પરિબળ અભાવ-અવગુણ આ વિષયો પર ઈ.સ. ૨૦૧૩થી ૨૦૨૫ સુધીમાં ઘણા વિશેષાંક પ્રકાશિત કરી સમાજને સ્થિતિના માર્ગે ચાલવા માટેનું પ્લૅટફૉર્મ અપાયું છે.

**A. બહિર્મુખી લખાણનો નિષેધ**

અનાદિની સ્થિતિના માર્ગે આગળ વધવા માટે આંતરમુખી જીવન ફરજિયાત છે. આ બાબતમાં ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સમાજ માટે ખૂબ તકેદારી રખાવી છે.

સામયિકના પ્રારંભિક દિવસોમાં એક હરિભક્તે ગુરુદેવને પ્રાર્થના કરી, "દયાળુ, હજુ આપણા સામયિકનો પ્રારંભ થયો છે. શરૂઆતથી જ વધારે ગ્રાહકો-વાંચકો ઊભા કરવા માટે જો સામયિકમાં ટુચકા, જોક્સ, દંતકથા આદિ બાબતો લેખ સ્વરૂપે વણી લઈએ તો કેવું ?"

ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ તરત જ ઉત્તર આપ્યો, "ભગત, ભલે ને એકેય ગ્રાહક ઊભા ન થાય !! પરંતુ હલકું, વૃત્તિઓને બહેકાવે તેવું લખાણ તો નહિ જ લખવાનું. તેનાથી મનોરંજન થાય પરંતુ જીવન પરિવર્તન ન થાય. સત્સંગનાં મૂળ ઊંડાં ન નખાય. કારણ સત્સંગી ઊભા ન થાય. હિલોળિયો સમાજ તૈયાર થાય. માટે આજે કે ભવિષ્યમાં એવું ન જ કરવું, ન જ થવા દેવું."

**B. જગતની જાહેરાતોનો પ્રતિબંધ**

સમાજને કાર્ય બાજુનો ઢોળાવ વધી ન જાય અને કારણપ્રધાન રહેવાય તેવી જ વાતો પીરસવાનો આગ્રહ રાખવો –એવી ગુરુદેવ અને ગુરુજીની કાયમી અભિરુચિ રહી છે.

કાર્યનો ઉદ્ઘોષ, કાર્યમાં રુચિ કદી ભગવાનના સ્વરૂપમાં જોડાવાની રુચિ ન થવા દે. માટે પ્રથમથી જ ગુરુદેવ અને ગુરુજીએ કારણ સ્વરૂપમાં સંલગ્ન થવા સંબંધી જ્ઞાનવાતો જ સામયિકમાં પીરસવાનો આગ્રહ સેવ્યો છે.

એક વખત એક હરિભક્તે ગુરુદેવને પ્રાર્થના કરી, "દયાળુ, આપણા ઘનશ્યામનું વિશેષ માર્કેટિંગ થાય તે માટે જો જુદા જુદા ધંધાદારી વ્યક્તિઓના ધંધાની જાહેરાત આપીએ તો માર્કેટિંગ તેઓ દ્વારા જ વિશેષ થાય અને તેઓની જાહેરાત આપણા સામયિકમાં લઈએ તો તેઓ તેના ખર્ચા પેટે અમુક રકમ આપે જેથી આપણને ખર્ચામાં પણ થોડી રાહત મળે."

ત્યારે ગુરુદેવે કહ્યું, "વાત સાચી પરંતુ તેનાથી સમાજ કાર્ય તરફ વધુ પ્રેરાય. કારણ સ્વરૂપમાં જોડાવા તરફ ન પ્રેરાય. આપણા સામયિકની પ્રસિદ્ધિ વધશે પરંતુ આપણા સમાજની પરભાવી સ્થિતિ એનાથી નહિ બંધાય. માટે આજે કે ભવિષ્યમાં ક્યારેય આવી પ્રૉફેશનલ જાહેરાતો સામયિકમાં ન જ લેવી."

**C. તટસ્થતાયુક્ત લખાણ**

ગુરુદેવ અને ગુરુજીએ કોઈનું હીણું દેખાય, કોઈનું ખંડન થાય તેવી નિષેધાત્મક કે નકારાત્મક વાતો, અભાવ-અવગુણે યુક્ત વાતોનું લખાણ કદાપિ ન જ લખવાની રુચિ દર્શાવી હરહંમેશ સામયિકમાં પ્રેરણાત્મક અને અન્યની હકારાત્મક બાબતોનો જ ઉલ્લેખ કરવાની દિશા ચીંધી છે.

ઈ.સ. ૨૦૨૦માં કારણ સત્સંગ વિશેષાંકમાં કારણ સત્સંગના ઇતિહાસને શાબ્દિક સ્વરૂપ આપવામાં લેખકોથી થોડું વધુ વિરોધાત્મક લખાણ લખાયું હતું. ગુરુજીએ નિરીક્ષણ વખતે વિરોધાત્મક લખાણ કૅન્સલ કરી નવું લખાણ લખાવ્યું. જેથી કોઈની ખંડનાત્મક બાબત સમાજમાં પ્રવર્તે નહીં. આવા તો ઘણા નાના-મોટા પ્રસંગો બન્યા છે. જે ગુરુદેવ અને ગુરુજીની અજાતશત્રુતા અને તટસ્થતાનાં સ્પષ્ટ દર્શન કરાવે છે.

સામયિકમાં સત્સંગ અને અધ્યાત્મના સમન્વયયુક્ત શ્રેષ્ઠ વાતો જ પીરસી તેનું સ્ટાન્ડર્ડ-ગુણવત્તા અદ્યપિ પર્યંત જળવાયેલી રાખવામાં ગુરુદેવ અને ગુરુજીનો અથાગ પ્રયત્ન છે. આમ, ઘનશ્યામ સામયિક એ સ્વામિનારાયણ સંપ્રદાયનું એક શ્રેષ્ઠ મૅગેઝિન સાબિત થયું છે.


## સંસ્થા ગૌરવ

**શ્રીજી સતીષકુમાર પટેલ - વિજાપુર**



વિજાપુર સેન્ટરના ધોરણ ૬માં અભ્યાસ કરતા બાળમુક્ત શ્રીજીએ દુબઈ ખાતે તાજેતરમાં યોજાયેલ મેથેલો અબાકસ એન્ડ મૅન્ટલ એરિથમેટિક ઇન્ટરનૅશનલ ચૅમ્પિયનશિપ-૨૦૨૫ની પરીક્ષામાં ટૉપ રૅન્કરમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે. અગાઉના વર્ષોમાં તેઓએ નૅશનલ લેવલની પરીક્ષામાં ટૉપ રૅન્કરમાં છઠ્ઠો ક્રમાંક તેમજ રાજ્ય લેવલની પરીક્ષામાં ટૉપ રૅન્કરમાં દ્વિતીય તેમજ પંચમ ક્રમાંક મેળવી પરિવારનું, સંસ્થાનું તેમજ દેશનું ગૌરવ વધારેલ છે. મહારાજ અને ગુરુજીના ચરણોમાં એ જ પ્રાર્થના કે ભવિષ્યમાં પણ તેઓ પોતાની કારકિર્દીમાં ઉત્તરોત્તર યશકલગી ઉમેરતા રહે.

# ઘનશ્યામ સામયિકની
## પ્રભાવશાળી લેખશ્રેણીઓ



સંસાર-વ્યવહારનો માર્ગ નદીના પ્રવાહ જેવો છે. નદીના પ્રવાહને કદી ઠેલવો પડતો નથી. તેમ સંસાર-વ્યવહારના માર્ગે ચાલવાની તાલીમ કોઈને આપવી પડતી નથી. આપમેળે દરેક એ માર્ગે ચાલ્યા કરે છે. જ્યારે અધ્યાત્મ માર્ગે આગળ વધવા મુમુક્ષુએ બ્રહ્મવિદ્યાના પાઠ શીખી, જ્ઞાન-ધ્યાનના માર્ગે આગળ વધવા જાગૃતિપૂર્વકની સાધના કરવી પડે છે.

આવા અનેક મુમુક્ષુઓને અધ્યાત્મ માર્ગે આગળ વધવાની દીવાદાંડી સમ એસ.એમ.વી.એસ. સંસ્થાનું સર્વોત્કૃષ્ટ સામયિક 'ઘનશ્યામ'માં આજ સુધી અનેક પ્રભાવશાળી લેખશ્રેણીઓ આવી છે. ઘનશ્યામ સામયિકમાં આવતી અનેક લેખશ્રેણીઓ તથા વિશેષાંકોએ અનેકનાં જીવન પરિવર્તન કર્યાં છે.

ઘનશ્યામ સામયિકની અનેક પ્રભાવશાળી લેખશ્રેણીમાંથી સમાજમાં વધુ પ્રિય થયેલી શ્રેણીઓની અલ્પ ઝાંખી કરીએ.

**૧. સ્વ-અધ્યયન**

વાતને વર્તનમાં લાવવાની શ્રેષ્ઠ રીત 'મનન'. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સંત-હરિભક્ત સમાજને પાત્ર મનન કરવાની તથા વચનામૃત મનન કરવાની શ્રેષ્ઠ રીત શીખવવા સ્વયં ઘનશ્યામ સામયિકમાં લેખો લખતા. એ લેખશ્રેણીનું નામ હતું 'સ્વ-અધ્યયન.' આ લેખશ્રેણી વાંચવા દરેક વાચકો અતિ ઉત્સુક રહેતા. સ્વઅધ્યયન વાંચતા જાણે એવું અનુભવાતું કે આપણે જે તે પાત્ર સાથે વાર્તાલાપ કરી રહ્યા હોઈએ. આ લેખશ્રેણી દ્વારા મનનની શ્રેષ્ઠ રીત શીખવા મળે છે.

**૨. સમજણ (દૃઢાવ-સમજણની સ્થિતિ)**

ભગવાનના ભક્તના જીવનમાં સમજણનું અંગ અત્યંત મહત્ત્વનું છે. ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા પછી ભક્તના જીવનમાં કેવા કેવા પ્રકારની સમજણ દૃઢ હોવી ફરજિયાત છે. તેની સુંદર છણાવટ આ 'સમજણ' લેખશ્રેણીમાં કરેલ છે. દા.ત. ભગવાન અને સત્પુરુષને વિષે દિવ્યભાવ, ભગવાનનું કર્તાપણું, સંતો-ભક્તોમાં દિવ્યભાવ, ભગવાન અને સત્પુરુષનું જતન વગેરે. વળી, કેવા કેવા સંજોગોમાં આ સમજણનો દૃઢાવ નથી રહેતો અને કેવી રીતે આ સમજણનો દૃઢાવ કરવો તે અંગેના ઉપાયોનું સુંદર આલેખન આ લેખશ્રેણીમાં કરવામાં આવ્યું છે.

**૩. શ્રીજીમહારાજનાં અલૌકિક ચરિત્રો** : કારણ સત્સંગના મૂર્ધન્ય લેખક મૂ.નિ. અંબાલાલ પટેલે પોતાના જીવનકાળ દરમ્યાન ૧૦૦૦ જેટલા પુસ્તકોનું વાંચન કરેલું હતું. પુસ્તકોમાંથી શ્રીહરિના ચરિત્રોનું એકત્રીકરણ કરી તે પ્રસંગોને તેઓ આગવી છટાથી લખતા. તેઓ દ્વારા લખાતી આ અદ્ભુત શ્રેણીની સૌ કોઈ આતુરતાથી રાહ જોતા. તેઓની લખવાની સરળતા, પ્રવાહિતા તથા મૌલિકતા વાંચકોને વાંચનમાં જકડી રાખતી.

**૪. આદર્શ ભક્તગાથા**

રેતીના ઢગલા હોય મોતીના નહિ એમ સંપ્રદાયમાં ભગવાનના આશ્રિત ભક્તજનનો સમુદાય ઘણો વિશાળ સંખ્યામાં હોય પરંતુ પ્રભુના હૃદયકમળમાં સ્થાન પામેલ ઉચ્ચકોટિના આદર્શ ભક્તો આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ હોય છે. જે ભક્તો પોતાના આદર્શ જીવન દ્વારા અનેકને આદર્શતાના પાઠ શીખવી જાય તેવા હોય છે. ભગવાન સ્વામિનારાયણના વખતમાં જેમણે ઉપાસના, નિયમ-ધર્મ, દિવ્યભાવ, વર્તન, સમજણ આદિ સાધનો દૃઢ કરી રાજીપો પ્રાપ્ત કર્યો હતો. એવા આદર્શ ભક્તોની ગાથાને રજૂ કરતી લેખશ્રેણી એટલે આદર્શ ભક્તગાથા. જેની લેખનશૈલી અને પ્રવાહિતાથી પ્રભાવિત થઈ વાચક વર્ગ આ શ્રેણીના લેખોની ચાતક નજરે રાહ જોતા અધીરા થઈ જતા.

**૫. બાપાશ્રી બોલ્યા જે...**

'બાપાશ્રીની વાતો મૂર્તિમાં રમાડનારી છે આ તો.'

બાપાશ્રીની વાતો એ મૂર્તિસુખનો ખજાનો છે, ગાગરમાં સુખનો સાગર સમાવ્યો છે. વાતોમાંના એક એક શબ્દ અતિ મૂલ્યવાન છે ને વાતોમાંના અમુક ચુનંદા ફકરાઓને (Selected Paragraph) લેખમાં લઈ તેના પર બાપાશ્રીનો અભિપ્રાય, બાપાશ્રીનો મુમુક્ષુ પાસેનો આગ્રહ તથા બાપાશ્રીની વાતનું મનન-ચિંતન કરી સ્વજીવનમાં કેવી રીતે લક્ષ્યાર્થ કરવું ? તેનું સુંદર આલેખન આ લેખશ્રેણીમાં કરવામાં આવેલ છે.આ સિવાય અધ્યાત્મ મર્મ, આદર્શ ભક્તગાથા, નંદસંતોનાં જીવનચરિત્ર, ભગવાનના ભક્તનો દૈનિક ક્રમ આદિક ઘણી લેખશ્રેણીઓ વાંચક વર્ગને હૃદયસ્પર્શી બની છે.



સામયિકે મુમુક્ષુના દેહભાવની બંધનશૃંખલાને તોડી મુક્તિ તરફની દિશા દર્શાવી છે.

## અધ્યાત્મ લેખશ્રેણીઓ

- સંતવાણી (૧૯૭૬થી ૧૯૮૧)
- અમૃતવાણી (૧૯૯૬થી ૨૦૧૩)
- બાપાના પાવન સાંનિધ્યમાં (૧૯૯૬થી ૧૯૯૯)
- મહારાજને મોટાને રાજી કરી લેવા છે (૧૯૯૯)
- બાપાશ્રી બોલ્યા જે... (૧૯૯૭થી ૨૦૦૩)
- નવધા ભક્તિ (૨૦૦૦થી ૨૦૦૧)
- સ્વામિનારાયમ સંપ્રદાયના નારીરત્નો (૨૦૦૧થી ૨૦૦૯)
- સમર્થ સદ્‌ગુરુઓ (૨૦૦૦થી ૨૦૦૩)
- સ્વામિનારાયમ સંપ્રદાયના નારીરત્નો (૨૦૦૧થી ૨૦૦૯)
- હરિનું ગમતું જીવન - ૨૦૦૨થી ૨૦૦૫
- સ્વામિ. ભગવાનના સર્વોપરીના વિશિષ્ટ લક્ષણો (૨૦૦૫થી ૨૦૦૮)
- આદર્શ ભક્તગાથા (૨૦૦૫થી ૨૦૦૬)
- મનન-ચિંતન (૨૦૦૬થી ૨૦૦૭)
- કીર્તન નિરુપણ (૨૦૦૪થી ૨૦૦૭)
- સમજણ (૨૦૦૫થી ૨૦૦૭)
- ભગવાનના ભક્તનો દૈનિકક્રમ (૨૦૦૯)
- દિવ્યવાણી (૨૦૦૯થી અત્યાર સુધી)
- અધ્યાત્મ મર્મ (૨૦૧૩થી ૨૦૧૪)
- વચનામૃત સાર (૨૦૧૩થી અત્યાર સુધી)
- શ્રીજી ચરિત્રમ્ (૨૦૧૫)
- બાપાશ્રી ચરિત્રમ્ (૨૦૧૫)
- પંચમહાલની પરિવર્તન ગાથા (૨૦૧૫થી ૨૦૧૭)
- સંકલ્પ પુષ્ટિ શ્રેણી (૨૦૧૬થી અત્યાર સુધી)
- મુમુક્ષુના શ્રેણી (૨૦૧૬થી અત્યાર સુધી)
- સંકલ્પ સરિતા (૨૦૨૧)

## વ્યવહારિક લેખશ્રેણીઓ

- સુખ દુઃખનું મૂળ (૨૦૧૩થી ૨૦૧૫)
- યૌવન (૨૦૧૩)
- કુમળા હૃદય (૧૯૯૦થી ૨૦૦૦)
- બોધ કથા (૨૦૦૦થી ૨૦૦૫)
- સંપ-સુહૃયભાવ-એકતા (૨૦૦૯થી ૨૦૧૧)
- **Self development** (૨૦૨૧)
- **eg - (Transactional Analysis)**
- ૨૧ દિવસનો જાદુ
- સદ્‌ગુણ કેળવીએ (૨૦૧૫થી ૨૦૧૮)

**સામયિક બન્યું સધ્ધર વિશેષાંકોથી**

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સમગ્ર સમાજને અનાદિમુકતની સ્થિતિ પમાડવા અતિ તત્પર બન્યા છે. એટલે જ વર્ષોથી જ્ઞાનસત્ર અન્વયે સમગ્ર સમાજને મુમુક્ષુતા તથા મુકતભાવ પ્રગટાવવા જુદા જુદા સંકલ્પો જણાવ્યા છે. તે સંકલ્પોને પૂરતો ન્યાય આપી શકાય તથા સમાજને ગુરુજીના સંકલ્પમાં આગળ વધવાની નૂતન દિશા મળે તે માટે સામયિકમાં અદ્યાપિ કોઈ એક જ વિષય સંલગ્ન અનેક વિશેષાંકો પ્રકાશિત થયા છે. જેવા કે, હું કોણ છું ?, સાંખ્યજ્ઞાન, હૅપી ફૅમિલિ, માતૃ-પિતૃ વંદના, પ્રાર્થના, પ્રામાણિકતા, અભાવ-અવગુણથી બચીએ, શ્રીજીમહારાજની સ્વરૂપનિષ્ઠા, ગુરુપૂર્ણિમા, સંસ્થાનાં નૂતન મોટાં મંદિર નિર્માણના વિશેષાંકો વગેરે. આ વિશેષાંકોની માંગ સમાજમાંથી ઘણી રહી છે. તેમાંના કેટલાક વિશેષાંકો અનેકને અહોભાવમાં ડુબાડનારા તથા પરિવર્તન કરનારા મૂકગાઇડ પણ બન્યા છે.

**૧. ગુરુદેવ પ.પૂ. બાપજી મહાત્મ્ય વિશેષાંક :** ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના સંકલ્પે ઈ.સ. ૨૦૧૪થી અદ્યાપિ દર વર્ષે માર્ચ-એપ્રિલ મહિનામાં ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય પર્વ નિમિત્તે ગુરુદેવના મહાત્મ્યનું ગાન કરતા વિશેષાંક પ્રકાશિત થાય છે. જેમાં ગુરુદેવ પ.પૂ. બાપજીના અવરભાવી તથા પરભાવી ગુણોનાં દર્શન, ગુરુદેવ પ.પૂ. બાપજીના આગ્રહો, સિદ્ધાંતો તથા ગુરુદેવની રીતિ-નીતિનાં દર્શન થાય છે. એક વખત એક કિશોરમુક્ત દુકાને બેસી માર્ચ, ૨૦૧૪નો ગુરુદેવ મહાત્મ્યનો વિશેષાંક વાંચી રહ્યા હતા. તેઓ વાંચનમાં એટલા તલ્લીન બની ગયા કે દુકાનમાં ગ્રાહક આવ્યા તોપણ ખબર ન રહી. આ જોઈ સામેની દુકાનવાળા ભાઈએ પૂછ્યું, “તમારે પરીક્ષા આવે છે કે કેમ ? આટલું તલ્લીન થઈને વાંચો છો.” ત્યારે કિશોરમુક્તે કહ્યું, “ના, એ તો અમારા ગુરુ પ.પૂ. બાપજીના ૮૨મા પ્રાગટ્ય દિન નિમિત્તે સંસ્થામાંથી તેમના દિવ્ય ગુણોનું મૅગેઝિન પ્રકાશિત થયું છે એ વાંચતો હતો. મેં વાંચ્યો ત્યારે મને ખરેખર ખબર પડી કે મારા ગુરુજી (ગુરુદેવ બાપજી) કેટલા મહાન છે ! લો તમે પણ વાંચજો.” આ બિનસત્સંગી દુકાનવાળાભાઈ આ વિશેષાંક ઘરે લઈ ગયા. આખી રાત જાગીને વાંચ્યો. તેમને પણ વાંચી ખૂબ અહોભાવ થયો કે, ‘ખરેખર તમારા ગુરુ બહુ મહાન છે.’

**૨. માતૃ-પિતૃ વંદના વિશેષાંક :** માબાપે કરેલા ઉપકારો તથા અદા કરેલા ઋણને માનસપટ પર સાદૃશ્ય કરતો વિશેષાંક એટલે આ માતૃ-પિતૃ વંદના વિશેષાંક. જેનો પ્રભાવ સમાજ ઉપર ખૂબ પડ્યો હતો.

એક યુવકે બપોરે જમાડી, થોડું ઈતર વાંચન કરી આગળની પ્રવૃત્તિ કરવાનું વિચાર્યું. ડ્રોઈંગરૂમના ટેબલ પર આ વિશેષાંક જોતાં તેનું વાંચન શરૂ કર્યું. આ વિશેષાંકે યુવકને એવા જકડી દીધા કે પોતાની બધી પ્રવૃત્તિ ગૌણ કરી યુવકે સાંજના ૬ વાગ્યા સુધીમાં એક બેઠકે આખો વિશેષાંક વાંચ્યો. વિશેષાંક પૂર્ણ થયો ત્યારે યુવકના એક આંખમાં થયેલી ભૂલના પશ્ચાત્તાપનાં આંસુ હતાં. અને બીજી આંખમાં વિશેષાંકમાંથી સાચી દિશા મળી તેના હર્ષનાં આંસુ હતાં. આ વિશેષાંકના વાંચન પછી તેમણે પોતાનાં માતાપિતા સાથેનો વ્યવહાર ૩૬૦° ચેઈન્જ કરી દીધો. આ વિશેષાંકના વાંચન દ્વારા એક સુપુત્ર પોતાના માબાપની આદરપૂર્વક સેવા કરવા કૃતનિશ્ચયી બન્યા છે.

**૩. ‘અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું’ વિશેષાંક :** ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા અનાદિમુક્તની સ્થિતિના માર્ગે આગળ વધવા જ્ઞાનસત્ર-૧૮ અન્વયે નૂતન પ્રાર્થના ‘અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું’ આપવામાં આવી. આ પ્રાર્થનાનું મહાત્મ્ય તથા મુમુક્ષુ તરીકે આ પ્રાર્થના કેવી રીતે કરવી જોઈએ ? તેની દિશા બતાવતો આ વિશેષાંક વાંચકોના હૃદયને ખૂબ સ્પર્શ્યો છે. નરોડાના પ્રિ-મુમુક્ષુના એક મહિલા હરિભક્તે આ વિશેષાંક અત્યાર સુધીમાં છ વખત વાંચન-મનન કર્યો છે. નિરંતર પોતાની બૅગમાં આ વિશેષાંક રાખે છે. તેઓ કહે છે કે, ‘આ વિશેષાંકે મને સાચી પ્રાર્થના કરવાની દિશા આપી.’ પોતાના જોગમાં આવનારને પણ આ વિશેષાંકની વિશેષતા કહી વાંચન માટે પ્રેરે છે.

આવા કેટકેટલાય મુમુક્ષુઓના જીવનમાં પરિવર્તનની ચિનગારી પ્રગટાવી હોય તો આપણા સર્વશ્રેષ્ઠ સામયિક ઘનશ્યામે. આપણે આપણા સામયિકના વાંચન-મનનથી બાકાત તો રહી જતા નથી ને ? આવો, આજે જ દૃઢ સંકલ્પ કરીએ કે દર મહિને પ્રકાશિત થતા ઘનશ્યામ સામયિકનું ઑનલાઇન ટૅક્નૉલૉજીના માધ્યમે અથવા લવાજમ ભરી હાર્ડ કૉપી મેળવી નિયમિત વાંચન કરવું જ છે.



સામયિકે મુમુક્ષુના દેહભાવની બંધનશૃંખલાને તોડી મુક્તિ તરફની દિશા દર્શાવી છે.

# ઘનશ્યામ સામાયિકમાં સમાયેલ સંસ્થાના વિવિધ મહોત્સવોની સ્મૃતિઓ



**૧૯૮૧**
સ્વામિનારાયણ ભગવાન
દ્વિશતાબ્દી મહોત્સવ



**૧૯૮૪**
ઘનશ્યામનગર
દશાબ્દી ઉત્સવ



**૧૯૯૫**
બાપાશ્રી
સાર્ધ શતાબ્દી મહોત્સવ




**૨૦૦૨**
સ્વામિનારાયણ
મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ



**૨૦૦૬**
વચનામૃત રહસ્યાર્થ
બાપાશ્રી વાણી સાર્ધ શતાબ્દી મહોત્સવ



**૨૦૧૨**
એસ.એમ.વી.એસ.
રજત જયંતી મહોત્સવ



**૨૦૧૯**
સ્વામિનારાયણ ભગવાન
દ્વિશતાબ્દી મહોત્સવ



**૨૦૨૦**
બાપાશ્રી
શતામૃત મહોત્સવ

## ઘનશ્યામ સામયિકના વાંચક વર્ગને પ્રિય બનેલ વિશેષાંકો

- આત્મબુદ્ધિ (૨૦૧૨)
- એસ.એમ.વી.એસ.ની વિકાસયાત્રા (૨૦૧૨)
- વાસણા મંદિર ઐતિહાસિક ગાથા (૨૦૧૨)
- કરો ભજન સહુ (૨૦૧૩)
- એસ.એમ.વી.એસ. પરિચય (૨૦૧૪)
- સાંખ્યજ્ઞાન (૨૦૧૭)
- અભાવ-અવગુણ (૨૦૧૯)
- પ્રાર્થના (૨૦૨૩)
- હેપી ફૅમિલિ - ૧,૨ (૨૦૨૪)
- માતૃપિતૃ વંદના (૨૦૨૪)
- ગુરુપૂર્ણિમા વિશેષાંકો (૨૦૧૪થી અત્યાર સુધી)
- એસ.એમ.વી.એસ. રજતગાથા (૨૦૧૨)
- સદ્. ઈશ્વરબાપા સાર્ધ શતાબ્દી (૨૦૧૨)
- ભલામણ (૨૦૧૨)
- નિજદર્શન (૨૦૧૪)
- હું કોણ છું ? પરભાવ (૨૦૧૭)
- હું કોણ છું ? અવરભાવ (૨૦૨૦)
- કારણ સત્સંગ શતાબ્દિ વિશેષાંક - ૧,૨ (૨૦૨૦)
- પ્રામાણિકતા (૨૦૨૩)
- સદ્. મુનિસ્વામી સ્મૃતિ પર્વ (૨૦૨૪)
- અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું (૨૦૨૫)
- ગુરુદેવ બાપજી પ્રાગટ્ય પર્વના વિશેષાંકો (૨૦૧૪થી અત્યાર સુધી)



ઘનશ્યામ સામયિક એ શબ્દશઃ ગુરુદેવના હૃદયનો પ્રકાશ છે.

# પ્રભુ તરફની પ્રગતિ માટે

## સ્વ-અધ્યયન (સ્વનિરીક્ષણ)

(ઓગસ્ટ : ૨૦૦૦)

વ્હાલા મુક્તો, જય શ્રી સ્વામિનારાયણ.

આ રહ્યા શ્રીમુખવાણી વચનામૃતના એટલે કે સ્વયં શ્રીજીમહારાજના મુખકમળમાંથી પ્રગટેલા શબ્દો, મહાપ્રભુનો દિવ્ય અભિપ્રાય ગઢડા મધ્યના ૪૧મા વચનામૃતમાં... ‘‘જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી માટે માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશે મોટો જાણવો...’’

આ છે સત્સંગની રીતિ, સત્સંગનો સિદ્ધાંત ને સત્સંગની કોરની મોટપનો ખ્યાલ.

સત્સંગમાં લાખો રૂપિયાનાં દાન કરનારા દાતાઓ, મંદિરના મહંતો કે પદાધિકારીઓ, શાસ્ત્રીઓ, વિદ્વાનો કે પંડિતો, કોઠારી-ભંડારી કે પૂજારીઓ, લાખોને રંજન કરાવી કલાકો સુધી ચાલતા અસ્ખલિત વાક્ પ્રવાહમાં સ્તબ્ધ કરી દેનાર મહાન વક્તાઓ આ કોઈને શ્રીજીમહારાજે ‘મોટા’ તરીકે કે ‘અતિશે મોટા’ તરીકે નવાજ્યા નથી કે સ્વીકાર્યા નથી.

બસ, શ્રીજીમહારાજે તો એક જ વાક્યમાં પોતાના અંતરનો અભિપ્રાય ને સિદ્ધાંત આપી દીધો :

‘‘માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશે મોટો જાણવો.’’

બસ... આ નાનકડા છતાં અતિશે વિરાટ સૈદ્ધાંતિક શબ્દો તરફ અખંડ દૃષ્ટિ રાખીને આપણે સાચા પ્રભુના ગમતા ભજનિક થઈએ. એ પણ માત્ર મોટા કે અતિશે મોટા થવા માટે નહિ પણ બસ, મહાપ્રભુના અતિશે મોટા રાજીપાના અધિકારી થવા માટે. અને સત્સંગમાં આવ્યાનું ને સર્વે ભજન-ભક્તિ કે સાધનમાત્ર કર્યાનું ફળ પણ એ જ છે ને ? બસ મહારાજ ને મોટાપુરુષના અંતરનો અતિશે રાજીપો.

આ માન એવો સૂક્ષ્મ દોષ છે કે જે બાહ્યદૃષ્ટિવાળાને જણાય જ નહીં. જેમ સૂક્ષ્મ જીવાતને પકડવા માટે મેંદો ચાળવાની ચારણી જરૂરી છે, એમ મને ભગવાનની ભજન-ભક્તિમાં અર્થાત્ સાધનમાત્રમાં કંઈ માન આવે છે કે કેમ ? તે તપાસવું-જોવું, વિચારવું ને પોતાના માનનું દર્શન થવું એ ખૂબ અંતરદૃષ્ટિવાળાને એટલે કે આંતરમુખી જીવન જીવનારને જ ખ્યાલ આવશે. માટે આ રાજીપા માટે સત્સંગમાં આંતરમુખી થઈને સતત પોતાના ધ્યેય તરફ જ દૃષ્ટિ રાખીને મંડ્યા રહીએ એ પાયાની જરૂરિયાત છે.

શ્રીજીમહારાજ જ્યારે મનુષ્ય રૂપે વિચરતા ત્યારે એક વખત મહારાજ ભૂજ પધાર્યા. રોજ સવાર-સાંજ ગંગારામ મલ્લના વંડે સભા કરતા. એક દિવસ સંતો-ભક્તોની સભા ચાલી રહી છે. એવામાં કાળાતલાવના હરભમ સુથાર કે જેઓ સદ્. રામાનંદ સ્વામીના શિષ્ય હતા ને સત્સંગમાં બહુ જૂના ને આગળ પડતા ભક્તરાજ હતા; તેઓ સંઘ લઈ મહારાજનાં દર્શને ભૂજ આવ્યા.

રસ્તામાં આ હરભમ સુથાર સહજ ભાવે સંકલ્પો કરતા આવે કે, ‘આપણે મહારાજ પાસે જઈશું. એટલે આપણને તો મહારાજના મોટા ગુરુભાઈ હોવાના નાતે ખૂબ ભાવથી મહારાજ બોલાવશે, હાર પહેરાવશે ને આગળ જ બેસાડશે.’

ઘણી વખત આપણને પણ આવું વાંચીને, સાંભળીને એવું જરૂર થાય કે, મહારાજ આગળ વળી આવું માન ને આવા સંકલ્પો થતા હશે..! અહીં ઓછા માન માટે આવીએ છીએ ? બરાબર છે... આપણને સૌને ખ્યાલ તો છે જ કે આવા સંકલ્પ ન કરાય... આવું માન સત્સંગમાં ન ચાલે... છતાં... સમય આવ્યે આપણે સહજ રીતે સહેજે સહેજે એ તરફ દોરવાઈ જઈએ છીએ. એવી કોઈ આશાઓ ને અપેક્ષાઓમાં મહાલતા થઈ જઈએ છીએ એ જ આપણો સ્વભાવ.

ટૂંકમાં સહજભાવે સહેજે સહેજે ન કરવું હોય છતાં થઈ જાય એનું

નામ જ સ્વભાવ. ક્રોધ નથી કરવો એવું વિચારતા હોવા છતાં થઈ જાય એ આપણો ક્રોધી સ્વભાવ. કોઈનું સારું થતું હોય તો એમાં આપણે બળવાની શી જરૂર ? એવું બોલવા છતાં, જાણવા છતાં અંદર જે સહજભાવે જલન કે બળતરા થાય છે એ જ આપણો ઈર્ષ્યાનો સ્વભાવ.

સત્સંગમાં આવ્યા પછી આવા સ્વભાવ-પ્રકૃતિઓને ટાળવાના છે. એ જ પ્રભુ તરફની સાચી પ્રગતિ છે. જ્ઞાનનો, સમજણનો, દૃષ્ટાંતોનો આપણને ગમે તેટલો વિશાળ ખ્યાલ હશે તો તે માત્ર સમજવું કે એ આપણું માત્ર ભંડોળ છે. ગોડાઉનનો બીકાઉ માલ (કોઈકને ઉપદેશ આપવા માટેનો) છે. એને આપણા ઉપયોગમાં સમય આવ્યે લેતા શીખીએ ને સહજભાવે જ આપણું અંગ, આપણું આંતર-બાહ્યતંત્ર સહેજે સહેજે પ્રભુના ગમતામાં વર્તતું થઈ જાય તો જ સાચા અર્થમાં આપણે પ્રભુના લાડલા દીકરા થઈ એમના રાજીપાની મૂડીના વારસદાર બની શકીશું.

બસ... આવા કોઈ પણ લેખ કે આદેશ દ્વારા આપણે સમય આવ્યે ધ્યાન રાખવું પડે... સમય આવ્યે જાણપણું રાખવું પડે... એના કરતાંય સહેજે સહેજે એ રૂપ થઈ જઈએ, એની મેળે આપોઆપ પ્રભુના ગમતામાં નિર્માની થઈને, રાંક થઈને, સૌનાય દાસ થઈને વર્તીએ તો કેવું સારું ?

પુરપાટ વેગમાં ડ્રાઈવિંગ કરનારા ડ્રાઈવર પાસે બ્રેક છે, સ્ટિયરિંગ છે, હૉર્ન છે, ઍક્સિલેટર છે... આ બધાં જ ઈન્સ્ટ્રુમેન્ટનો ઉપયોગ કરે છે તેનું શું એ જાણપણું કે ધ્યાન રાખે છે ? ના... ના... સહજભાવે પુરપાટ સ્પીડમાં જતી ગાડીની આગળ બમ્પ આવે કે ગાય-ભેંસ કે કૂતરું આવે તો એકદમ આપોઆપ એની મેળે બ્રેક મરાઈ જ જાય છે. એની મેળે હૉર્ન વગાડી જ દેવાય છે. નથી એને કોઈ જાણપણું આપતું કે નથી ખ્યાલ રાખવો પડતો. બધું આપોઆપ થાય છે... એમ જ બસ, મહાપ્રભુના માર્ગે જે જે મહારાજ ને મોટાને રાજી કરવામાં આંતર કે બાહ્ય દોષો-સ્વભાવો-પ્રકૃતિઓ અનાદિકાળથી પડેલા ઢાળ પ્રમાણે આપોઆપ આવી જાય છે, તેને બદલીને આપોઆપ સહજભાવે સમગ્ર તંત્ર એમના ગમતા ને રાજીપામાં જ વર્તતું થઈ જાય એવું કંઈક આ ફેરે મહારાજ ને મોટાપુરુષ આપણી પાસે કરાવવા માગે છે.

આવા સંપૂર્ણ જાગૃત, ભૂખ્યા ને ગરજુ બની આપણે આપણા જીવનને નવો વળાંક આપીએ...

અહીં અગાઉ જોયું તેમ કાળાતલાવના હરભમ સુથાર આવા કોઈક વિચારોમાં ચાલ્યા આવે છે ને એમ કરતાં ભૂજ સભામાં પહોંચી પણ ગયા...

આ હરભમ સુથારને માન આવ્યું તેનો ખ્યાલ આપણને આવ્યો. પણ આવું તો અનેક વાર આપણને થાય છે. આપણે અપેક્ષાઓમાં કરેલા અલ્પ સાધનના ભારમાંય આવી જઈએ છીએ ને પરિણામે સતત પીડાઈએ છીએ. છતાં એનો ખ્યાલ આપણને નથી આવતો એ સ્વનિરીક્ષણનો અભાવ છે.

આપણે હવે તો એ વાતનો સ્વીકાર કર્યો જ હશે કે શ્રીજીમહારાજ અને એમના સત્પુરુષ આ લોકમાં આવ્યા છે માનીઓનાં માન મુકાવી નિર્માની કરવા, ઠરાવવાળાના ઠરાવો છોડાવી સરળ કરવા, વાસનિકોની વાસના ટળાવી સાવ નિર્વાસનિક કરવા. અર્થાત્ અનેક દોષોથી પીડાતા-ખરડાયેલા આત્માને સંપૂર્ણ શુદ્ધ ને ચોખ્ખો કરી પોતારૂપ કરી, પોતાના અતિ ઉત્તમ દિવ્યાતિદિવ્ય સુખમાં મહાલતો કરવા તો આવ્યા છે ને...! એ આ હરભમ સુથારના કે કોઈનાય માનને કેમ ચાલવા દે ?

"મોહનવરને માન સંગાથે વેર જો..."

જેમનો એ વેરી છે એને મહારાજ કેમ આપણું પ્રિય માધ્યમ થવા દે ?

એક વાત જરૂર સમજી રાખવી કે મહારાજ ને મોટાપુરુષ કદીય આપણને માન આપી આપણા દેહાભિમાનનું પોષણ નહિ જ થવા દે. મા પોતાના માંદા બાળકને કદીય લાડુ જમાડવાની ભૂલ નહિ જ કરે. કારણ કે એ માના હૈયે બાળકનું સદૈવ હિત જ સમાયેલું છે. એમ સાચા સત્પુરુષ ભક્તના માનનું પોષણ નહિ જ થવા દે ને થવા દેવું પડતું હોય તો સમજવું કે એમની ને આપણી વચ્ચે ઘણું મોટું અંતર છે કે જેથી એ આપણને હજુ સાચું કહી શકતા નથી; બલ્કે આપણા દુઃખરૂપ દોષને પોતાના પ્રાગટ્યના સિદ્ધાંત વિરુદ્ધ બાબત હોવા છતાં ચલાવી લેવું પડે છે. નિભાવી લેવું પડે છે. એમને આપણી બીક લાગે છે. એમને ડર છે કે રખે ને આ સત્સંગમાંથી પડી જશે તો. રખે ને ઓશિયાળો થશે તો...

અને એટલે જ 'હરિ ગમતામાં રહેવું છે' પુસ્તિકામાં જણાવ્યું છે જે...

'જે સેવકને રાજી રાખવા સ્વામીને પ્રયત્ન કરવો પડે તે સેવકને કોટાનકોટિ ધિક્કાર છે અને જે સેવક મોટાપુરુષને રાજી કરવા મંડ્યો જ રહેતો હોય તે સેવકને કોટાનકોટિ ધન્યવાદ છે.'

બસ, સત્સંગમાં આવી પળે પળે વિચારનું બળ રાખવું. એવા દાસ ને સેવક થઈને વર્તવું કે કદીયે મોટાપુરુષને



વાંચનનું અંગ નથી તેનું જીવન નિસ્તેજ છે.

આપણાથી ડરવું ન પડે. એટલું જ નહિ; એવી સ્થિતિનું નિર્માણ કરીએ કે જ્યારે, જે મિનિટે, જે ક્ષણે, એમને જે રીતે, જે જે કહેવું હોય તે આપણને વિના સંકોચે, વિના સંકલ્પે, સંપૂર્ણ નિધડકપણે કહી શકે, વઢી શકે, તિરસ્કાર કરી શકે. એવા એમના ઠેઠના શ્રીજીમહારાજે સોંપેલા ત્રિકાળાબાધિત અધિકારને ક્યારેય આપણે છીનવી ન લઈએ.

જે શ્રીજીમહારાજને માન સંગાથે વેર છે એવા અંતર્યામી મહારાજ હરભમ સુથારના આવા સંકલ્પને કેમ ચલવી લે ? એમના 'માન' દોષની કેમ પુષ્ટિ કરે ? અને બન્યું પણ એમ જ...

હરભમ સુથાર સભાની પાછળ આવી દંડવત કરવા માંડ્યા. આગળ શ્રીજીમહારાજ પાસે દંડવત કરવા આવ્યા. ચરણસ્પર્શ કર્યા. છતાં વાતોમાં તલ્લીન બનેલા મહાપ્રભુએ ન હરભમ સુથાર સામે જોયું કે ન આગળ બેસવાનું કહ્યું...

કેમ ? એક જ વાત હતી, મહાપ્રભુને પોતાની પાસે આવનારી વ્યક્તિની સંપૂર્ણ શુદ્ધિ ને પ્રભુ તરફની વૃદ્ધિ કરાવવી જ છે !

હરભમ સુથારને શું આ ગમ્યું હશે ? 'હું રામાનંદ સ્વામીનો જૂનો શિષ્ય... હું ઠેઠ ૫૦ ગાઉથી ચાલતો આવું છું... આગળ બેસાડશે જ...' આવા સંકલ્પોમાં રાચતા આવ્યા છે તેમને શ્રીજીમહારાજના આવો હરભમ સુથાર, આવો... બેસો આગળ બેસો... એવા શબ્દો ન મળ્યા ને શું ખોટું ન લાગે ? અને લાગ્યું જ... તેઓ તો અનેક સંકલ્પોમાં રાચતાં, સભાની પાછળ જઈને બેસી ગયા.

સભાની પાછળ બેસવું એ નિર્માનીપણાનું પ્રતીક છે. છતાં અહીં શું સમજવું ?

અહીં પાછળ બેઠેલા તે માનનો પ્રતિસાદ હતો... છતાં શ્રીજીમહારાજે બેસવા દીધા.

વાહ પ્રભુ, વાહ ! શું તમારી અદ્ભુત રીત છે ? અને... અને... હરભમ સુથાર કેવા સંકલ્પોમાં રાચવા માંડ્યા હશે એ તો આપણે સૌ ઘણા જન્મોના અનુભવીઓ છીએ તો આપણને ખબર હશે જ !

'અરરર... સત્સંગમાં આપણી કોઈ કિંમત નહીં ? ગુરુ રામાનંદ સ્વામી હતા તો તે ઠેઠ આગળ બેસાડતા... કાયમ આપણું કેટલું રાખતા... અને હવે..! આ સહજાનંદ સ્વામીને આપણી કોઈ કિંમત નહીં... અને એમાંય ઠેઠ ૫૦ ગાઉથી ચાલતો આવું છું... તોય કંઈ ન કર્યો વિવેક કે ન કહ્યું આગળ બેસો. પહેલાં તો સહજાનંદ સ્વામી આપણું કેટલું બધું રાખતા  પણ હમણાં એમને સમાજ ખૂબ વધી ગયો છે એટલે આપણી કોઈ કિંમતેય નહીં...'

અહાહા... જુઓ તો ખરા આ જીવની જીવદશા !! જ્યાંથી દોષ રહિત થવાનું છે ત્યાં અનેક દોષોને માંડ્યા જોવા.

વ્હાલા મુક્તો, બ્રેક મારજો... રખે... આ વાંચતાં વાંચતાં એવું ન વિચારતા કે, 'અરરર... હરભમ સુથારમાં કંઈ સમજણ ન કહેવાય...'

એવા અભાવ-અવગુણના મહાપાપમાં ઊતરવાની કોઈ જરૂર નથી... એવો આપણને કોઈ અધિકાર નથી... સત્સંગમાં ભૂતકાળમાં બની ગયેલો કે વર્તમાનકાળે ઉપસ્થિત થયેલો કોઈ પણ પ્રસંગ એ શ્રીજીમહારાજે મારા ઘડતર માટે જ ઊભો કર્યો છે. એ વાતનો સહજભાવે સ્વીકાર કરી સ્વ-અધ્યયન કરતા જજો...

પણ... શ્રીજીમહારાજ ક્યાં કોઈનું કશું ચલવી લે એમ હતા ? મહાપ્રભુએ વાતો કરતાં કરતાં કહી દીધું કે,

'વળી જોને અમે આવિયા, તમ કારણે નરતનુ ધરી,
મનવાણી પહોંચે નહિ, રહે નેતિ નેતિ નિગમ કહી.'

"હે ભક્તો, અમે અમારી દિવ્યતા, સામર્થી-પ્રતાપને ઢાંકી-ઢબૂરીને સૌના સમાસ અર્થે ઠેઠ અક્ષરધામમાંથી આવ્યા; છતાં સામાન્ય મનુષ્ય જેવા થઈને વિચરીએ છીએ... સૌનાં માન-અપમાન સહન કરીએ છીએ ને કોઈ કદાચ ૫૦ ગાઉથી ચાલતા આવ્યા હોય તોય સંકલ્પ કરે કે અમારી કોઈ કિંમત નહીં..."

આમ, મહાપ્રભુએ સહજતાથી હરભમ સુથારને ટકોર કરી. અને... આ ભક્ત સંપૂર્ણ જાગૃત તો હતા જ. એ જ મિનિટે પૉઝિટિવ થિંકિંગમાં રાચતાં આ પાત્રે તરત બ્રેક મારી દીધી અને વિચારી લીધું કે, 'અરે... અરે... આ હું શું કરી રહ્યો છું ? ક્યાં એ દિવ્યાતિદિવ્ય મહાસમ્રાટ સ્વરૂપ ને ક્યાં હું..! છતાં એમાં સંકલ્પ કરનાર, મારા માનનું, મારા અહમ્‌નું પોષણ કરનાર હું કેવો ?' અને એ જ ક્ષણે ઊભા થઈ મહાપ્રભુના ખોળામાં માથું મૂકી રડી પડ્યા, કગરી પડ્યા, રાજી રહેજો મહારાજ, મારી ભૂલ થઈ ગઈ. રાજી રહેજો.

બસ, આપણે પણ સમયે આ રીતે વર્તી શકીએ એવું નિર્મળ જીવન આપણે કરી દઈએ એ જ પ્રભુ તરફની પ્રગતિ...


મનવાણી પહોંચે નહિ, રહે નેતિ નેતિ નિગમ કહી.

# દૃઢાવ (સમજણની સ્થિતિ)

## ‘ભગવાન અને સત્પુરુષનું જતન’

**(એપ્રિલ : ૨૦૦૮)**

મનુષ્યના દેહમાં ભગવાને હાથ, પગ, માથું, પેટ વગેરે ઘણાં અંગો આપ્યાં છે. પરંતુ આ બધા અંગોમાં એક અંગ એવું છે કે જેનું મહત્ત્વ સવિશેષ છે, અને એ છે હૃદય (હાર્ટ). બીજાં અંગો કદાચ ન હોય તોપણ મનુષ્ય જીવન જીવી શકે. પરંતુ હૃદય નહિ હોય તો જીવન જીવવું શક્ય નથી. આપણા દેહને ચલાવવા માટે હૃદય જોઈશે જ. આવું હૃદયનું મહત્ત્વ-મૂલ્ય આપણને સમજાયું છે, તો આપ મેળે જ શરીરનાં બીજાં અંગો કરતાં હૃદયની સાચવણી વધુ થાય છે. હાથ-પગ કે અન્ય કોઈ પણ અંગમાં તકલીફ હશે ને ઑપરેશન કરાવવાનું વહેલું-મોડું કરીએ તો ચાલે, પરંતુ જો હૃદયમાં તકલીફ હોય અને ઑપરેશન મોડું કરાવીએ તો ન ચાલે. કારણ કે એનું મહત્ત્વ સમજાયું છે કે આ હૃદય વિના જીવન જીવવું શક્ય નથી.

જેમ હૃદય વિના દેહનાં અન્ય અંગો કાર્ય કરી શકતા નથી અને આત્મા વિના દેહનું અસ્તિત્વ શક્ય જ નથી, તેમ સત્સંગમાં પણ કાંઈક આવું જ છે. આ સમગ્ર સત્સંગ એ દેહને ઠેકાણે છે; જ્યારે ભગવાન આત્માને ઠેકાણે છે અને સત્પુરુષ એ સત્સંગનું હૃદય છે. એમનું જતન પણ અતિ અતિ મહત્ત્વનું છે. ભગવાન અને સત્પુરુષ વિના આપણો બાહ્ય સત્સંગ કે આંતરિક જીવનની (સત્સંગની) પ્રગતિ કે તેની કલ્પના કરવી એ માત્ર કલ્પિત વિચાર જ રહેશે. એમને લઈને તો આ સત્સંગ જીવંત છે. એ જ સુખનું દ્વાર છે. જેમ દેહનું સુખ લેવા માટે હૃદયનું જતન કરવું ફરજિયાત છે તેમ આવા સર્વોપરી કારણ સત્સંગનું, મૂર્તિનું સુખ લેવા માટે ભગવાન અને સત્પુરુષનું જતન કરવું ફરજિયાત છે.

મળેલા સર્વોપરી મહારાજ અને સત્પુરુષનું જતન કરવું એ આપણા સેવક ધર્મની પવિત્ર ફરજ છે. માટે આપણે સૌ એમનું જતન કરતા થઈએ. અત્યાર સુધીના ઇતિહાસ તરફ નજર કરીએ તો જ્યાં જ્યાં મહારાજનું અને એમના દિવ્ય સત્પુરુષનું જતન થયું નથી, ત્યાં ત્યાં તેઓ ઉદાસ થયા છે, ઓશિયાળા બન્યા છે. જેનાં માઠાં પરિણામો સમગ્ર સત્સંગ સમાજને ભોગવવાં પડ્યાં છે. બસ, એક જ દૃઢ સંકલ્પ કરીએ કે એ ભૂતકાળના ઇતિહાસનું આ ફેરે પુનરાવર્તન થવા દેવું નથી.

આપણા સૌનો એક પ્રશ્ન એ છે કે મળેલા મહારાજ અને મોટાપુરુષનું જતન કરવું કઈ રીતે ? તો પાંચ પ્રકારે જ્યારે એમનું જતન કરીશું ત્યારે જ એમનું યથાર્થ જતન થયું કહેવાશે અને આપણે એમનું જતન કરીશું તો સ્વાભાવિક જ છે કે એ આપણા આત્માનું જતન જરૂર કરશે. માટે આપણે એમનું જતન કરીએ. પાંચ પ્રકારે જતન આ મુજબ કરવું : (૧) સ્વરૂપનું જતન, (૨) અવરભાવનું જતન, (૩) વચનનું જતન, (૪) સંકલ્પોનું જતન, (૫) રુચિનું જતન.

### (૧) સ્વરૂપનું જતન

સેવક તરીકે આપણે મહારાજ અને મોટાપુરુષનું મહિમાગાન કરતા થઈએ, પ્રવચન કરતા થઈએ, શું એ જ એમના સ્વરૂપનું જતન છે ? ના... ના... એમના સ્વરૂપને ઓળખવું કે એ સ્વરૂપ કોણ છે ? એ જ સાચું જતન છે. અને ઓળખ્યા પછી એ સ્વરૂપનો, એમની મોટપનો જીવસત્તાએ સંપૂર્ણ સ્વીકાર કરવો.

મહાપ્રભુ કેવળ કૃપા કરી, જીવોને પોતા જેવા પુરુષોત્તમરૂપ કરવા માટે અવરભાવમાં મનુષ્યોને મનુષ્ય જેવા દેખાયા. પોતે મનુષ્ય જેવા છે નહિ કે થયા પણ નથી. એ સંપૂર્ણ દિવ્ય સ્વરૂપ છે. પરભાવનું સ્વરૂપ છે. જે ચર્મચક્ષુએ આપણને દેખાય છે એ તો કેવળ અવરભાવ છે અને અવરભાવ તો ખોટો છે. અવરભાવની દૃષ્ટિને બદલી પરભાવની દૃષ્ટિ કેળવીશું ત્યારે એમના સ્વરૂપનો યથાર્થ મહિમા સમજાશે અને ત્યારે જ એમનું યથાર્થ જતન થશે.

વર્તમાનકાળે આપણા સૌની અને ભૂતકાળમાં પણ મહારાજ અને મોટાપુરુષની પાસે રહેનારા સમાજની પરિસ્થિતિ એવી હતી કે જ્યાં સુધી એ દિવ્ય ચરિત્ર દેખાડે ત્યાં સુધી તો ખૂબ મહિમા રહે. પરંતુ જ્યારે મનના નક્કી કરેલા ઠરાવો મુકાવે, પોતાના કુંડાળાંમાંથી બહાર લઈ જાય, પોતાના ગમતાની



અવરભાવની દૃષ્ટિ બદલી પરભાવની દૃષ્ટિ કેળવીએ.

બહાર લઈ જાય ત્યારે એમને વિષે દિવ્યભાવનો દઢાવ રહેતો નથી અને મનુષ્યભાવના સંકલ્પોમાં ચાલ્યા જવાય છે. પરિણામે એમના સ્વરૂપનું જતન થઈ શકતું નથી.

સ્વયં શ્રીજીમહારાજ કે જે આપણા સૌના ઈષ્ટદેવ છે, તેમની પાસે રહેનારો સમાજ પણ મહારાજના સ્વરૂપનું જતન કરવામાં થાપ ખાઈ ગયો છે. જેના ઘણા બધા પ્રસંગો સત્સંગમાં મોજૂદ છે. આપણે એમાંના કેટલાક પ્રસંગો જોવા છે અને એવા કોઈક સંજોગો આપણા જીવનમાં બને ત્યારે સાચી દિશા-રાહ તરફ ચાલવાની પ્રેરણા લેવી છે.

ગઢાળીના આંબા શેઠ કે જેમને શ્રીજીમહારાજના સ્વરૂપને વિષે અત્યંત પ્રેમ અને મહિમા હતો. મોટા શેઠિયા હોવા છતાં રોજ શ્રીજીમહારાજ માટે ગઢાળીથી ગઢડા દાતણ આપવા માટે પોતે જાતે ચાલતા જતા. પોતાના ઘેર નોકર-ચાકર હોવા છતાં જાતે ઈલાયચી, તજ, લવિંગના પાણીમાં દાતણને ખૂબ ભાવથી પલાળે અને સવારે ચાર વાગ્યે સૌથી પહેલાં મહાપ્રભુને જગાડવા માટે અક્ષરઓરડીનાં દ્વાર આગળ પહોંચી જતા. આવો તો રોજનો ક્રમ બની ગયો હતો. એક, બે કે પાંચ દિવસ તો શ્રદ્ધા રહે પણ કાયમી એવી ને એવી શ્રદ્ધા રહેવી એ કાંઈ સહેલી વાત નથી. એમના અંતરમાં મહાપ્રભુનો કેટલો મહિમા સમજાયો હશે !!

પરંતુ આ જ આંબા શેઠ એક દિવસ દાતણ લઈને ગઢડા પહોંચ્યા. પરંતુ આજે મોડું થઈ ગયેલું અને એમાંય વળી શ્રીજીમહારાજે લીલા ગ્રહણ કરી. આજે મહારાજને શરીરે થોડો મંદવાડ જણાતો હતો. જ્યારે આંબા શેઠ ગઢડા દાદાખાચરના દરબારમાં પહોંચ્યા ત્યારે મહાપ્રભુ મેડા ઉપરથી નીચે ઊતરી રહ્યા હતા. પરંતુ શરીરે થોડી કસર વર્તતી હતી. જેથી મહાપ્રભુએ બાજુમાં ઊભેલાં પંચાળાના ઝીણાભાઈનાં બહેન અદીબાના ખભે હાથ મૂક્યો. આ દશ્ય આંબા શેઠે જોયું અને અંદર મનુષ્યભાવના સંકલ્પો ઊઠવા લાગ્યા, ‘અરરર... અમારા ગૃહસ્થમાં તો માયા હોય પરંતુ મહારાજ તો ભગવાન કહેવાય છે. ભગવાનમાં પણ માયા હોય ? મહારાજ કહેવાય છે તો ભગવાન, પણ ખરેખર કાંઈ માલ નથી.’

આંબા શેઠે મહારાજનો મહિમા તો ઘણો જાણ્યો હતો પરંતુ સમય આવ્યે એ મહિમાનો વિચાર ન રહ્યો. પરભાવની મોટપનો સ્વીકાર ન કરી શક્યા અને પરિણામે એ સ્વરૂપને વિષે અવરભાવ-પરભાવનું બૅલેન્સ ન કરી શક્યા. શાસ્ત્રો એવું કહે છે કે એ આંબા શેઠ દાતણ આપવા માટે પણ ઊભા રહ્યા નથી અને મહારાજનાં દર્શન કર્યા વિના જ ગઢડાથી પાછા વળ્યા. એ દિવસથી સત્સંગ પણ મૂક્યો અને આવા સર્વોપરી મહારાજને પણ મૂક્યા.

પાંચ-સાત દિવસ થયા પરંતુ આંબા શેઠ દેખાતા નહોતા એટલે મહારાજે સભામાં પૂછ્યું કે, “ઘણા દિવસથી આંબો દેખાતો નથી. તે આંબો ખાટો થઈ ગયો લાગે છે.” મહારાજ તો અંતર્યામીપણે ઊઠેલા મનુષ્યભાવના સંકલ્પોને જાણતા જ હતા. એથી સદ્. મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી, “સ્વામી, તમે ખાંડની ગૂણ લઈને જાવ અને આંબાને મીઠો કરી આવો અને અમારો મહિમા સમજાવી, સત્સંગમાં પાછા લાવો.”

મહારાજની આજ્ઞા થતાં સદ્. મુક્તાનંદ સ્વામી આંબા શેઠના ઘેર ગયા. પરંતુ મહારાજને વિષે ઊઠેલા મનુષ્યભાવના સંકલ્પની જ્વાળામાં ફસાયેલા આંબા શેઠ સદ્. મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવા પણ તૈયાર નહોતા. જેથી સદ્. મુક્તાનંદ સ્વામીને એમને સત્સંગમાં પાછા લાવવા એમની ભેળા ભળવું પડ્યું. સદ્. મુક્તાનંદ સ્વામી આંબા શેઠની પાસે બેઠા અને આંબા શેઠે મહારાજને વિષે ઊઠેલા મનુષ્યભાવના સંકલ્પોનો ઊભરો કાઢવા માંડ્યો. આંબા શેઠે પોતાનો ઊભરો ઠાલવ્યો પછી સદ્. મુક્તાનંદ સ્વામીએ પણ મહારાજનો મહિમા કહેવાનો શરૂ કર્યો.

સદ્. મુક્તાનંદ સ્વામીએ આંબા શેઠને કહ્યું, “હે આંબા શેઠ, શું તમે મહારાજને ભગવાન નથી જાણ્યા ? શું તમે મહારાજનાં પરચા-ચમત્કાર, ઐશ્વર્ય, પ્રતાપ નથી જોયાં ? શું તમે મહારાજના પ્રતાપે અનંતને નિર્વાસનિક થતા જોયા નથી ? તો પછી એ સ્વરૂપને વિષે આવા માયિકભાવના સંકલ્પો કરવાનો આપણને કયો અધિકાર છે ? આંબા શેઠ, અગ્નિને કદી ઊધઈ લાગે ખરી ? શું આકાશને કદી ડાઘ લાગે ખરો ? તો શું આ મહારાજને વિષે માયાનો ભાવ હોય ખરો ? અનંત જન્મોના પાસથી છૂટવાનું અને સુખ પામવાનું દ્વાર તો મહારાજ છે. જો એ જ દ્વારને આવી રીતે બંધ કરી દેશો તો પછી ક્યાં જઈને છૂટશો ?”

આમ સદ્. મુક્તાનંદ સ્વામીએ આંબા શેઠને શ્રીજીમહારાજના સ્વરૂપનો ખૂબ મહિમા સમજાવ્યો. આંબા શેઠને મહાપ્રભુને વિષે ઊઠેલા મનુષ્યભાવના સંકલ્પો ભુસાવા લાગ્યા અને એ જ આંબા શેઠે મુક્તાનંદ સ્વામીના ખોળામાં માથું મૂકી પોક મૂકી, “સ્વામી, મારાથી મોટી ભૂલ થઈ ગઈ. મારી પર દયા કરો, મારા અપરાધને માફ કરાવો. શું મહારાજ મારો સ્વીકાર કરશે ?” ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, “આંબા શેઠ, મહારાજ તો અતિ દયાળુ છે, દિલના દરિયાવ છે. તેઓ આપણા દોષ સામું ક્યાં જુએ છે ? તે જરૂર તમારા અપરાધને માફ કરશે.”

સદ્. મુક્તાનંદ સ્વામી આંબા શેઠને મહારાજ પાસે લઈ ગયા.

જ્યાં આંબા શેઠને મહારાજનાં દર્શન થયાં કે તુરત જ મહારાજના ચરણ પકડી, સ્તુતિ-પ્રાર્થના કરવા લાગ્યા. શ્રીજીમહારાજે ક્ષમા તો આપી ખરી પરંતુ કસોટીમાં નાપાસ તો થઈ ગયા. અને એ નાપાસ થવાનું કારણ એક જ હતું કે મહારાજના સ્વરૂપનો દૃઢાવ નહોતો કર્યો.

આંબા શેઠનો પ્રસંગ તો ૨૫૦ વર્ષ પહેલાં બની ગયો. એ પ્રસંગને આપણે આપણા જીવનમાં કેવી રીતે ઉપયોગમાં લેવો ? આપણે મહારાજના સ્વરૂપનું જતન કેવી રીતે કરવું ? અત્યારે તો મહારાજ મનુષ્યને મનુષ્ય જેવાં દર્શન આપતા નથી, તો આપણે શું કરવું ? તો અત્યારે મહાપ્રભુએ પ્રતિમા સ્વરૂપ ધારણ કર્યું છે અને કૃપા કરી અવરભાવમાં આપણને પ્રતિમા સ્વરૂપે દર્શનદાન આપે છે. ખરેખર પરભાવમાં તો મનુષ્ય સ્વરૂપ પણ નથી કે પ્રતિમા સ્વરૂપ પણ નથી. એ તો એક માત્ર સદાય દિવ્ય સાકાર સ્વરૂપ જ છે. તેમ છતાં અવરભાવમાં મહારાજના સ્વરૂપનું જતન કેવી રીતે કરવું ? તો આના અનુસંધાનમાં બાપાશ્રીની વાતોમાં બાપાશ્રીએ ખૂબ સુંદર વાત કરી છે,

સદ્. વૃંદાવનસ્વામીએ બાપાશ્રીને પ્રશ્ન પૂછ્યો જે, "નાસ્તિકભાવ તે શું ? અને આસ્તિકભાવ તે શું ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મૂર્તિઓને વિષે ચિત્ર-પાષાણાદિકનો ભાવ રહે, તથા મુક્તને વિષે મનુષ્યભાવ રહે તથા મહારાજ વિના બીજો ઘાટ ઊપજે તેને પૂરો થવા દે પણ થતાં જ તે ઘાટને તોડી પાડે નહિ તે નાસ્તિકભાવ કહેવાય અને મૂર્તિઓને વિષે સદા દિવ્યભાવ રહે અને મહારાજ અને મુક્તને સદા અંતર્યામી જાણે ને સદા સમીપે જાણે ને સંકલ્પને પૂરો થવા દે નહિ એ આસ્તિકભાવ કહેવાય."

વર્તમાનકાળે મહારાજ આપણને આપણા આ ચર્મચક્ષુએ કરીને દેખાય છે પ્રતિમા જેવા, પણ એ સ્વરૂપને વિષેથી પ્રતિમાભાવનો પડદો કાઢી આ મૂર્તિ પ્રગટ જ છે... સાક્ષાત્ જ છે... તેજ, અનંત મુક્તો, લાવણ્યતા, સામર્થી, ઓજસ આ બધું જ આ મૂર્તિમાં જ છે. આવો પરભાવનો દૃઢાવ કરીએ તો વર્તમાનકાળે પણ મહારાજના સ્વરૂપનું જતન કર્યું કહેવાય.

જેટલું મહારાજના સ્વરૂપનું જતન કરવું જરૂરી અને ફરજિયાત છે એટલું જ એમના મુક્તનું કહેતાં સત્પુરુષનું જતન કરવું જરૂરી અને ફરજિયાત છે અને એટલે જ બાપાશ્રીએ મહારાજને વિષે ચિત્ર-પાષાણાદિકનો ભાવ રહે તેને તો નાસ્તિકભાવ કહ્યો પણ સાથે સાથે મુક્તને વિષે, સત્પુરુષને વિષે મનુષ્યભાવ રહે તેને પણ નાસ્તિકભાવ કહ્યો છે.

આપણને પ્રશ્ન થાય કે સત્પુરુષનું આટલું બધું મહત્ત્વ કેમ ? તો સત્પુરુષ છે એ સુખ પામવા માટેનું દ્વાર છે. જેમ ઘરના ઓરડામાં સોનું, ચાંદી, હીરા, માણેક, ચિંતામણિ આદિક ઘણા સુખના ઢગલા છે. પરંતુ એ ઓરડાનું બારણું બંધ છે. તો ઓરડામાં સુખના ઢગલા હોવા છતાં તે સુખને પમાતું નથી. તેમ મહારાજની મૂર્તિ એ જ સુખ છે, સુખનો સાગર છે. પરંતુ જ્યાં સુધી સત્પુરુષ ન મળે ત્યાં સુધી મહારાજના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ ન થાય. અને જેને સત્પુરુષ મળે અને એમને વિષેથી મનુષ્યભાવ ટળે તેને જ સત્પુરુષના વચનમાં યથાર્થ વિશ્વાસ આવે અને જેને વચનમાં વિશ્વાસ આવે તેને જ મહારાજનું સ્વરૂપ સમજાય. એને જ સુખનો અનુભવ થાય.

વર્તમાનકાળે મહારાજની પ્રતિમા સ્વરૂપ મૂર્તિને વિષે દિવ્યભાવનો દૃઢાવ કરવો સહેલો છે. કારણ કે એ નથી કદી ટોકવાના કે રોકવાના કે રુચિ દેખાડવાના. એ નથી કદી આપણા સ્વભાવ-પ્રકૃતિ છોડાવવાના કે નથી કદી આપણા મનમુખી કુંડાળાની બહાર લઈ જવાના. એવા જે કોઈ સંજોગો ઊભા થવાના છે તે સત્પુરુષના સાંનિધ્યમાં થવાના છે. કારણ, સત્પુરુષના માધ્યમ દ્વારા મહારાજ આપણામાં રહેલી કસરોને ટળાવે છે. માટે સત્પુરુષને વિષે દિવ્યભાવનો દૃઢાવ કરવો એ પણ ફરજિયાત છે.

સત્પુરુષનું પ્રાગટ્ય એક અને માત્ર એક જ હેતુથી છે અને એ છે જોગમાં આવેલા અનંતને શ્રીજીમહારાજનું ગમતું દિવ્યજીવન જિવાડવું. અનંતને શ્રીજીમહારાજના સંકલ્પ સમા પાત્ર કરવા અને પુરુષોત્તમરૂપની લટક આપી છતે દેહે મૂર્તિસુખના ભોક્તા કરવા. અને આ હેતુને, સંકલ્પને પૂર્ણ કરવા જ એ કૃપા કરી મનુષ્યને મનુષ્ય જેવા દેખાય છે. મનુષ્યને સમાસ થાય, હેત થાય એ માટે મનુષ્ય જેવી જ લીલાઓ-ચેષ્ટાઓ કરતા જણાય છે. વાસ્તવમાં એ સદાય દિવ્ય છે. અનાદિકાળથી આ જીવાત્મા દેહભાવે વર્ત્યા કરે છે. જેથી પોતાને વિષે તો દેહભાવનો દૃઢાવ થયેલો જ છે. પરંતુ જે દિવ્ય સ્વરૂપ એ દેહભાવ ટળાવી પુરુષોત્તમરૂપ કરવા પધાર્યા છે, એમને વિષે પણ દેહભાવ જ પરઠાય છે અને જ્યાં સુધી દેહભાવરૂપી અવરભાવ પરઠાય છે ત્યાં સુધી એમની મોટપ, એમનો પરભાવ સમજાતો જ નથી અને એ નથી સમજાતો એટલે એમના સ્વરૂપનું જતન પણ થતું નથી.

સદ્. મહાનુભાવાનંદ સ્વામી જેવા સમર્થ સત્પુરુષ મહારાજના ધામમાંથી પધાર્યા હતા અને કૃપા કરી અનંત જીવોને સુખિયા કરવા મનુષ્ય જેવા દેખાતા હતા. તેમના જ શિષ્યો એ દિવ્ય સ્વરૂપનું જતન ન કરી શક્યા.

સદ્. મહાનુભાવાનંદ સ્વામી લીમડી ગામે પધાર્યા હતા.



મહારાજને વિષે ચિત્ર-પાષાણાદિકનો ભાવ રહે તે નાસ્તિકભાવ.

સ્વામી પોતાના શિષ્યો સાથે બેઠા હતા. ત્યારે સ્વામીએ સૌ શિષ્યોને કહ્યું, “સંતો, આજે અમે બલદાણાના જૂઠા આચાર્યને શ્રીજીમહારાજ સાથે દર્શન આપી ધામમાં તેડી ગયા.” આટલું જ્યાં સ્વામીએ કહ્યું ત્યાં સ્વામીના જ મંડળમાંના એક શિષ્યે કહ્યું, “સ્વામી, હાલવાની તો તાકાત નથી. લાકડીના ટેકે ટેકે માંડ માંડ ચાલો છો અને ધામમાં તેડી ગયા એવાં ગપ્પાં શું કામ ઠોકો છો?”

મુક્તો, એ દિવ્યપુરુષના હૈયામાં આવા શબ્દો સાંભળીને કેવી ફાળ પડી હશે ? કેવી કંપારી છૂટી હશે ? આવા દિવ્ય સત્પુરુષ કે જે અખંડ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેતા હોય અને એમને વિષે પણ કેવળ મનુષ્યભાવ ! કેવળ અવરભાવ જ જોયો ! મુક્તો, વિચાર કરો, સદ્. મહાનુભાવાનંદ સ્વામીનું અંતર કેટલું દુભાતું હશે ? જે પોતાનાને પોતાના જેવા પુરુષોત્તમરૂપ કરવા પધાર્યા છે, એ જ પોતાના એ સ્વરૂપને વિષે દોષ પરઠે ! કેવી વિપરીત પરિસ્થિતિ !

પોતાના ગુરુને ગુરુ તો માન્યા હતા એટલે જ તો એમની પાસે સાધુ થઈને રહ્યા હતા. પરંતુ સત્પુરુષ તરીકેનો સ્વીકાર થયો નહોતો. પરિણામે સદ્. મહાનુભાવાનંદ સ્વામીના વચનમાં વિશ્વાસ ન આવ્યો. સદ્. મહાનુભાવાનંદ સ્વામી પોતાના શિષ્યના આવા શબ્દો સાંભળી અતિશે ઉદાસ થઈ ગયા અને નારાજગી સાથે બોલ્યા, “ये सच मानता नहि, लेकिन लिख ले, लिख ले, ये समय और तारीख लिख ले।”

આ વાતને તેર દિવસ થયા. તેરમા દિવસે જૂઠા આચાર્યનો દીકરો મંદિરે ઠાકોરજીને રસોઈ આપવા માટે આવ્યો. ત્યારે સદ્. મહાનુભાવાનંદ સ્વામી પૂછે છે કે, “आज रसोई देने क्यों आए ?” ત્યારે તેમણે કહ્યું, “સ્વામી, તમે તો મારા પિતાને શ્રીજીમહારાજની સાથે દર્શન આપી તેડી ગયા હતા અને આમ કેમ પૂછો છો ?” ત્યારે સ્વામીએ કહ્યું, “ईसको अपनी बात कहो।” આ સાંભળી સ્વામીના શિષ્યને પસ્તાવો થયો. સાથે રહેવા છતાં પરભાવના સ્વરૂપનું બૅલેન્સ ન કરી શકવાના કારણે સદ્. મહાનુભાવાનંદ સ્વામી જેવા દિવ્ય સત્પુરુષના સ્વરૂપનું જતન ન થઈ શક્યું.

અત્યાર સુધીના ઈતિહાસમાં મહારાજના સ્વરૂપનું અને મોટાપુરુષના સ્વરૂપનું જતન કરવામાં સમગ્ર સત્સંગ સમાજ થાપ ખાઈ ગયો છે. અને જેણે જેણે એમના સ્વરૂપનું પરભાવ સમજી જતન કર્યું એ જ એમના જેવા થઈ શક્યા છે. માટે વર્તમાનકાળે મળેલા સર્વોપરી મહારાજ અને મોટાપુરુષના સ્વરૂપનું જતન કરવું અતિ અતિ મહત્ત્વનું છે અને ફરજિયાત છે. માટે આપણે સૌ ભેગા મળી એ દિવ્ય સ્વરૂપોનું જતન કરતા થઈએ. શ્રીજીમહારાજને વિષેથી પ્રતિમાભાવનો પડદો કાઢીએ અને મોટાપુરુષને વિષેથી મનુષ્યભાવનો પડદો કાઢીએ.

એમાંય મોટાપુરુષને વિષેથી મનુષ્યભાવનો પડદો કાઢવા માટે સતત જાણપણું, વિચારનું બળ અને અખંડ પરભાવ આકારે જીવન જોઈશે. કારણ, એ આપણને એમના જેવા કરવા આપણા જેવા સજાતિ દેખાય છે, ત્યારે એમને વિષે ક્યારેય આપણા જેવા ભાવો પરઠાઈ ન જાય, મનષ્યભાવની-અવરભાવની એમની લીલાઓમાં ઝાંખા ન પડી જઈએ એ માટે સતત જાગ્રત રહેવું પડશે. શું જાગ્રત ? તો બસ, રખે ને એમના સ્વરૂપનું જતન કરવામાં કચાશ ન રહી જાય અને એના માટે માત્ર એક-બેથી નહિ પતે, સમગ્ર સમાજ જ્યારે એ આકારે થશે ત્યારે જ આ શક્ય બનશે. આ જાગૃતિને સાકાર સ્વરૂપ આપવા માટે જ તો આ મહાત્મ્ય વર્ષ છે.

મહાત્મ્ય વર્ષના મુખ્ય ચાર હેતુઓ છે. જેમાં (૧) સમગ્ર સત્સંગ સમાજ શ્રીજીમહારાજના મહિમા આકારે બને, (૨) મોટાપુરુષના મહિમા આકારે બને, (૩) સંતો-હરિભક્તોના મહિમા આકારે બને અને (૪) પોતાના સ્વરૂપના (સ્વ-સ્વરૂપના) મહિમા આકારે બને. આ ચાર હેતુઓમાંના પ્રથમ બે હેતુ જ્યારે સિદ્ધ થશે ત્યારે જ મહારાજ અને મોટાપુરુષના સ્વરૂપનું યથાર્થ જતન થયું ગણાશે.

શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્ગુરુશ્રીઓ તથા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં એ જ પ્રાર્થના કરીએ કે, “હે દયાળુ, આપના દિવ્ય સ્વરૂપને વિષે કદી મનુષ્યભાવનો સંકલ્પ ન ઊઠે એવી દયા કરો... આપ અવરભાવની ગમે તેવી લીલા જણાવો, ભલે પછી મંદવાડ લીલા હોય તોપણ એક જ વિચાર અખંડ રહે કે જેનાં દર્શને, આશીર્વાદે, સંકલ્પે અનંતના આંતર અને દૈહિક રોગ ટળી જતા હોય તો એ દિવ્ય સ્વરૂપને વિષે કેવો મંદવાડ ! જેના સંકલ્પે, દૃષ્ટિએ, સ્પર્શે અનંત નિર્વાસનિક થઈ જતા હોય એમને વિષે વળી માયાનો ભાગ કેવો ? બસ, એ સ્વરૂપ દિવ્ય જ છે. આવો પરભાવનો દઢાવ કરાવો... દઢાવ કરાવો... અને ભૂલેચૂકે આપના દિવ્ય સ્વરૂપનું જતન ન થઈ શક્યું હોય અને તેને લીધે આપ દુભાયા હોય તો અમ સૌને આપના સેવકો જાણી રાજી રહેજો... ક્ષમા કરજો... પરંતુ આપ કદી ઉદાસ ન થતા. આપનું હસતું મુખારવિંદ એ જ અમારા સૌના દોષમાત્ર, દુઃખમાત્રને ટાળવાનો રાજમાર્ગ છે. માટે હે દયાળુ, છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય એ ન્યાયે આપનું બિરુદ જાણી સદાય નિભાવજો અને આપના સ્વરૂપનું જતન કરતા થઈએ, આપને વિષે દિવ્યભાવનો દઢાવ થાય એવી દયા કરો... દયા કરો ને કરો.

# શ્રીજીમહારાજના ભાઈબંધ

**શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં અલૌકિક ચરિત્ર**

**(જાન્યુઆરી : ૧૯૯૯)**

"કેમ છે ભાઈબંધ? કેમ આટલું બધું હાંફો છો?"

"મજા છે મહારાજ. આજ ખૂબ લડીને આવ્યો છું મહારાજ."

"કોની સાથે? શા માટે લડવું પડ્યું તારે?"

"મહારાજ, ઘેલામાં નહાવા ગયો હતો. ત્યાં મારા પડછંદાને જોયો. તેને પકડવા દોડ્યો. પણ પકડાતો જ ન હતો. ખૂબ પાછળ પડ્યો. તેની સાથે લડી લડીને થાકી ગયો છું. તેથી ભૂખ બહુ લાગી છે, મહારાજ."

"બ્રહ્મચારી, આને શેર ઘી અને શેર સાકર આપો. એણે આજ ખૂબ મહેનત કરી છે. તે મારો ભાઈબંધ છે."

"ભલે મહારાજ." એમ કહી મૂળજી બ્રહ્મચારીએ તેને એક મોટી તાંસળીમાં શેર ઘી અને શેર સાકર જમવા માટે આપ્યાં. પછી તે જમવા લાગ્યો.

ઉપરોક્ત વાતચીત મહારાજ અને રતા નામના કાઠી સાથે ચાલતી હતી. રતો મહારાજનો પ્યારો મિત્ર હતો. મહારાજ તેની સાથે ખૂબ હેત કરતા. રતો જેતપુર નજીક આવેલા ટોળી ગામનો હતો. બશિયા કાઠીનો તે પુત્ર હતો. રતો ખૂબ ભોળો, નિર્દોષ અને દૃઢ આજ્ઞાપાલક હતો. મહારાજની જીભ ફરે તેમ તેના પગ ફરતા. ગમે તેવું કપરું કામ મહારાજ તેને બતાવે તોપણ તેમાં જરા પણ સંકોચ કે સંશય વગર તે તરત જ કરી દેતો. તે શૂરવીર, બાહોશ અને નીડર હતો. મહારાજની આજ્ઞા પાળવામાં તો જરા સરખી પણ ઢીલ ન કરતો. તે માટે તે સખત તાપ કે કડકડતી ઠંડી કે ધોધમાર વરસાદની પણ પરવા કરતો નહીં. મહારાજ તેને જે ગામે કે જે સ્થળે રહેવાનું કહે ત્યાં જ તે દૃઢ મન કરીને રહેતો. મહારાજ ને સંતની આજ્ઞામાં સંશય શાનો ? જુઓ, આ રહ્યાં મહારાજનાં વચનો, "જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, ભગવાન તથા સંત તે મુને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે, એમ તેના હૈયામાં હિંમત રહે, અને આટલું વચન મુથી મનાશે ને આટલું નહિ મનાય એવું વચન તો ભૂલે પણ ન કહે."

- ગઢડા પ્રથમનું ૧૫મું વચનામૃત

"મહારાજ, એ ગાંડાને ક્યાં ઘી-સાકર આપ્યાં ?" સુરાખાચરે કહ્યું.

"મહારાજ ! હા, હું ગાંડો ને આ સુરો ડાહ્યો. અહીં તો મોટો પાઘડો બાંધીને બેઠો છે પણ ઘરમાં તો એક ઢીંગલાનીય (પૈસાનીયે) કિંમત નથી." રતો ઘી-સાકર જમતાં જમતાં બોલી ઊઠ્યો.

"અરે રતા ગાંડા ! દરબારને (સુરાખાચરને) આમ ન કહેવાય." સદ્. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું.

"મહારાજ ! આ બ્રહ્માનંદ ભલે ડાહ્યા ને હું ગાંડો. પણ તે કીર્તનમાં એક ચરણ અહીંથી લીધો ને એક ચરણ અહીંથી લીધો. પણ તેમાં ક્યાંય તમારું નામ છે ?" રતો જમતાં જમતાં બોલી ઊઠ્યો. તે સાંભળી મહારાજ હસી પડ્યા.

"મહારાજ ! આવા ગાંડા સાથે ભાઈબંધી રખાતી હશે ? એને નથી બોલતાં આવડતું કે નથી ખાતાં-પીતાં આવડતું કે નથી સૂતા પણ આવડતું. કાલ ઘોડશાળમાં વચ્ચોવચ્ચ આડો સૂઈ ગયેલો. કોઈ ઘોડાનો પગ તેના પર આવે તો તેના હાથ-પગ ભાંગે કે રહે ?" સુરાખાચરે કહ્યું. સદ્. બ્રહ્માનંદ સ્વામી, રતનજી, મિયાંજી અને ડુંગરજીએ તેમાં સાખ પુરાવી. તે સાંભળી મહારાજ ફરીથી હસી ઊઠ્યા. અને બોલ્યા, "તમે સૌ એને નથી ઓળખતા."

"હા મહારાજ ! તમે મારા સાચા ભાઈબંધ છો. તેથી મને ઓળખો છો. આ બધાને મને ઓળખી શકે તેવી સારી બુદ્ધિ આપજો." એમ કહી ઘી-સાકર (બશેરેય) જમાડી રતો મહારાજનાં ચરણસ્પર્શ કરી બે હાથ જોડી સામે ઊભો અને બોલ્યો, "મહારાજ ! હવે કોઈ કામ છે કે માણકીની સેવામાં જાઉં ?"



મહારાજને વિષેથી પ્રતિમાનો પડદો કાઢીએ.

"હા રતા, ઘેલાને સામે કાંઠે પૂજાપો પહોંચાડવાનો છે. ત્યાં વ્રજાનંદ સ્વામીને આપી આવવાનો છે. કોણ તૈયાર છે ?" મહારાજે કહ્યું ત્યારે ઘેલામાં ચોમાસાના ભારે વરસાદને લીધે ચારે કાંઠે પૂર આવેલું તેથી કોઈ તૈયાર ન થયું. ત્યાં રતો તરત જ બોલી ઊઠ્યો, "આ તમારો ભાઈબંધ તૈયાર જ છે. તમે આજ્ઞા કરો તેમ જ મારે કરવું છે."

મહારાજે રતાને પૂજાપો આપ્યો અને રાતે નવ વાગે તે આપવા જવાનું કહ્યું. રતાની સાથે પ્રાગજી દવેને જવા માટે આજ્ઞા કરી; ત્યારે પ્રાગજી દવે બોલી ઊઠ્યા, "મહારાજ ! બીજા સાથે જવા તૈયાર છું. પણ આ ગાંડા સાથે મને ક્યાં મોકલો છો ? એ તો મને ઘેલામાં ડુબાડી દે."

"અલ્યા પ્રાગલા ! મારી સાથે ચાલતાં બીક લાગી ? મહારાજનું વચન કદી ઉલ્લંઘાય ? કદી ના નો પડાય. પુરાણી થઈને ના પાડે છે ? ચાલ; નહિ તો તને ઢસેડીને લઈ જઈશ." એમ કહી પ્રાગજી દવેનો હાથ ઝાલી પોતાની સાથે લીધા. પછી પુરાણી પણ મને-કમને રતાની સાથે ચાલ્યા.

રાતનો સમય હતો. રાતે નવ વાગ્યા હતા. ચારેકોરે અંધકાર છવાઈ ગયો હતો. નદીમાં પૂર પણ ચારે કાંઠે વહેતું હતું. ત્યાં તો રતાએ જોરથી કીર્તનો લલકારવાં શરૂ કર્યાં. "અલ્યા રતા ! આવી રીતે કાં ગાંગરવા માંડ્યો છે ? છાનો મરને." પ્રાગજીભાઈએ તેને રોકતાં કહ્યું. પણ રતાને તો ભગવાનનો કેફ અને મસ્તી હતાં. તેણે કહ્યું, "તને બીક લાગે છે ? આવા સર્વોપરી ભગવાન મળ્યા ને બીક કેવી ? હું સાથે - આ જમ જેવો છું ને તને બીક શાની લાગે છે ? જે કોઈ બીક હશે તેનો હું નાસ્તો કરી દઈશ. પછી છે કંઈ તને ? ચાલ, શૂરવીર થઈને." એમ કહી પ્રાગજીભાઈનો હાથ ઝાલી જોરથી કીર્તન લલકારતો રતો ઘેલા નદીને કિનારે આવ્યો. ભારે પૂર જોઈ પ્રાગજી દવે તો થંભી ગયા. રતો કહે, "તું અહીં ઊભો રહે. ડરતો નહિ હોં. હું આ પૂજાપો સામે નદી પાર કરીને હાલ જ આપીને આવું છું." એમ કહી રતો ઘેલાના પૂરમાં કૂદી પડ્યો. પૂજાપો એક હાથમાં ઊંચો રાખી તરતો તરતો સામે કાંઠે પહોંચ્યો. વ્રજાનંદ સ્વામીને પૂજાપો આપી, "આ મહારાજે મોકલ્યો છે. બીજું કંઈ કામ છે ?" કહી ઊભો રહ્યો.

"રતા ! આવા ભારે પૂરમાં પણ તું આવી પહોંચ્યો ? તને બીક ન લાગી ? કઈ રીતે આવ્યો ?" વ્રજાનંદ સ્વામીએ કહ્યું.

"સ્વામી, મહારાજ કરતાં બીજું કોઈ મોટું છે ? આવા સર્વાવતારી ભગવાન આપણને મળ્યા ને બીક શાની ? ડર શાનો ? બોલો બીજું કામ હોય તો !" રતાએ નીડરતા અને મહારાજની પ્રાપ્તિના કેફ સાથે કહ્યું. "ના, બીજું કંઈ કામ નથી. પણ તું સાચવીને જજે." વ્રજાનંદ સ્વામીએ કહ્યું.

"મહારાજ આપણા કર્તા-હર્તા છે. એ સાચવશે. સ્વામી, જય સ્વામિનારાયણ. પેલો પ્રાગલો ત્યાં બીશે. હું જાઉં છું." કહેતાંની સાથે જ ઝડપથી રતો પાછો વળ્યો. પણ પાસેના વડની એક ડાળી તોડી સાથે લીધી. ઘેલાના પૂરમાં ઝંપલાવ્યું. અને તરતો તરતો સામે કિનારે પ્રાગજી દવે પાસે પહોંચી ગયો.

"ચાલ પ્રાગજી, પૂજાપો આપી આવ્યો." રતો બોલ્યો.

"પણ આ તારા હાથમાં શું છે ?" પ્રાગજીભાઈએ કહ્યું.

"એ તો વડની ડાળી છે. કોઈને શંકા જાય કે પૂરમાં રતો જઈ શક્યો નથી. પૂજાપો આપ્યા વગર પાછો આવ્યો છે. તેની ખાતરી રૂપે (પુરાવા રૂપે) આ વડની ડાળી લીધી છે." રતાએ કહ્યું. પછી પ્રાગજી દવે સાથે રતો ચાલવા લાગ્યો. ફરીથી તેણે મોટે સાદે કીર્તન લલકારવાં શરૂ કર્યાં.

"અલ્યા, છાનો મરને, અત્યારે કોઈ જાગે છે ? મૂંગો મરીને ચાલ." પ્રાગજીભાઈ બોલ્યા. "ભૂત, પ્રેત, પિશાચ જે હોય તે આવો અને આ પ્રાગલાને ખાઈ જાઓ." રતો બોલ્યો. "છાનો મર, છાનો મર." પ્રાગજી દવેએ કહ્યું. "પ્રાગલા, તને એક વાર તો કહ્યું છે કે આવો જમ જેવો મહારાજનો સેવક સાથે છું ને તને બીક શાની લાગે છે ? આપણે ક્યાં એકલા છીએ ? આપણા સર્વાવતારી મહારાજ આપણી સાથે છે. પછી શાનો ડર હોય ?" એમ કહી કીર્તન લલકારતો, પ્રાગજીભાઈને હિંમત આપતો રતો મહારાજ પાસે આવ્યો. મહારાજને વડની ડાળીની નિશાની બતાવતાં કહ્યું, "મહારાજ, પૂજાપો આપી આવ્યો. આ તેની નિશાની."

મહારાજ તેના પર ખૂબ રાજી થયા અને તેને જમવાનું આપવા બ્રહ્મચારીને કહ્યું. બ્રહ્મચારીએ તેને બે બાજરીના રોટલા, શેર ગૉળ, શેર ઘી અને તાંસળું ભરી છાસ આપી. રતો તે જમી ઘોડશાળમાં ગયો. ત્યાં માણકી અને બીજા ઘોડાઓને ઘાસ-પૂળા નાખી, તેમની લાદ વગેરે સાફ કરી દરેક ઘોડા પર હાથ ફેરવી મહારાજનાં ચેષ્ટાનાં પદો બોલીને પોઢી ગયો.

સવારે ઊઠી મહારાજની સ્મૃતિ સાથે ભગવાનની પ્રાપ્તિના કેફમાં મોટેથી પ્રભાતિયાં લલકારતો રતો ઘોડાઓની સેવા કરી

મંદિરનાં રાતનાં વાસણો માંજી, દરબાર ચોક વાળી પછી સ્નાનાર્થે જતો. ઉત્સવ-સમૈયામાં સંતો અને નાનામાં નાના ભક્તોની સેવા પોતાની પર કૃપા માની કરતો. તેથી મહારાજ તેના પર ખૂબ રાજી થતા. કીર્તનમાં પણ સદ્. મુક્તાનંદ સ્વામીએ આવી સેવાને પ્રેરણાદાયક ઉચ્ચ અને ઉત્તમ સેવા કહી છે. જુઓ આ રહ્યા સ્વામીના જ શબ્દો :

“દાસી થઈ તું રહેજે દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને મહેર જો.”

શ્રીજીમહારાજે પોતાની વચનામૃતની દિવ્યવાણીમાં પણ કહ્યું છે કે, “જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને તે સેવા કરવી, તે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારુ ન કરવી.” - ગઢડા મધ્યનું ૪૧મું વચનામૃત

વળી ગઢડા છેલ્લાના ૭માં પણ ભગવાનના ભક્તની સેવાથી કામ, ક્રોધાદિક શત્રુ પરાભવ પામે છે તથા વડતાલના પાંચમા વચનામૃતમાં પણ ભગવાનના ઉત્તમ ભક્તની સેવાથી સો જન્મની કસર ટળી જાય છે. અને મધ્યના ૨૮મા વચનામૃતમાં પણ મન, કર્મ, વચને ભગવાનના ભક્તની સેવા કરવાથી ભગવાન રાજી થાય છે. આમ, સેવાભક્તિ એ મહારાજના રાજીપાનું અને મોક્ષનું મોટું સાધન છે. તેથી રતો ભલે શાસ્ત્રોનો જ્ઞાતા કે મોટો વિદ્વાન ન હતો પરંતુ તેણે મહારાજના રાજીપાનું સાધન-સેવા જીવમાં વણી લીધી હતી.

બીજા દિવસે સવારે શ્રીજીમહારાજ સંતો અને મુક્તોની સભામાં દિવ્ય કથામૃતનું પાન કરાવી રહ્યા હતા. ત્યારે મહારાજે રતાને બોલાવ્યો. ભગુજી રતાને સભામાં લઈ આવ્યા. મહારાજે રતાને કહ્યું, “રતા, અમે તારી ગઈ કાલ રાતની સેવાથી તારા પર રાજી થયા છીએ. તું કંઈક વર માગ.” સભામાં બેઠેલા સુરાખાચરે રતાને, “માણકી ઘોડી માગ, રતા” એમ કહ્યું. ત્યારે રતો બોલ્યો, “સુરા, કંઈ ગમ પડે છે કે નહીં ? માણકી તો અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ અને સર્વાવતારી આપણા સ્વામિનારાયણ ભગવાનનું વાહન છે, તે તો મહારાજની આપણા બધા કરતાં મોટી સેવક છે. મહારાજનું દિવ્ય વાહન છે. તેના પર આપણાથી બેસાય ? તે નોં મગાય.” “તો મહારાજનું સોનેરી મોળિયું માગ.” સુરાખાચરે બીજું સૂચન કર્યું.

“સોનેરી મોળિયું આપણ સેવકને શોભે ખરું ? તે તો ભગવાનને જ શોભે.” રતાએ કહ્યું.

“આ રતાને આપણે ગાંડો કહીએ છીએ પણ આ તો અનેક શાસ્ત્રીઓ અને વિદ્વાનો કરતાં પણ ડાહ્યો છે. આને કેમ ગાંડો કહેવાય ? રતાની સમજણ તો જુઓ.” સભામાં બેઠેલા રતનજીએ રતાની સમજણ વખાણી.

“મહારાજ ! આપ મારા પર રાજી હો તો આપના થાળની પ્રસાદી મને આપો. જેથી મારામાં આ સંતોના અને તમારા ગુણો આવે.” રતાએ માગ્યું. રતાની આ માગણીથી સભામાં બેઠેલા સંતો અને મુક્તોને રતાના ગાંડપણમાં પણ ડહાપણ અને બુદ્ધિશાળીપણું દેખાયું. સૌને તેનામાં નિષ્કામ સેવા, નિર્દોષભાવ અને નિષ્કપટપણાનાં દર્શન થયાં.

પછી મહારાજ બોલ્યા, “જા રતા, આજથી પંદર દિવસ સુધી હું મારા થાળની પ્રસાદી તને આપીશ.” તે સાંભળી રતો ખૂબ જ રાજી થયો અને બોલ્યો, “મહારાજ ! આપ આ રતનજી, મિયાંજી અને ડુંગરજીને કહી દો કે મને તમારાં દર્શન કરવા તમારી પાસે આવવા દે. તેઓ મને બહુ રોકે છે.” એમ કહી રતો મસ્તીમાં મહારાજનું કીર્તન, “આવા ને આવા રે રહેજો મારી આંખલડીમાં રે, આવા ને આવા.” એમ મોટેથી લલકારતો લલકારતો જતો હતો. ત્યાં જ મહારાજ બોલ્યા,

“રતા, બહુ બોલ બોલ ન કરીએ.”

રતાએ કહ્યું, “મહારાજ, કેમ ન બોલું ? આ કંઈ અપશબ્દો છે ? ગાળ છે ? તમારું કીર્તન છે. તેથી હું તો બોલીશ જ. મહારાજ ! તમે મળ્યા ત્યારથી મારું અંતઃકરણ ખૂલી ગયું છે. તેથી હું તો બોલીશ. ભલે મને ઘણા લોકો ને ભક્તો ગાંડો કહે. હું ગાંડોઘેલો પણ તમારો જ છું ને ! તમે મને શરણે લીધો એથી મારું બીજું કયું મોટું ભાગ્ય ?”

મહારાજ તેના આ શબ્દો સાંભળી હસી પડ્યા અને પાર્ષદોને કહી દીધું કે, “તેને મારાં દર્શન કરવા અને અમે જમવા બેસીએ ત્યારે થાળની પ્રસાદી જમવા આવવા દેજો. તેને મા રોકો.”

રતાના ગયા પછી સંતો અને કાઠી ભક્તો તથા પાર્ષદો વિચારમાં પડી ગયા. સંકલ્પો કરવા લાગ્યા કે રતાને પંદર દિવસ સુધી મહારાજની પ્રસાદી મળશે તેમાં તો કંઈ વાંધો નહિ; પણ આપણે ત્યાં સુધી પ્રસાદીથી વંચિત રહીશું. મહારાજ તે સૌના સંકલ્પો જાણી ગયા. મહારાજ તો અંતર્યામી છે. મહારાજ બોલ્યા, “તમે બધા શા સંકલ્પો કરી રહ્યા છો ? અમે જે કરતા

હશું તે યોગ્ય જ કરતા હશું.'' મહારાજે પછી વાત બદલી બધાનું ધ્યાન તે વાત પર કેન્દ્રિત કર્યું. મહારાજ બોલ્યા, ''સંતો, મુક્તો, જામનગરના જામસાહેબને જમાડવા હોય તો આપણે શું કરીએ ?'' સદ્. બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, ''આપણે તે માટે અઠવાડિયાથી તૈયારી કરવી પડે.'' ''ગાયકવાડ સરકારને જમાડવા હોય તો ?'' મહારાજે આગળ કહ્યું. સદ્. મુક્તાનંદ સ્વામીએ ઉત્તર આપ્યો, ''તો તો પંદર દિવસ અગાઉથી તૈયારી કરવી પડે.'' ''અને ચક્રવર્તી રાજાને જમાડવા હોય તો ?'' મહારાજે આગળ ત્રીજો પ્રશ્ન પૂછ્યો. ત્યારે મૂળજી બ્રહ્મચારી બોલ્યા, ''મહારાજ, તો તો ઘણા સમય સુધી તૈયારી કરવી પડે.''

મહારાજે કહ્યું, ''આ રતો તમને ગાંડો દેખાય છે પણ તે કોણ છે તેની તમને ખબર છે ?'' ''ના મહારાજ.'' એમ બોલતાં સૌ સંતો અને સભાજનો તે સાંભળવા આતુર બન્યા. મહારાજે કહ્યું, ''જાઓ, રતાને બોલાવી લાવો.'' પછી બેચર ચાવડા ઘોડશાળમાંથી રતાને બોલાવી લાવ્યા.

મહારાજનો ચરણસ્પર્શ કરી, ''મહારાજ ! મને કેમ બોલાવ્યો ? આ સુરો અને બીજા કાઠીઓ ઈર્ષાળુ છે. તમારા થાળની પ્રસાદી મને મળવાની છે તેમાં ભાગ પડાવવા મને બોલાવડાવ્યો લાગે છે ?'' રતો શંકાશીલ થઈ બોલી ઊઠ્યો.

''ના, ના ભાઈબંધ, એવું નથી. આ બધાને તને ઓળખવો છે. તેથી તને બોલાવ્યો છે.'' મહારાજે કહ્યું. ''તે આટલા બધા દિવસથી તમારી ને એમની સેવા કરું છું. છતાં એ મને નથી ઓળખતા ? હું ટોળી ગામનો છું અને બશિયા કાઠી મારા બાપ છે. પણ આ બધું તો ખોટું છે. હું તો મહારાજનો ગાંડોઘેલો સેવક છું. હું સર્વાવતારી, સર્વોપરી મહારાજનો દીકરો છું. મને આવા સમર્થ અને મહાન બાપ મળ્યા તેનો મને કેફ છે. મસ્તી છે. તેમણે મને તેમની દિવ્ય મૂર્તિના સુખનો અધિકારી કર્યો છે. પોતારૂપ બનાવ્યો છે. તેથી કેમ કેફ ન હોય ? બોલો, હવે મને ઓળખ્યો ? આ મારી ખરી ઓળખાણ આપી હોં !'' રતાએ કેફથી ને મસ્તીથી કહ્યું.

સંતો ને ભક્તોને રતાનો જવાબ નહોતો સાંભળવો. તેમને તો મહારાજ રતાની ઓળખાણ આપવાના હતા તે જાણવું હતું. તેથી સદ્. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી, ''મહારાજ, આ રતો ગાંડો લાગે છે પણ તેની વાણી સાંભળતાં તે ગાંડો નથી લાગતો. આપ તેની ઓળખાણ કરાવો ને.'' આ સાંભળી સૌ સભાજનો આતુર હૈયે મહારાજ રતાની કેવી ઓળખાણ આપે છે તે માટે એકાગ્ર બન્યા.

મહારાજ કહે, ''રતો જ તમને તેની ઓળખાણ આપશે.'' એમ કહી મહારાજે રતા પર કૃપાદૃષ્ટિ કરી. ત્યાં તો રતાને તેના પૂર્વજન્મની સ્મૃતિ થઈ. ફિલ્મની પટ્ટીની જેમ તેને પૂર્વજન્મના પ્રસંગો સ્મરણપટ પર તાદૃશ્ય થવા લાગ્યા. મહારાજે રતાને કહ્યું, ''બોલો ભાઈબંધ, તમે કોણ છો ?''

રતો બોલ્યો, ''અહોહો, મહારાજ ! હું તો ગયા જન્મમાં બંગાળ દેશના એક મઠનો મહંત હતો. હું તો મોટો યોગી હતો. મારે ૬૦ શિષ્યો હતા. તે મારી સેવાચાકરી કરતા હતા અને મારો પડ્યો બોલ ઝીલતા હતા. પરંતુ મને બે શિષ્યોએ ભૂલથી અણગળ દૂધ પાઈ દીધું. મેં ધર્મના નિયમનો ભંગ કર્યો. તેથી છ માસ બાદ મારું મૃત્યુ થયું... પછી અહોહો... મહારાજ ! (મહારાજે રતાને તેના બીજા જન્મની સ્મૃતિ કરાવી) હું તો તૈલંગ દેશનો રાજા હતો. મારા નીચે ૫૫ ખંડિયા રાજાઓ હતા. હું ચક્રવર્તી રાજા હતો. સૌ રાજા મને ખંડણી ભરતા. મારો મુજરો કરતા. મારી આજ્ઞામાં રહેતા. હું ધર્મ-નિયમ મુજબ મારું રાજ્ય ચલાવતો હતો. ધાર્મિક અને પ્રજાપ્રેમી રાજા તરીકે મારી ચોમેર નામના પ્રસરી હતી. અને... (રતો આગળ બોલવા જાય છે ત્યાં મહારાજે ફરીથી તેના પર દૃષ્ટિ કરી એટલે તેની ચક્રવર્તી રાજા તરીકેના જન્મની સ્મૃતિ અદૃશ્ય થઈ. મૂળ સ્મૃતિ આવી પણ તેનો થોડોક અંશ તેના સ્મરણપટ પર રહી ગયો તેથી) તે બોલ્યો, ''મહારાજ, આપને જમવાનો સમય થઈ ગયો છે. આપના જમ્યા વગર મને આપની પ્રસાદી કેવી રીતે મળે ?''

સદ્. બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, ''રતા, આગળ તારી ઓળખાણ આપવી ચાલુ રાખ. તારી પ્રસાદીમાંથી કોઈ ભાગ નહિ પડાવે.'' ''ના સ્વામી, હવે મને ભૂખ લાગી છે. તમારું પેટ તો મારા કરતાંય મોટું છે ! શું તમને ભૂખ નથી લાગી ? આ બીજા સંતો અને ભક્તોને પણ ભૂખ લાગી છે. જુઓને આ સુરાખાચર તો ખાઉધરો, મને પેટ બતાવી રહ્યો છે. અને વાત બંધ કરવા ઈશારો કરી રહ્યો છે. માટે હવે તો સૌ ઠાકોરજી જમાડવા પધારો. મહારાજ પ્રથમ જમાડે. મને પ્રસાદી આપે. તે જમી હું વાસણ માંજવા, ઘોડાઓની લાદ સાફ કરવી વગેરે સેવા કરીશ. તેથી મને વખત લાગશે.''

# આદર્શ ભક્તગાથા

## (ભક્તરાજ ઝીણાભાઈ)

### (ફેબ્રુઆરી : ૧૯૯૭)

શ્રીજીમહારાજ સત્સંગમાં અનંત મુક્તોને પોતાની સાથે લાવ્યા. એ મુક્ત સમાજે પોતાના આદર્શ દિવ્ય ગુણોથી આજુબાજુના સર્વેને આદર્શતા તથા દિવ્યતા તરફ પ્રેર્યા છે. અને તેથી જ એવા ભક્તોને આજે પણ હજારો ભક્તો યાદ કરી, તેમના પ્રેરણારૂપી પીયૂષ વાંચી, સાંભળી, વિચારી, જીવનમાં ઊતારી આદર્શ જીવન જીવતા થયા છે. અને ભવિષ્યમાં પણ હજારો ભક્તો તેમના જીવનમાંથી પ્રેરણા લઈ શકે એવા સૌને કરવાનો મહારાજ અને મોટાનો સંકલ્પ છે. એટલે જ શ્રીજીમહારાજે મધ્યના ૪૫મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘તમે અમારા છો માટે અમારે તમારામાં તલમાત્ર કસર રહેવા દેવી નથી.’ એટલે કે આદર્શ બનાવવા છે અને આપણા ગુરુદેવ પ.પૂ. બાપજી પણ કહેતા કે, અમારો તો સંકલ્પ છે કે સૌ સંતોને ગોપાળાનંદ સ્વામી જેવા અને સર્વે ભક્તોને દાદાખાચર તથા પર્વતભાઈ જેવા કરવા છે. માટે આપણે પણ તેવા ભક્તોનાં જીવનવૃત્તાંત પરથી દિવ્ય ગુણો કેળવવા પ્રયત્ન કરીએ અને એવા જ એક આદર્શ ભક્ત કે જે મહારાજની માળાના મણકામાં સ્થાન પામ્યા હતા, તેમના જીવનની ગાથા જોઈએ.

સૌરાષ્ટ્રની રસદાર ભૂમિ કે જ્યાં ઉત્તમ પ્રકારના પાક તૈયાર થાય છે. તેમજ વિવિધ વનૌષધિઓ જ્યાં બારેમાસ ફળથી ભરપૂર ઝૂલતી હોય છે. અને જેના ગુણ સંપ્રદાયના ઇતિહાસમાં ગવાય છે એવા એક પ્રદેશમાં, એક ઊંચા ટેકરા પર જાણે ઊંચે ચડીને અવિનાશીને આવવાની પ્રતીક્ષા કરતું હોય એવું પુનિત પંચાળા ગામ વસેલું છે.

પંચાળાની આ પવિત્ર ભૂમિમાં ધર્મનિષ્ઠ ક્ષત્રિય રાજા હેમંતસિંહજી થઈ ગયા. જેમને સત્સંગમાં સૌ કોઈ ઝીણાભાઈના નામથી નવાજતા. આ રાજવીના નિર્મળ ભક્તિભાવ તથા પ્રેમને વશ થઈ અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સ્વયં સ્વામિનારાયણ ભગવાન અનેક વખત પંચાળા પધાર્યા હતા. સાથે સાથે પાંચસો પરમહંસો પણ પધારેલા. ત્યાં અનેક લીલા ચરિત્રો કર્યાં અને સ્વયં મહાપ્રભુ સંતો તથા ભક્તો સાથે રાસ રમ્યા અને સૌને સુખ આપ્યાં. આવા અનેક અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપને નજરે નિહાળી અનેક જીવો શ્રીહરિના દૃઢ આશ્રિત થયા.

સંતો-ભક્તોની દિવ્ય સભામાં શ્રીહરિએ સ્વયં બ્રહ્મરસની ઝડી વરસાવી સ્વ-સ્વરૂપના જ્ઞાનનાં દાન દીધાં. આ ઉપદેશ વચનો મોટા નંદસંતોએ એકત્રિત કર્યાં અને સુવર્ણ અક્ષરે પંચાળા વિભાગના વચનામૃતમાં નોંધ્યાં. જે આજે પણ આપણે વાંચીએ છીએ.

જેને શુદ્ધ અને નિર્દોષભાવથી ભગવાન વશ થયા તે ભક્તરાજ ઝીણાભાઈને ભગવાન સ્વામિનારાયણે પણ ‘સમજણવાળા સત્સંગી’ કહીને વચનામૃતમાં વખાણ્યા છે. ઝીણાભાઈના જીવનમાં નિયમ, નિશ્ચય અને પક્ષ દૃઢપણે વણાયેલા હતા. આમ તેઓ પાકા સત્સંગી, આદર્શ અને પ્રેરણાદાયી ભક્તની પંક્તિમાંના એક હતા.

ઝીણાભાઈનું નામ ‘ઝીણા’ હતું પરંતુ તેઓ બહુ મોટા હતા. તેમના ગુણો બહુ ઊંચા હતા. ભગવાન અને ભગવાનના ભક્તો તે તેમના માટે જીવન હતું. પોતે સત્સંગની સેવા તથા સત્સંગનો પક્ષ શિર સાટે રાખતા.

મહારાજ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધેલું. એક

વખત ઝીણાભાઈ દરબારે સારામાં સારી ૩૦૦ રૂપિયાની ઘોડી લીધી. એ વખતના ૩૦૦ રૂપિયા એટલે અત્યારના ત્રણ લાખ જેટલા થાય. એ વખતના જમાનામાં દરબારોની શાન એમની ઘોડીને લઈને હતી. ભગવાનની આજ્ઞાનુસાર કોઈ પણ નવી વસ્તુ પ્રસાદીની કરવી જોઈએ. આથી નવી ઘોડી લઈને પ્રસાદીની કરાવવા ગઢપુર મહારાજ પાસે આવ્યા અને મહારાજને ઘોડી પર બિરાજમાન કર્યા.

મહારાજ ઘોડી પર બિરાજ્યા. થોડી વાર ઘોડી ફેરવી પછી ઝીણાભાઈને કહ્યું, "ઝીણાભાઈ, ઘોડી તો અક્ષરધામના અધિપતિને શોભે તેવી છે." અને મહારાજની રુચિ જાણી ઝીણાભાઈએ કહી દીધું, "મહારાજ, જો આપને ગમતી હોય તો ઘોડી આપને કૃષ્ણાર્પણ કરી."

બીજી ૫૦૦ રૂપિયાવાળી ઘોડી ફરીથી પ્રસાદીની કરાવવા મહારાજ પાસે લાવ્યા. ફરીથી એ જ પ્રમાણે મહારાજને અર્પણ કરી દીધી.

ત્રીજી વખત ૭૦૦ રૂપિયાવાળી ઘોડી પણ એ જ પ્રમાણે મહારાજને અર્પણ કરી દીધી. ત્રીજી વખત પોતે અર્પણ કરેલી ઘોડી પર મહારાજ બેસી ઘેલા નદીએ પધારતા હતા ત્યાં રસ્તામાં એક બ્રાહ્મણ મળ્યા. તેને મહારાજે ઝીણાભાઈની હાજરીમાં ઘોડી આપી દીધી. થોડે આગળ જઈ મહારાજે પૂછ્યું, "ઝીણાભાઈ, આ અમે તમારી ઘોડી બીજાને આપી દીધી તેમાં તમને કોઈ સંકલ્પ ન થયો ?" ઝીણાભાઈએ કહ્યું, "મહારાજ દયાળુ, મેં તો ઘોડી આપને અર્પણ કરી દીધી. પછી આપ એનું શું કરો છો એ મારે નહિ જોવાનું. આપ જેમ રાજી હોય તેમ કરો. બસ મારી પર રાજી રહેજો."

આવી ઉમદા સમર્પણ ભાવના ધરાવનારા ઝીણાભાઈ એટલે ઝીણાભાઈ. સંપ્રદાયમાં દાદાખાચર પછી બીજા નંબરનું સ્થાન સ્વયં શ્રીજીમહારાજે ઝીણાભાઈને આપ્યું હતું.

ગઢડા છેલ્લા પ્રકરણના ૨૪મા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે ઝીણાભાઈની સમજણને વખાણી છે કે, 'એમને અખંડ એમ રહેતું કે રખે ને મુને ભગવાન વિના બીજે બંધન થઈ જાય.' આવી સમજણ તો ઝીણાભાઈની જ...

એક વખત ઝીણાભાઈ ગઢપુર શ્રીજીમહારાજ પાસે સમાગમ માટે ગયા હતા. થોડા સમય રહ્યા પછી ઘેરથી પત્ર આવ્યો. તેને એમ જ વાંચ્યા વગર જ ગાદી નીચે દબાવી દીધો. વળી થોડો સમય થયો ને બીજો પત્ર આવ્યો. વળી તે પણ પૂર્વવત્ ગાદી નીચે દબાવી દીધો. આમ કરતાં કરતાં પૂરા ૮૦ પત્રો આવ્યા હતા તે સર્વે ગાદી નીચે જ દબાવી દે પણ વાંચે નહીં. કદાચ વાંચું ને ઘેર જવાની ઇચ્છા થાય તો ! મારે આ અણમોલ સત્સંગનો લાભ જતો કરવો પડે ને ! બસ, આ એક જ અંતરમાં બીક હતી અને અંતે એક માણસ પંચાળાથી સ્પેશ્યલ આવ્યું. તેમણે ૮૦ પત્રની મહારાજને વાત કરી. મહારાજે ઝીણાભાઈને બોલાવ્યા ને પૂછ્યું, "કેટલા પત્રો મળ્યા છે ?" ઝીણાભાઈએ કહ્યું, "એંસી." મહારાજે કહ્યું, "એકેય વાંચ્યો ?" તો કહ્યું, "ના મહારાજ, વાંચું તો આપનાથી વિખૂટા થવું પડે ને ! તેથી નથી વાંચ્યો." અંતે મહારાજે સમજાવી ઘેર મોકલ્યા.

એક વખત શ્રીજીમહારાજ જૂનાગઢ પધાર્યા છે. પ્રભુના મસ્તક ઉપર શ્વેત સુંદર પાઘ બાંધેલી છે. તેમાં ગુલાબ, મોગરા, ડોલર વગેરેના હાર તથા તોરા ધારણ કર્યા છે. કાન પર ગુલાબના ગુચ્છ ખોસ્યા છે. પ્રભુની અણિયાળી આંખો છે. આભલા જેવા સુંદર ચળકતા ગાલ છે. વિશાળ ભાલ છે. દંત દાડમની કળીઓની જેમ શોભા આપી રહ્યા છે. કેસર તિલક તથા કુમકુમનો ચાંદલો શોભે છે. હૈયા પર હેમના તેમજ પુષ્પના હાર શોભી રહ્યા છે. અને સોનાનાં કડાં, બાજુબંધ, પહોંચી અને દસે આંગળિયે વેઢ અને ચરણમાં તોડા ધારણ કર્યાં છે. જરીના તારવાળા શ્વેત વસ્ત્રોથી શ્રીહરિ શોભાયમાન છે. આ બાજુ ઝીણાભાઈને શરીરે મંદવાડ છે. શરીર અશક્ત બની ગયું છે. અંતકાળ નજીક છે. અંતર્યામી શ્રીહરિ પડખે બેઠા છે અને ઝીણાભાઈને માથે હસ્ત ફેરવી રહ્યા છે.

શ્રીહરિના મુખકમળ સામે ઝીણાભાઈની દૃષ્ટિ મંડાઈ છે. મહાપ્રભુએ કહ્યું, "ઝીણાભાઈ !" ત્યાં તો ઝીણાભાઈ દરબારે હાથ જોડ્યા, "હા મહારાજ !" "તમે અમારા અનન્ય ભક્ત છો. તમારી નિષ્કામ સેવાથી અમે ખૂબ જ રાજી થયા છીએ. તમારું શરીર હવે થોડી ક્ષણોમાં છૂટી જશે. હમણાં જ તમને મૂર્તિના સુખમાં મૂકી દેવા માગીએ છીએ તો બોલો તૈયાર તો છો ને !"

શ્રીહરિનાં આવાં અમૃત વચનો સાંભળતાં જ દરબારના અંતરમાં આનંદના ઓઘ ઊતર્યા. દીનભાવે હાથ જોડી બોલ્યા, ‘‘મહારાજ ! મોટા મોટાને પણ આપનાં દર્શન દુર્લભ છે. એવા અનંતકોટિ બ્રહ્માંડના પતિ સ્વયં આપ આજે મારો અંતસમો સુધારવા પધાર્યા છો. મારા માટે આથી રૂડો અવસર બીજો કયો હોઈ શકે ? હે દયાળુ, અમૃત પીવા મળે તો પછી ખાટી છાસ પીવા કોણ અહીં રોકાય ? હાથી તો જીવતા લાખનો અને મરે તો સવા લાખનો. મહારાજ ! અમારે તો બંને હાથમાં લાડુ છે. હું મૂર્તિના સુખમાં જોડાવા તત્પર છું. પ્રભુ દયા કરો, દયા કરો, દયા કરો...’’

મહારાજ ઝીણાભાઈની આવી સમજણથી અત્યંત પ્રસન્ન થયા છે. મહાપ્રભુ પૂછે છે, ‘‘હે ઝીણાભાઈ ! તમારી કોઈ છેલ્લી ઇચ્છા હોય તો જણાવો. અમે તે જરૂરથી પૂર્ણ કરીશું તથા આ તમારા હઠીસિંહની (પુત્રની) કાંઈ ભલામણ કરવી છે ?’’

‘‘ના મહારાજ ! બીજી કાંઈ ઇચ્છા નથી. જે મળવું જોઈએ તે બધું જ આપની દયાથી મળી ગયું છે. અને હઠીસિંહને તો તમારા હાથમાં સોંપ્યો છે. જ્યાં સુધી તે તમારો રહેશે ત્યાં સુધી તમે રક્ષા કરવાના જ છો અને જ્યારે તે તમને ભૂલશે તો મારી ભલામણ પણ નકામી છે.’’

શ્રીહરિ પોતાના નિષ્કામ ભક્તની વાણી સાંભળી ગદ્ગદ થઈ ગયા. ઝીણાભાઈએ શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિ સ્થિર કરી, દેહભાન વિસરાઈ ગયું. નશ્વર શરીર છૂટી ગયું. ચારે બાજુ ચંદનનો વરસાદ વરસ્યો.

બીજી બાજુ મહારાજે ઝીણાભાઈનાં માતુશ્રીને દર્શન આપ્યાં ને પૂછ્યું, ‘‘તમારા ઝીણાને પાંચ ગામનું રાજ્ય મળે તો તમને આનંદ થાય ?’’ ‘‘હા દયાળુ, આનંદ થાય.’’ ‘‘અને ૧૦૦ ગામનું રાજ્ય મળે તો ?’’ ‘‘તો તો ખૂબ જ આનંદ થાય.’’ અને ‘‘ગાયકવાડનું રાજ્ય મળે તો ?’’ ‘‘અરે દયાળુ ! તો તો આનંદનું પૂછવું જ શું ?’’

ધીરે રહીને મહારાજે કહ્યું, ‘‘અને અક્ષરધામનું રાજ્ય મળે તો ?’’ ડોસીએ અતિ હર્ષાયમાન થઈને કહ્યું, ‘‘મહારાજ, તો તો ગાંડી ઘેલી થઈ જાઉં તેવો આનંદ થાય.’’ ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘‘જાવ ડોસીમા, ઉપર મેડીએ તમારો ઝીણો અક્ષરધામના રાજ્યનો અધિકારી થઈ ગયો.’’ આમ, શ્રીહરિએ ડોસીને સહજતાથી વાત ગળે ઉતારી દીધી.

ધન્યભાગી કહેવાય તે ઝીણાભાઈ કે સ્વયં સાક્ષાત્ શ્રીહરિના સાંનિધ્યમાં તેમનો અંતકાળ આવ્યો. સંતોએ અને પાર્ષદોએ ધૂન શરૂ કરી. વાંસની પાલખી તૈયાર કરી. ઝીણાભાઈના પાર્થિવ દેહને પાલખીમાં પધરાવવામાં આવ્યો.

ભક્તોએ જયનાદોથી આકાશ ગુંજતું કર્યું. પાલખી ઉપાડી ત્યાં તો અચાનક શ્રીહરિ આગળ પધાર્યા. અને પાલખીનો એક છેડો પોતાના ખભા ઉપર ઊંચકી લીધો. ભગવાનની આ ભક્તવત્સલતાને જોતાં હજારો કંઠમાંથી ‘ધન્ય હો... ધન્ય હો...’ના સૂરો ગુંજી ઊઠ્યા.

શ્રીહરિએ ઝીણાભાઈની તમામ ક્રિયા પતાવી. બીજે દિવસે નવાબે માણસ મોકલી મહારાજને રાજસભામાં પધારવા પ્રાર્થના કરી. સંતો સાથે શ્રીહરિ રાજમહેલમાં પધાર્યા. નવાબે સામે આવીને સ્વાગત કર્યું. ઊંચા આસને બેસાડ્યા. પોતે પણ દર્શન કરી બેઠા. નવાબે ઝીણાભાઈ ધામમાં ગયા તે અંગે શોક વ્યક્ત કર્યો અને કહ્યું, ‘‘પ્રભુ, આપ અતિ દયાળુ છો કે આપના ભક્તની પાલખી આપે સ્વયં ઉપાડી. ઝીણાભાઈનાં એવાં કયાં પુણ્ય હશે કે આપે એમની પાલખી ઉપાડી ?’’

આ સાંભળી પ્રસન્ન વદને શ્રીહરિએ કહ્યું, ‘‘મારા ભક્તો મને વ્હાલા છે. ઝીણાભાઈએ ગામધણી હોવા છતાં માન મૂકી પોતાના ખભે અમારા બીમાર ભક્ત કરમશી વાંઝાનો ખાટલો ઉપાડ્યો હતો તથા ઘેર લાવી તેમની મહિમાથી સેવા કરી હતી. કરમશીભાઈના પોતાના દીકરાઓ દુઃખના સમયમાં ખસી ગયા ત્યારે એક ભક્તના નાતે તેમણે સેવા કરી છે. તે સેવાના ઋણમાંથી મુક્ત થવા માટે અમે તેમની પાલખી ઉપાડી હતી.’’

આમ, ઝીણાભાઈમાં સત્સંગનો ખપ, સેવાનો આગ્રહ, સત્સંગીનો પક્ષ તથા સત્સંગીના સુખ-દુઃખમાં ભાગીદાર થવું વગેરે આદર્શ ગુણોનું દિવ્ય મિલન જોવા મળતું. સ્વામિનારાયણ ભગવાનને તથા જીવનપ્રાણ બાપાશ્રીને અંતકરણ પૂર્વક પ્રાર્થના કરીએ, હે દયાળુ ! કૃપા કરી અમારામાં પણ એવા દિવ્ય ગુણો સહેજે આવે એવી કૃપા કરજો જેથી અમે પણ આદર્શ ભક્ત બની શકીએ.



સંબંધીમાં હેત એ સૌથી મોટું પાપ છે.

# બાપાશ્રી બોલ્યા જે...

**(જાન્યુઆરી : ૧૯૯૮)**

અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને આ બ્રહ્માંડમાં પ્રગટ થઈ જીવો ઉપર કેટલી બધી દયા કરી છે ! અને પૂર્વે કોઈએ કોઈ અવતારે કામ કર્યું નથી એવું સર્વોપરી કાર્ય ભગવાન સ્વામિનારાયણે કર્યું છે.

શ્રીજીમહારાજ મનુષ્ય રૂપે આ લોકમાં દૃષ્ટિગોચર વર્તતા ત્યારે પોતાની હયાતીમાં જ પોતે સર્વોપરી ભગવાન છે તેના પ્રમાણ શાસ્ત્રો આપણા સંતો દ્વારા રચાવ્યાં. પરંતુ આ શાસ્ત્રમાં શ્રીજીમહારાજ ક્યારેક ભક્ત ભાવે બોલ્યા છે તો ક્યારેક ભગવાન ભાવે બોલ્યા છે. અને તેમાં પ્રત્યક્ષાર્થ અને પરોક્ષાર્થ એ બે વાતો જોવા મળે છે. જે પોતાની જાતે સમજવા જાય તો સમજાતી નથી અને એ વાત સમજવા માટે અનુભવી સત્પુરુષની જરૂર પડે છે.

જે સત્પુરુષ કહેતાં જેઓ અખંડ મૂર્તિમાં રહ્યા થકા મૂર્તિનું રોમ રોમનું સુખ લે છે, એવા અનાદિમુક્ત જે વચન કહે તે સત્ય માનવાં પરંતુ એમાં સંશય કરવો નહીં.

આ લોકના વિદ્વાન, વેદાંતાચાર્ય, વ્યાકરણાચાર્ય, જ્ઞાનાચાર્ય, પંડિત કે ડિગ્રી લીધેલા ભણેલા-ગણેલા શાસ્ત્રીઓ ભગવાનનો જેટલો શાસ્ત્રમાં મહિમા કહ્યો હોય તેટલો જ કહી શકે પરંતુ તેની આગળ જાણી ન શકે.

જ્યારે મોટાપુરુષ ભલે આ લોકની દૃષ્ટિએ ભણેલા ન હોય પરંતુ તે અનુભવી છે ને શાસ્ત્રથી પર છે. અને જે વાત કરે છે તે પોતે અનુભવે કરીને સિદ્ધ કરેલી, ભોગવેલી વાતો કરે છે. અને શાસ્ત્રમાં તો જેટલું લખી શકાતું હોય તેટલું જ લખી શકાય છે. માટે શાસ્ત્રમાં મહારાજનો જેટલો મહિમા કહ્યો હોય તેના કરતાં મોટા સત્પુરુષ વધારે મહિમા કહેતા હોય તો તે વચન સત્ય માનવાં પરંતુ તે વખતે શાસ્ત્રની સાખ્ય લેવા ન જવું કે શાસ્ત્રમાં તો આમ લખ્યું છે ને તમે આમ કેમ કહો છો ?

શાસ્ત્રમાં ચાર પ્રકારના શબ્દો હોય : રોચક, ભેદક, ભયાનક અને વાસ્તવિક. આ ચાર પ્રકારના શબ્દો પોતાની મેળે ન સમજાય પરંતુ સમજાવનારા અનુભવી સત્પુરુષ મળે તો જ સમજાય. એટલે શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘શાસ્ત્રમાં તો સર્વે વાત લખી હોય પરંતુ જ્યાં સુધી અનુભવી સત્પુરુષ પ્રગટ ન થાય ત્યાં સુધી પોતાની મેળે એ વાત સમજાય નહીં.’

જેમ કે રોચક એટલે રુચિ ઉપજાવે એવી વાત કહેવાય તે. શ્રીજીમહારાજે અમદાવાદના પાંચમા અને છઠ્ઠા વચનામૃતમાં કહ્યું છે કે, ‘અક્ષરધામમાં બાગ-બગીચા, હીરા-માણેક તથા બહુ પ્રકારના ગોખ છે, બહુ ઝરૂખા છે, બહુ પ્રકારની અગાસીઓ છે, બહુ પ્રકારના ફુવારા છે. અને બગીચામાં ફૂલ પણ અનંત જાતનાં છે.’ તે વાત બધાને રુચિ ઉપજાવે છે કે અક્ષરધામમાં આવું છે. પરંતુ વાસ્તવિક કહેતાં સત્ય વાત શ્રીજીમહારાજે લોયા પ્રકરણના ૧૪મા વચનામૃતમાં કહી કે, ‘અધોઊર્ધ્વ ચારેકોરે પ્રમાણે રહિત એવો જે તેજનો સમૂહ તે જ ભગવાનનું અક્ષરધામ છે.’ આ જે અક્ષરધામની વાત કરી કે તેજનો સમૂહ એ ભગવાનનું ધામ છે. તે અનુભવી સત્પુરુષ સમજાવી શકે.

જેમ મણ પાણીમાં પાશેર દૂધ હોય તો તે કોણ કાઢી શકે ? તે જો કાગડા કાઢવા જાય તો પાણી ડહોળાઈ જાય, પરંતુ હંસ તે પાણીમાંથી દૂધને કાઢી શકે. તેમ શ્રીજીમહારાજની ગહન વાણી કહેતાં વચનામૃતમાં આવી બહુ ઓછી પરંતુ સત્ય એવી વાસ્તવિક વાત તો એવા અનુભવી સત્પુરુષ જ કાઢી શકે. તો આપણને એવા સત્પુરુષ મળ્યા છે. તો તેમના વચનમાં શાસ્ત્રની સાખ્ય લેવી નહીં.

શ્રીજીમહારાજના સ્વમુખવાણી વચનામૃત પાંચ સંતોએ શોધ્યાં અને લખ્યાં. સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. નિત્યાનંદ સ્વામી, સદ્. બ્રહ્માનંદ સ્વામી અને સદ્. શુકાનંદ સ્વામી. પરંતુ સદ્. શુકાનંદ સ્વામી કહેતા કે, “સદ્. ગોપાળાનંદ સ્વામી પાસેથી અમે વચનામૃત સમજ્યાં ત્યારે તે યથાર્થ સમજાયાં.”

શ્રીજીમહારાજની ભુજારૂપ કહેવાતા શુકસ્વામી સમર્થ હોવા છતાં આપણને શીખવવા માટે જ્યારે આમ કહેતા હોય ત્યારે

આપણને તો ક્યાંથી સમજાય ? માટે આપણું ડહાપણ કે શાસ્ત્રનું માન મૂકી મોટા સત્પુરુષ જે કહે તે વચનમાં વિશ્વાસ રાખવો. અને એવા અનુભવી સત્પુરુષ આપણને મળ્યા છે તે પાણીમાંથી દૂધ જેમ હંસ અલગ કરી આપે છે તેમ પરોક્ષાર્થમાંથી મૂર્તિ સુધી પહોંચતા વાસ્તવિક શબ્દો જે પ્રત્યક્ષાર્થ આપણને સમજાવે છે. તો તેમના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો પણ સંશય કરવો નહીં.

## વ્હાલા ઘનશ્યામ મહારાજ સંગે પૂ. સંતોનું ઉત્તરપ્રદેશ ખાતે દિવ્ય સત્સંગ વિચરણ

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરવાના સંકલ્પને સાકાર કરવા વ્હાલા ગુરુજીની આજ્ઞાથી ઉત્તરપ્રદેશ ખાતે નવ વર્ષ પછી પૂ. સંતોનું સત્સંગ વિચરણ યોજાયું. આ વિચરણમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. સાધુજીવનસ્વામી, પૂ. મુનિસ્વામી અને પૂ. ધ્યેયસ્વામી એમ ત્રણ પૂ. સંતો તથા શ્રી રવિન્દ્રભાઈ યાદવ, શ્રી નૈનેષભાઈ પટેલ, શ્રી સિદ્ધાંતભાઈ યાદવ તથા શ્રી રવિભાઈ યાદવ એમ ચાર હરિભક્તો ગુજરાતથી જોડાયા હતા. પૂ. સંતોનું અનુક્રમે સીવન (રાયબરેલી), બિકાપુર (અયોધ્યા), દેવકુંડા (બસ્તી), અકબરપુર, સેમરાઘાટ, ગોસાઈગંજ, કટેહરી તથા આસપાસના ગ્રામ્ય વિસ્તાર (આંબેડકરનગર) ખાતે તા. ૧૬-૩-૨૦૨૫થી તા. ૨૯-૩-૨૦૨૫ એમ કુલ ૧૪ દિવસનું સત્સંગ વિચરણ યોજાયું હતું. પૂ. સંતોનો લાભ લઈ ૯૦ જેટલા મુમુક્ષુઓ કંઠી બાંધી સત્સંગી થયા અને વ્હાલા ગુરુજીને રાજી કરવા ૨૦ જેટલા મુમુક્ષુઓ નવી પૂજા લઈ રાજીપાના માર્ગે આગળ વધ્યા. આ ૧૪ દિવસીય વિચરણ દરમ્યાન પૂ. સંતો દ્વારા ૩ જાહેર સત્સંગ સભા, ૧૪ અંગત સત્સંગ સભા, ૧ બાળ સભા, ૨ સમૂહપૂજા, ૮૬ પધરામણી, ૧ મહાપૂજા તથા ૧ ભૂમિપૂજનનો લાભ લઈને સૌ મુક્તો ખૂબ જ બળિયા થયા. સેમરાઘાટની (આંબેડકરનગરની) પ્રાથમિક શાળાના અંદાજિત ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને પૂ. સંતો દ્વારા ઠાકોરજીની પ્રસાદીનું લગભગ ૪૦ કિલો જેટલું ફ્રૂટ વિતરણ કરી કારણ સત્સંગનાં બીજ રોપાય તે માટે પૂ. સંતોએ મહારાજને પ્રાર્થના કરી હતી. આમ, મહારાજ અને મોટાપુરુષને રાજી કરવાની રીત શીખવાનો અંદાજિત ૩૫૦૦ જેટલા મુમુક્ષુઓને લાભ આપી પૂ. સંતો હરિકૃષ્ણ મહારાજ સાથે તા. ૨૯-૩-૨૦૨૫ના રોજ સ્વામિનારાયણ ધામ ખાતે પરત પધાર્યા હતા.

## પહેલગામ આતંકી હુમલાના દિવંગતોને દિવ્ય શ્રદ્ધાંજલિ

**SMVS** ભારતના જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ઘાતકી આતંકવાદી હુમલાની ઘોર નિંદા કરે છે. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી તથા વિશ્વભરમાં સ્થિત **SMVS** પરિવાર તરફથી, આ નિર્દય હુમલામાં પોતાના અમૂલ્ય પ્રાણ ગુમાવનારા પવિત્ર આત્માઓને ભગવાન સ્વામિનારાયણના દિવ્ય ચરણોમાં શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય એવી ભાવપૂર્વકની પ્રાર્થના. અમે પ્રાર્થના કરીએ છીએ કે તેમના શોકસાગરમાં ગરકાવ થયેલા પરિવારજનોને આ અપૂરણીય વિયોગ સહન કરવાની શક્તિ અને અવિચલ ધીરજ મળે. સાથે જ ઘાયલો ત્વરિત સ્વસ્થ થાય અને નિર્દોષ પીડિતો તથા તેમના પરિવારજનોને આશા અને હિંમત મળે તેવા શુભ આશય સાથે અમે દિવ્ય શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. અમે એવી પણ પ્રાર્થના કરીએ છીએ કે આ દુ:ખદ અને આઘાતજનક ઘડીમાં આખું વિશ્વ સજાગ બને અને આંતરિક ભેદભાવો ભૂલી દુનિયાના દરેક ખૂણેથી આતંકવાદને જડમૂળથી ઉખેડવા માટે એકતાથી યત્ન કરે એવી ભગવાન સ્વામિનારાયણ, બાપાશ્રી, સદ્‌ગુરુશ્રીઓ તથા ગુરુદેવના ચરણોમાં ભાવપૂર્વક અરજ છે.



## કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



**તા. ૪-૪-૨૫થી તા. ૬-૪-૨૫** દરમ્યાન **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા એસ.એમ.વી.એસ.ના ભવિષ્ય સમ કિશોરમુક્તોને માતૃવાત્સલ્ય પ્રેમથી ભીંજવ્યા હતા.

**તા. ૮-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૨૪૮૦૭થી વધુ મુમુક્ષુ મુક્તોને પ્રભુ તરફની પ્રગતિનો રાજમાર્ગ બતાવ્યો હતો.

**તા. ૧૨-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૨૬૫૯૮ થી વધુ મુક્તોને બળભરી દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૩-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ભાવનગર** ખાતે પ્રાતઃ સમયે અગ્રેસર મુક્તોને પોતાની સંકલ્પ સરિતામાં ભીંજવ્યા હતા. વળી, આજરોજ સાંજે ૯ પધરામણીનો લાભ આપી રાત્રિ સમયે જાહેર સભામાં ૧૭૦૦થી વધુ મુક્તોને હૅપી ફૅમિલિ બનાવવાના ઉપાયો પર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૪-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **ગઢડા** ખાતે પધારી ૪ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોના કોડ પૂરા કર્યા હતા. વળી, સવારના સમયે જાહેર સભામાં ઉપસ્થિત મુમુક્ષુઓને પ્રભુ તરફની પ્રગતિના ઉપાયો પોતાની અનુભવાત્મક અમૃતવાણી દ્વારા શીખવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **બોટાદ** ખાતે સંધ્યા સમયે ૭ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો. આજરોજ રાત્રે ૧૬૦૦થી વધુ ભાવિક ભક્તોને હૅપી ફૅમિલિ કરવા માટેનું દિશાદર્શન હૃદયસ્પર્શી દિવ્યવાણી દ્વારા આપ્યું હતું.

**તા. ૧૬-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **કલોલ** ખાતે પ્રાતઃ સમયે મુમુક્ષુ હરિભક્તોને મૂર્તિમાં રહેવાના ને દેહભાવ ટાળવાના પાઠ શીખવી સુખિયા કર્યા હતા. વળી, પ્રાતઃ સમયે **છત્રાલ** ખાતે ૧ પધરામણીનો તથા **કડી** ખાતે ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **કડી** ખાતે સાંજે ૭ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. રાત્રિ સમયે **કડી** ખાતે જાહેર સભામાં ૧૮૦૦થી વધુ મુમુક્ષુ મુક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા.

**તા. ૧૮-૪-૨૫થી તા. ૨૦-૪-૨૫** દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંસ્થાના સ્તંભ સમા યુવકમુક્તોને દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા ખૂબ નિકટવર્તી સાંનિધ્ય આપી, માતૃવાત્સલ્યથી ભીંજવ્યા હતા.



દાનતરૂપી અરીસાને રોજ સાફ કરવો પડે.

**તા. ૨૦-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે રાત્રિ સમયે જાહેર સભામાં ઉપસ્થિત ૧૨૭૦થી પણ વધુ મુક્તોને હેપી ફેમિલિ વિષયક હૃદયસ્પર્શી સુધાવાણીનો લાભ આપી સુખની લહાણી કરી હતી.

**તા. ૨૧-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **હિંમતનગર** ખાતે અંગત શિબિર દ્વારા ઘરધણી હરિભક્તોને મહારાજ અને મોટાપુરુષના સંકલ્પમાં ભેગા ભળવાનું ભાથું પીરસી સંતુષ્ટ કર્યા હતા. વળી, મધ્યાહ્‌ન સમયે ૨ પધરામણીનો લાભ આપી પ્રેમીજનના મનોરથો પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મોડાસા** ખાતે સંધ્યા વેળાએ ૬ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોને સુખિયા કર્યા હતા. વળી, રાત્રિ સમયે હેપી ફેમિલિ સભા અંતર્ગત ૧૮૦૦થી વધુ ભક્તોને હૃદયસ્પર્શી સુધાવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા.

**તા. ૨૨-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **મોડાસા** ખાતે અંગત શિબિરમાં ઉપસ્થિત મુમુક્ષુઓને પોતાની સંકલ્પ સરવાણી દ્વારા સુખિયા કર્યા હતા. આજરોજ સાંજના સમયે **વ્હાલા ગુરુજી**એ **બાયડ** ખાતે ૫ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો. વળી, રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ **બાયડ** ખાતે ૧૦૦૦થી વધુ સ્થાનિક ભક્તોને પોતાની સુધાવાણી દ્વારા કૃતાર્થ કર્યા હતા.

**તા. ૨૪-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૨૭૭૭૯થી વધુ ભૂખ્યા-ગરજુ મુક્તોને સાત શેર ઘીના મૈસૂબ જેવી સર્વોત્તમ વાતોનો લાભ આપી મહિમાવંત કર્યા હતા.

**તા. ૨૫-૪-૨૫ અને તા. ૨૬-૪-૨૫** દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે એસ.એમ.વી.એસ.ના પાયા સમા વડીલમુક્તોને દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા અનુપમ સુખડાંની લહાણી કરી બળિયા કર્યા હતા.

**તા. ૨૭-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **રાજકોટ** ખાતે જ્ઞાન-ધ્યાન ચિંતનમાં લાભ આપ્યા બાદ સત્સંગ પ્રવૃત્તિ અને મંદિર વહીવટી સેવામાં સંલગ્ન મુક્તોને રાજીપાદર્શનનો લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, પ્રથમ સેશનમાં **રાજકોટ** ખાતે અંગત શિબિરમાં ત્યાંના સ્થાનિક ભક્તોને રાજીપાના રાજમાર્ગ પર દોડવાનું અનેરું બળ પ્રદાન કર્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા વેળાએ ૮ પધરામણીનો લાભ આપી રાત્રિ સમયે હેપી ફેમિલિ સભામાં ૧૪૫૦થી વધુ ભક્તોને આત્મીયતાના પાઠ શીખવી સુખિયા કર્યા હતા.

**તા. ૨૮-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મવડી** તથા **ગોંડલ** (રાજકોટ) ખાતે પ્રાતઃ સમયે ૮ પધરામણીનો લાભ આપી પ્રેમીજનના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **જૂનાગઢ** ખાતે પધારી સંધ્યા સમયે ૮ પધરામણીનો લાભ આપી રાત્રિ વેળાએ હેપી ફેમિલિ સભામાં ૧૩૦૦થી વધુ મુક્તોને આત્મીય પરિવાર કરવાના ઉપાયો જણાવી દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો.

## વૅકેશન કિશોર શિબિર






ઉનાળુ વૅકેશનનો સદુપયોગ થાય તેવા હેતુથી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ગુરુજીના સંકલ્પથી વૅકેશન કિશોર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું આયોજન તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૫થી તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૫ એમ એક સપ્તાહ માટે થયું હતું. જીવનધ્યેય, આદર્શ વ્યક્તિત્વ, જીવનમાં સત્સંગનું મહત્ત્વ જેવા વિષય પર પૂ. સંતોએ કથાવાર્તા, પ્રશ્નોત્તરી, વર્કશોપ દ્વારા વિગતે લાભ આપી કિશોરોને દિવ્યજીવનની પ્રેરણા આપી હતી. આ ઉપરાંત સંસ્થાના પૂ. સંતો તથા હરિભક્તો દ્વારા મોટિવેશનલ ટ્રેનિંગ, ક્વિઝ, સેમિનાર, વિઝિટ, મૂકમ્ કરોતિ વાચાલમ્ અંતર્ગત પ્રવચન સ્પર્ધા, ગ્રૂપ ગોષ્ઠિ, ઇનડોર-આઉટડોર ગેઇમ જેવા વિવિધ પ્રોગ્રામો દ્વારા કિશોરોએ સત્સંગનું બળ મેળવ્યું હતું અને મહારાજ, ગુરુજી તથા પૂ. સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

આ ઉપરાંત વ્હાલા ગુરુજીએ અતિ વ્યસ્ત શિડ્યૂલની વચ્ચે પણ પોતાના વ્હાલસોયા કિશોરો માટે સમય કાઢી દિવ્યવાણી દ્વારા અંગત લાભ આપી સૌને સુખિયા કર્યા હતા. સર્વે કિશોરોએ વ્હાલા ગુરુજીના હસ્તે પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી. આમ, આ વૅકેશન કિશોર શિબિરમાં ૧૨૫થી વધુ કિશોરો ઉત્સાહપૂર્વક ભાગ લઈ સત્સંગનું ભાથું બાંધી છૂટા પડ્યા હતા.



બીજાના વિચારો પરનું આધિપત્ય ખતરનાક છે.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. જયંતિલાલ પોપટલાલ પટેલ, ઉંમર વર્ષ-૭૫, મોડાસા; તા. ૧૮-૩-૨૦૨૫ :** તેઓ ખૂબ જ ટૂંકા ગાળાના સત્સંગમાં ખૂબ જ બળિયા થયા હતા. તેમજ પૂ. સંતોના સુખ-દુઃખમાં નાની-મોટી સેવા ઉપાડી લઈ ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા હતા. પરિવારજનોને એવું જ સત્સંગ અને સમજણનું બળ આપે.

**મૂ.નિ. રશ્મિકાંતભાઈ ભીખાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૭, વડોદરા; તા. ૧૩-૪-૨૦૨૫**

**મૂ.નિ. પરષોત્તમભાઈ રાયજીભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૮, હાલોલ; તા. ૨૨-૪-૨૦૨૫ :** હાલોલ સેન્ટરમાં કોઠારી તરીકે સેવા આપતા મનોજભાઈના પિતાશ્રી પરષોત્તમભાઈ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. અંતિમ સમયે વ્હાલા ગુરુજીએ આપેલા આશીર્વાદ મુજબ તેઓ ધામમાં ગયા હતા.

**મૂ.નિ. મહેશભાઈ ઓચ્છવલાલ પંચાલ, ઉંમર વર્ષ-૫૯, ઝાલોદ; તા. ૩-૫-૨૦૨૫**

**મૂ.નિ. નાગરભાઈ દેવજીભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૯, કમળાપુરા; તા. ૪-૫-૨૦૨૫ :** આપણા સમર્થ અમીરપેઢીના વારસદાર સમા સદ્. મુનિસ્વામી તેમજ અ.મુ. સોમચંદબાપા કમળાપુરા પધારતા ત્યારે તેમને ગાડા જોડીને લેવા જવાની અને મૂકવા જવાની સેવાનો ખૂબ લાભ તેઓએ લીધેલ હતો.



તેઓના સમસ્ત પરિવારે એક સમયે સંસ્થા માટે શિર સાટે પક્ષ રાખી રાજીપો પ્રાપ્ત કર્યો છે. તેઓના પરિવારમાંથી સંસ્થાને પૂ. સંતોમાં પૂ. અદ્ભુત સ્વામી તથા મહિલા વિભાગમાં એક ત્યાગીમુક્તની ભેટ મળેલ છે. આ ઉપરાંત તેઓએ રસોડા વિભાગમાં પણ ઉત્કૃષ્ટ સેવા બજાવી મહારાજ અને મોટાનો રાજીપો લીધેલ છે.

**મૂ.નિ. અમરશીભાઈ વશરામભાઈ સરડવા, ઉંમર વર્ષ-૮૧, મોરબી; તા. ૧૨-૫-૨૦૨૫**

**મૂ.નિ. કેતનભાઈ અમૃતલાલ ચાંપાનેરી, ઉંમર વર્ષ-૪૯, સુરત; તા. ૧૧-૫-૨૦૨૫**

**મૂ.નિ. રૂક્ષ્મણિબેન પ્રભુભાઈ સાપાવડિયા, ઉંમર વર્ષ-૯૪, ઘણાદ (સુરેન્દ્રનગર); તા. ૧૩-૪-૨૦૨૫**

**મૂ.નિ. શારદાબેન અંબાલાલ પટેલ, ઉંમર વર્ષ-૭૨, મહેસાણા; તા. ૧૮-૪-૨૦૨૫**

**મૂ.નિ. ઇન્દિરાબેન રમેશભાઈ સોની, ઉંમર વર્ષ-૮૦, સેટેલાઇટ; તા. ૨૫-૪-૨૦૨૫**

**મૂ.નિ. ભાનુબેન ચંદ્રકાન્તભાઈ સોની, ઉંમર વર્ષ-૭૮, સેટેલાઇટ; તા. ૨-૫-૨૦૨૫**

**મૂ.નિ. કંચનબેન હિંમતભાઈ કાથરોટિયા, ઉંમર વર્ષ-૬૩, સુરત; તા. ૫-૫-૨૦૨૫**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**

## Staff Required

સંસ્થામાં નીચે જણાવેલ જગ્યાઓ માટે નિર્વ્યસની તથા ઘરના હરિભક્તોની સ્ટાફ સભ્ય તરીકે જરૂર છે. જે તે પોસ્ટના ઇન્ટરવ્યૂ માટે તેની સામે આપેલ નંબર પર સંપર્ક કરી માહિતી મેળવી શકાશે.

**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ :**

અકાઉન્ટન્ટ : ટ્રેડિંગ અકાઉન્ટ તેમજ GSTના જાણકાર. (બે વર્ષનો અનુભવ જરૂરી)

(M) નીરવભાઈ બશેરી : ૯૯૨૫૨૪૨૮૦૬

(M) સચિનભાઈ પટેલ : ૯૯૭૯૮૫૫૦૯૯

**WEB - IT ડિપાર્ટમેન્ટ :**

IT Support Assistant : કમ્પ્યૂટર રિપેરિંગ તેમજ હાર્ડવેર-સૉફ્ટવેરના જાણકાર.

(M) કિશનભાઈ પટેલ : ૯૦૯૯૦૧૮૦૩૦

**સમર્પણ કાર્યાલય :**

Audio-Video Editor : Audio-video ઍડિટિંગ કરતા તેમજ વિડિયો બનાવતા આવડવું જરૂરી છે. એક વર્ષનો અનુભવ તથા **SMVS**ના કાર્યકર હોવા જરૂરી છે.

(M) ચિરાગભાઈ પટેલ : ૮૧૨૮૧૮૬૮૧૮

**Audio-Video ડિપાર્ટમેન્ટ :**

સંસ્થાના Audio-video વિભાગમાં ઍડિટર તેમજ સ્ટુડિયો સંભાળી શકે તેવા અનુભવી ઘરધણી હરિભક્તની જરૂર છે. **SMVS**ના સંસ્થાના સભ્યો હોવા જરૂરી છે.

(M) નીરવભાઈ બશેરી : ૯૯૨૫૨૪૨૮૦૬

**ગ્રાફિક્સ ડિપાર્ટમેન્ટ :**

સંસ્થાના ગ્રાફિક્સ વિભાગમાં ગ્રાફિક્સ મૅનની જરૂર છે. (કોરલ, ફોટોશૉપ, પેજમેકર, ટાઇપ રાઇટિંગ તથા ગ્રાફિક્સ સ્કિલના જાણકાર) **SMVS**ના કાર્યકર તથા અનુભવી હોવા જરૂરી.

(M) મેહલુભાઈ પનારા : ૯૯૨૫૨૩૭૦૨૪

## SBS Spiritual Camp - 2025

બાલ્યાવસ્થાથી જ ગુરુજીના રાજીપા માટે અને એસ.એમ.વી.એસ. માટે જીવવાનાં સ્વપ્નો સેવતી બાળસિંહોની સેના એટલે જ જીમ્જીના બાળમુક્તો. આવા બાળમુક્તોના આધ્યાત્મિક ઘડતર માટે તાજેતરમાં એપ્રિલ તથા મે માસ દરમ્યાન ગ્રૂપવાઇઝ પાંચ તથા ત્રણ દિવસના કુલ ત્રણ વખત **Spiritual camp**નું સ્વામિનારાયણ ધામ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કૅમ્પમાં રાજીપાના વિચારને મધ્યવર્તી રાખીને 'બસ ! રાજી કરી લેવા છે' તથા 'સૌના વ્હાલા બની જઈએ' આ થીમ અનુરૂપ પૂ. સંતોની કથાવાર્તા, વિડિયો દર્શન, ઍક્ઝામ, વિવિધ ઍક્ટિવિટી દ્વારા પ્રૅક્ટિકલ સમજૂતી, વર્કશોપ આધારે રાજીપાના વિચારને સરળ કરવા માટેનો પ્રયત્ન, સમૂહપૂજા તથા પૂ. સંતો સાથે બાળકોની અંગત બેઠક દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન મેળવી બાળકો બળિયાં થયાં. આ કૅમ્પમાં બાળકોને મૌલિક રીતે વાણી, વર્તન અને વિવેક પર ગ્રૂપવાઇઝ જુદા જુદા સંજોગો આપીને સ્કિટ રજૂ કરવા પ્લૅટફૉર્મ આપ્યું હતું. જે બાળકોને વિચારશીલ બનાવવા પ્રેરણારૂપ બની રહ્યું હતું. પિરસણ લીલા, ઠાકોરજીનો અભિષેક, પ્રસાદ અર્પણ, બાળકોને સ્નાન લીલા તથા સ્વયં શિસ્તના પાઠ પણ પૂ. સંતોના સંગે બાળકોએ દૃઢ કર્યા હતા. આ રીતે બાલિકાઓ પણ પૂ. ત્યાગી મહિલામુક્તોના સાંનિધ્યમાં રહી બળિયાં થયાં હતાં. આમ, કુલ ૨૦૦થી વધુ બાળ-બાલિકા મુક્તો કૅમ્પનો લાભ લઈને રાજીપો અને મહિમા આ બંને પાયાને પરિપક્વ કરવાના સંકલ્પે આગળ વધ્યાં હતાં.

## ચાતુર્માસના વિશેષ નિયમ-૨૦૨૫

**શ્રીજીમહારાજ અને મોટાપુરુષને રાજી કરવા ચાતુર્માસ દરમ્યાન નીચેના નિયમો લઈએ :**

- **ઓછામાં ઓછા ત્રણ નિયમો લેવા**

૧. દરરોજ જ્ઞાન-ધ્યાન ચિંતનમાં લાભ લેવા માટે મંદિરે જઈશ. (ફરજિયાત)

૨. દરરોજ સવારે પૂજામાં 'અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...' આ પ્રાર્થના અવશ્ય કરીશ. (ફરજિયાત)

૩. દરરોજ એક 'વચનામૃત' અને એક 'બાપાશ્રીની વાત'નું વાંચન કરીશ.

૪. દર એકાદશીએ સંકલ્પ સભાનો અને પૂનમના સમૈયાનો પ્રત્યક્ષ અથવા ઑનલાઇન લાભ લઈશ.

૫. દરરોજ પરિવારના સભ્યોને ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કહીશ.

૬. ચાતુર્માસ / શ્રાવણમાસ દરમ્યાન બ્રહ્મચર્યનું પાલન કરીશ.

૭. પરિવારમાં આત્મીયતા રાખવા માટે દર અઠવાડિયે **Family Time** સભાનો અવશ્ય લાભ લઈશ.

૮. દિવસમાં એક વાર જમતી વખતે મીઠી વાણી કીર્તનનું શ્રવણ અચૂક કરીશ જ.

**ચાતુર્માસ નિમિત્તે શ્રીજીમહારાજ અને મોટાપુરુષને રાજી કરવા સેવક ઉપર મુજબના નિયમ લે છે તો મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના કે આ નિયમો પાળવાનું ખૂબ ખૂબ બળ આપે.**

---

### શ્રાવણમાસના વિશેષ નિયમ-૨૦૨૫ (બાળકો માટે)

- **ઓછામાં ઓછા ત્રણ નિયમો લેવા**

૧. અઠવાડિક બાળસભાનો લાભ લઈશ. (ફરજિયાત)

૨. દરરોજ માતાપિતાને ચરણસ્પર્શ કરીશ. (ફરજિયાત)

૩. માતાપિતા કે વડીલોની સામે નહિ બોલું અને જીદ નહિ કરું.

૪. મોબાઇલ-ઇન્ટરનેટનો વિવેકપૂર્વક ઉપયોગ કરીશ.

૫. શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ઉચ્ચ સ્વરે દરરોજ 'અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...' પ્રાર્થના કરીશ.

**શ્રાવણમાસ નિમિત્તે શ્રીજીમહારાજ અને મોટાપુરુષને રાજી કરવા સેવક ઉપર મુજબના નિયમ લે છે. તો મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના કે આ નિયમો પાળવાનું ખૂબ ખૂબ બળ આપે.**



પ્રેમ સમયની સાથે વૃદ્ધ નહિ, સમૃદ્ધ થવો જોઈએ.

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ

# જ્યાં સેવામાં શ્રેષ્ઠતા અને સારવારમાં ગુણવત્તા છે.




SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલબની ગઈ છે

## NABHની માન્યતા સાથે

## Nursing Excellence Certificate

**ધરાવતી ઉત્તર ગુજરાતની સર્વ શ્રેષ્ઠ હૉસ્પિટલ**

SMVS SWAMN ARAYAN HOSPITAL
A Humanitarian Hospital

Emergency Help Line : 73 73 73 39 04 / 05 | www.smvshospital.com

SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ
SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25

info@smvshospital.com

Follow us :



એકાગ્રતા વગર અગ્રેસર થવાતું નથી.



૧



૨



૩



૪

## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



૫



૬



૭



૮


(૧-૫) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ : રાજકોટ, જૂનાગઢ (૬-૮) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ : હિંમતનગર

Ghanshyam, June-2025 Published on 10-06-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.
Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.





વડીલ તથા કિશોર મુક્તોને વ્હાલા ગુરુજીનો દિવ્ય લાભ



# ગુરુપૂર્ણિમા ઉત્સવ-૨૦૨૫

**વર્ષની ૧૨ પૂનમો પૈકી અગિયાર પૂનમ શિષ્યોની જ્યારે એક પૂનમ ગુરુની હોય છે. તે મંગળકારી દિન એટલે ગુરુપૂર્ણિમા – અષાઢ સુદ પૂનમનો દિન. આ દિવ્ય પ્રસંગે ગુરુજીનાં પૂજન-દર્શનનો અણમોલ લાભ લેવા માટે, દર વર્ષે જે તે ઝોનના હરિભક્તોએ અચૂક આ દિવ્ય લાભ લેવો.**

**ખાસ સૂચના :**

- તા. ૧૦/૭/૨૦૨૫ના રોજ ગુરુપૂર્ણિમાના મુખ્ય દિને માત્ર અમદાવાદ, ગાંધીનગર તથા મુંબઈ ઝોનના તેમજ અન્ય ઝોનમાંથી માત્ર આમંત્રિત મુક્તોએ જ લાભ લેવા પધારવાનું રહેશે.
- વાસણા તથા અન્ય ઝોનમાં પ્રત્યક્ષ લાભ લેવા આવનાર મુક્તોએ ગુરુમહિમાના ભાગ રૂપે ગુરુપૂજન માટે ફ્રૂટ-ડ્રાયફ્રૂટ, પૂજન માટે વિશિષ્ટ હાર, શ્રીફળ, સાકરનો પડો લઈને આવવું તે આપણી એમના પ્રત્યેની પ્રેમલક્ષણા ભક્તિ છે, મમત્વભાવ છે.
- ગુરુપૂર્ણિમાના મુખ્ય દિને અન્ય ઝોનના તમામ મુક્તોએ ઑનલાઇન લાભ લેવાનો રહેશે. તેમાં જ્યારે સૂચના આપવામાં આવે ત્યારે સૌ મુક્તોને વ્હાલા ગુરુજીના ઑનલાઇન પૂજનનો લાભ મળશે. એ માટે ચંદન વાટકી, તુલસીપત્ર તથા ફૂલનો હાર તૈયાર રાખવો.
- બાકી રહેલા તમામ ઝોનના મુક્તોને દયાળુ મૂર્તિ એવા વ્હાલા ગુરુજી નક્કી કરેલ તારીખો મુજબ ઝોનમાં પધારી દર્શનદાન આપી સૌને સુખિયા કરશે. સર્વે હરિભક્તોએ ગુરુજીને રાજી કરવા વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી. આ દિવસે આપના મિત્રવર્તુળ તથા સગાંસંબંધી સહિત પધારવા ભાવભર્યું નિમંત્રણ.

**અમદાવાદ, ગાંધીનગર તથા મુંબઈ ઝોન**

તા : ૧૦-૭-૨૦૨૫, ગુરુવાર • સમય : સવારે ૯થી ૧૨
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - વાસણા, અમદાવાદ

**પંચમહાલ ઝોન**

તા. ૧૩-૭-૨૦૨૫, રવિવાર • સમય : સવારે ૧૦થી ૨
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધર